સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૮૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# મિર્ઝાપુરમાં કાલકા એક્સપ્રેસ ટ્રેન હેઠળ ૮ મુસાફરો કચડાયા

## કાર્તિક પૂનમે ગંગાસ્નાન માટે જવા ચુનાર રેલવે સ્ટેશન પર ભીડ ઉમટતા ગંભીર ટ્રેન દુર્ઘટના

**મિર્ઝાપુર,તા.૦૫**

ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરમાં બુધવારે કાલકા એક્સપ્રેસ ટ્રેનથી ૮ શ્રદ્ધાળુઓ કપાઈ ગયા. આ અકસ્માતમાં ૬ મહિલાઓનાં મોત થઈ ગયા છે. ઘણા લોકો ઘાયલ થયા છે. આ દુર્ઘટના આજે સવારે ૯:૩૦ વાગ્યે ચુનાર રેલવે સ્ટેશન પર ઘટી હતી. ઘટના પછી સ્ટેશન પર અફરાતફરી મચી ગઈ.

અકસ્માત સવારે ૯:૩૦ વાગ્યે પ્લેટફોર્મ નંબર ૩ પર થયો. ચોપનથી પેસેન્જર ટ્રેન રેલવે સ્ટેશન પહોંચી. ટ્રેનમાં ભીડ હોવાને કારણે, કેટલાક શ્રદ્ધાળુઓ પ્લેટફોર્મ પર ન ઊતરતાં ટ્રેનની બીજી તરફના ટ્રેક પર ઊતરી ગયા. આ જ દરમિયાન, તેજ રફતારમાં કાલકા એક્સપ્રેસ તે ટ્રેક પરથી પસાર થઈ. યાત્રીઓ કંઈ સમજી શકે તે પહેલાં જ ૮ લોકો ટ્રેનની અડફેટમાં આવી ગયા.

આ દુર્ઘટના પછી રેલવે ટ્રેક પર લોહી જ લોહી ફેલાઈ ગયું. મૃતદેહોના કટકા થઈ ગયા. પોલીસે ટુકડાઓને એકઠા કરીને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા. મૃતકોમાંના મોટાભાગના શ્રદ્ધાળુઓ પૂનમના સ્નાન માટે ગંગા ઘાટ જઈ રહ્યા હતા. ઘટનાની જાણ થતાં જ રેલવેના સિનિયર અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં મોકલી દેવામાં આવ્યા છે.





# જીએસટી દર ઘટ્યો પણ અનેક ચીજ-વસ્તુઓના ભાવ યથાવત

## જીએસટી કપાતનો લાભ ગ્રાહકો સુધી નહીં પહોંચ્યો હોવાનો સર્વેમાં ખુલાસો

**નવી દિલ્હી,તા.૦૫**

કેન્દ્ર સરકારે નવરાત્રીના પ્રથમ દિવસે અંદાજીત ૪૦૦ જેટલી ચીજવસ્તુઓના જીએસટીમાં ઘટાડો કર્યો હતો તેનો દોઢ મહિનો થઈ ગયો હોવા છતાં અનેક ચીજોમાં ગ્રાહકોને જીએસટી ઘટાડાનો લાભ મળ્યો ન હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. કાર જેવી ચીજો પર જ મુખ્યત્વે લોકોને આ લાભ થયો છે.

લોકલ સર્કલ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેમાં એવુ બહાર આવ્યુ છે કે, રીટેઈલ દુકાનોમાં વેચાતા માલસામાન પર જીએસટી ઘટાડાનો લાભ મળ્યો નથી અને માત્ર કાર જેવી અમુક પ્રોડકટ-ચીજવસ્તુઓમાં જ ટેકસઘટાડા રૂપે કિંમતો ઘટી છે.

પેકેજડ ફુડ કેટેગરીને લાગેવળગે છે ત્યાં સુધી ૪૨ ટકા ગ્રાહકોએ એમ કહ્યું કે, કિંમતમાં કોઈ ઘટાડો નથી. જયારે ૩૩ ટકા લોકોએ આંશિક લાભ મળતો હોવાનું કહ્યું હતું. માત્ર ૧૩ ટકા લોકોએ સંપૂર્ણ લાભ મળતો હોવાનો દાવો કર્યો હતો.

દવાની કેટેગરીમાં પણ સમાન સ્થિતિ બહાર આવી છે. ૪૯ ટકા લોકોએ કિંમતમાં કોઈ ઘટાડો નહી થયાનો દાવો કર્યો છે. ૩૦ ટકા લોકોએ આંશિક ઘટાડો થયાનુ

અનુસંધાન પાના ૭ પર

# ટ્રમ્પને ઝટકો : ન્યુ યોર્કના મેયરની ચૂંટણીમાં ભારતીય મૂળના ઝોહરાન મમદાનીનો વિજય

## અમેરિકાના અન્ય બે રાજ્યોમાં પણ ડેમોક્રેટ્સ જીતતા ટ્રમ્પ યુગના અંતની શરૂઆત

**ન્યુ યોર્ક,તા.૦૫**

યુનાઈટેડ સ્ટેટ્સના રાજકરણમાં મોટા ફેરફારના સંકેતો જોવા મળી રહ્યા છે, ન્યૂ યોર્ક સિટીના મેયરની ચૂંટણીમાં ડેમોક્રેટીક પાર્ટીના ભારતીય મૂળના ઉમેદવાર ઝોહરાન મમદાનીની જીત થઇ છે, તેમણે અપક્ષ ઉમેદવાર એન્ડ્રુ કુઓમો અને રિપબ્લિકન કર્ટિસ સ્લિવાને હરાવ્યા. ઝોહરાન સમાજવાદી વિચારધારા સાથે જોડાયેલા છે, તેઓ ન્યુ યોર્કના પહેલા મુસ્લિમ મેયર બનાયા છે. ૩૪ વર્ષીય




ઝોહરાન ન્યુ યોર્ક સૌથી નાની ઉંમરના મેયર બન્યા છે, તેઓ હાલના મેયર એરિક એડમ્સનું સ્થાન લેશે.

ન્યુ યોર્કમાં ઝોહરાનની જીત ઉપરાંત વર્જિનિયા અને ન્યુ જર્સી રાજ્યોના ગવર્નરની ચૂંટણીમાં પણ ડેમોક્રેટિક પાર્ટીની મોટી જીત થઇ છે, આ ત્રણેય જીતને ટ્રમ્પના યુગની અંતની શરૂઆત માનવામાં આવે છે.

નોંધનીય છે કે ગઈ કાલે ૪

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકામાં શટડાઉન લાંબુ ચાલતા એક લાખ કરોડનો ફટકો

## ઘર ખર્ચ કાઢવા ૧૪ લાખ લોકોએ લોન લીધી

**વોશિંગ્ટન,તા.૦૫**

૧ ઓક્ટોબરથી શરૂ થયેલા યુએસ સરકારી શટડાઉનનો આજે ૩૬મો દિવસ છે. આ યુએસ ઈતિહાસનું સૌથી લાંબું શટડાઉન છે. અગાઉ, ૨૦૧૮માં રાષ્ટ્રપતિ ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન સરકાર ૩૫ દિવસ માટે બંધ રહી હતી.

ટ્રમ્પ હેલ્થ કેર પ્રોગ્રામની સબસિડી વધારવા તૈયાર નથી, તેના કારણે અમેરિકી સાંસદના ઉપલા સદન સીનેટમાં ફંડિંગ બિલ પાસ થઈ રહ્યું નથી. આ બિલ પર અત્યાર સુધી ૧૩ વખત વોટિંગ થઈ ગયું છે, પરંતુ દરેક વખતે બહુમત માટે જરૂરી ૬૦ મતથી ૫ મત ઓછા રહી ગયા.

શટડાઉનથી અર્થતંત્રને નોંધપાત્ર નુકસાન થઈ રહ્યું છે. કોંગ્રેસનલ બજેટ ઓફિસ (CBO) અનુસાર, નુકસાન પહેલાથી જ $૧૧ બિલિયન (આશરે ૧ લાખ કરોડ) સુધી પહોંચી ગયું છે. જો શટડાઉન ટૂંક સમયમાં સમાપ્ત નહી થાય, તો ચોથા ક્વાર્ટરમાં દેશનો GDP ૧% થી ૨% ઘટી શકે છે.

વોશિંગ્ટન સ્થિત બાયપાર્ટિસન પોલિસી સેન્ટર અનુસાર અત્યાર સુધીમાં ૬૭૦,૦૦૦ સરકારી કર્મચારીઓને રજા પર મોકલી દેવામાં આવ્યા છે, જ્યારે

અનુસંધાન પાના ૭ પર

# આવતીકાલે બિહારમાં ૧૨૧ બેઠકો પર યોજાશે મતદાન

## પ્રથમ તબક્કાના મતદાન અંગે જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા

**પટના,તા.૦૫**

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ચૂંટણી પ્રચાર ગઈકાલે સાંજે પૂર્ણ થયો હતો. હવે આવતીકાલે ૬ નવેમ્બરે ૧૮ જિલ્લાઓમાં ૧૨૧ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે, જ્યારે બીજા તબક્કાનું મતદાન ૧૧ નવેમ્બરે થશે અને ૧૪ નવેમ્બરે મતગણતરી થશે.

શાસક પક્ષે, ભાજપ અને જેડીયુ સાથે ભાગીદારીમાં એનડીએ, મુખ્યમંત્રી નીતિશ કુમારના ૨૦ વર્ષના કાર્યકાળ અને કેન્દ્રમાં મોદી સરકારના કાર્યકાળનો ઉલ્લેખ કરીને મતદારો પાસેથી સમર્થન માંગી રહ્યું છે.

બીજી તરફ, વિપક્ષી મહાગઠબંધન (આરજેડી-કોંગ્રેસ)નું પ્રતિનિધિત્વ કરતા તેજસ્વી યાદવ અને રાહુલ ગાંધીએ બેરોજગારી, મોંઘવારી અને સુશાસનના મુદ્દાઓ પર એનડીએ પર નિશાન સાધ્યું છે. તેજસ્વીએ તેમના "બિહાર કા તેજસ્વી પ્રણવ" દ્વારા યુવાનો અને ખેડૂતોને રોજગાર અને વિકાસનું વચન આપ્યું છે.

રાજ્યમાં કુલ ૭૪.૨ મિલિયન મતદારો છે, જેમાં ૩૯.૨ મિલિયન પુરુષો, ૩૫ મિલિયન મહિલાઓ અને ૧.૪ મિલિયન પહેલી વાર ચૂંટણી લડનારા મતદારોનો સમાવેશ થાય છે. મતદાન અંદાજે ૯૦,૭૧૨ મતદાન મથકો પર થશે. બિહારનું રાજકારણ હવે ૬ નવેમ્બરના રોજ મતદારોના નિર્ણયની રાહ જોઈ રહ્યું છે.

આ વર્ષની અંતિમ તથા આગામી વર્ષમાં યોજાનારી મહત્વના વિપક્ષ શાસનના રાજયોની ધારાસભા ચૂંટણીઓ માટે નિર્ણાયક બિહાર

અનુસંધાન પાના ૭ પર

# આઠમાં વેતન પંચનું ગેજેટ નોટીફીકેશન જાહેર કરાયું

## ટર્મ ઓફ રેફરન્સ તથા સભ્યોના નામો ગેઝેટમાં પ્રસિધ્ધ

**નવી દિલ્હી,તા.૦૫**

કેન્દ્ર સરકારે આઠમા કેન્દ્રીય પગારપંચની શરતોને ઔપચારિક મંજુરી આપી દીધી છે. નાણા મંત્રાલયે ૬ નવેમ્બરે પંચની ટર્મ્સ ઓફ રેફરન્સ અને સભ્યોમા નામોનું ગેજેટ નોટિફીકેશન જાહેર કરી દીધું છે. ૮માં પગારપંચની શરતોને ઔપચારિક મંજુરી અપાઈ છે. ૧ જાન્યુઆરી ૨૦૨૬થી લાગુ થશે અને ૫૦ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬૯ લાખ પેન્શનર્સને ફાયદો થશે.

પંચના અધ્યક્ષ ન્યાયમૂર્તિ રંજના પ્રકાશ દેસાઈ રહેશે. પંકજ જૈન સદસ્ય-સચિવ અને પ્રોફેસર પુલક ઘોષ પાર્ટ ટાઈમ સભ્ય નિયુક્ત કરવામાં આવ્યા છે. આઠમા પગાર પંચના ક્ષેત્રમાં કોણ કોણ હશે: કેન્દ્ર સરકારના બધા ઔદ્યોગીક અને બિન ઔદ્યોગીક કર્મચારીઓ આઠમા પગાર પંચના ક્ષેત્રમાં હશે.

આ ઉપરાંત ઓલ ઈન્ડિયા સર્વીસ (આઈએએસ, આઈપીએસ, આઈએફએસ વગેરે) અધિકારી, રક્ષા દળોના કર્મી, કેન્દ્ર શાસીત પ્રદેશોના કર્મચારી ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષ વિભાગ (સીએમ)ના અધિકારી સંસદ દ્વારા રચિત રેગ્યુલેટરી બોડીઝ

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકામાં ટેકઓફ સાથે જ કાર્ગો પ્લેન તૂટી પડતા ૭નાં મોત

## અમેરિકામાં અમદાવાદ જેવી પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ૮ ઘાયલ

**વોશિંગ્ટન,તા.૦૫**

બુધવારે કેન્ટુકીના લુઈસવિલેમાં અમદાવાદમાં થયેલા પ્લેન ક્રેશ જેવું જ એક કાર્ગો વિમાન ક્રેશ થયું. આ અકસ્માતમાં ૭ લોકોનાં મોત થયાં છે, જયારે ઓછામાં ઓછા ૮ લોકો ઘાયલ થયા છે.

ફેડરલ એવિએશન ઓથોરિટી અનુસાર, UPS ફ્લાઇટ ૨૯૭૬એ મુહમ્મદ અલી ઈન્ટરનેશનલ એરપોર્ટથી હવાઈના હોનોલુલુમાં ડેનિયલ ઈનોયે ઈન્ટરનેશનલ એરપોર્ટ માટે ઉડાન ભરી હતી.

FAAએ અહેવાલ આપ્યો છે કે આ અકસ્માત સાંજે ૫:૧૫ વાગ્યે (સ્થાનિક સમય) થયો હતો. એરપોર્ટની દક્ષિણમાં ગાઢ ધુમાડો અને જ્વાળાઓ જોવા મળી હતી. સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં તીવ્ર જ્વાળાઓ અને કાટમાળ જોવા મળ્યો હતો.



પોલીસે એરપોર્ટની ૮ કિમી ત્રિજ્યામાં રહેતા લોકોને ઘરની અંદર રહેવાનો આદેશ આપ્યો છે. એરપોર્ટને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું છે.

લુઈસવિલે પોલીસએ જણાવ્યું હતું કે ઘટનાસ્થળે હજુ પણ આગ અને કાટમાળ છે. પ્રારંભિક તપાસ સૂચવે છે કે આગ ૨૦૧૦ની યુપીએસ ફ્લાઇટ ૬ના અકસ્માતની જેમ જ વિમાનમાં લિથિયમ બેટરીને કારણે લાગી હોઈ શકે છે.

યુપીએસે જણાવ્યું હતું કે વિમાનમાં ત્રણ ક્રૂ-સભ્ય હતા. હજુ સુધી કોઈ ઈજા કે જાનહાનિની પુષ્ટિ થઈ નથી.

# ઈન્ડોનેશિયામાં સુલાવેસી ટાપુ પર ૬.૨નો ધરતીકંપ

## શક્તિ શાળી ભૂકંપ છતાં કોઇ જાનહાની નથી

**સુલાવેસી,તા.૦૫**

ઈન્ડોનિશિયાના સુલાવેસી દરિયા કાંઠે બુધવારે (૫ નવેમ્બર) વહેલી સવારે ૬.૨ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ જોરદાર ભૂકંપ વિશે દેશના ભૂસ્તરશાસ્ત્રી એજન્સી દ્વારા માહિતી આપવામાં આવી છે. એજન્સીના જણાવ્યા અનુસાર, ઈન્ડોનિશિયાના સુલાવેસી તટ પર બુધવારે વહેલી સવારે ૬.૨ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જોકે, આ ભૂકંપની કોઈ સુનામીનું જોખમ નથી.

મળતી માહિતી મુજબ, ભૂકંપનું કેન્દ્ર સુલાવેસી ટાપુના કિનારે સમુદ્રમાં હતું અને તેની ઊંડાઈ હજુ સુધી સ્પષ્ટ થઈ નથી. જોકે, પ્રારંભિક અહેવાલો સૂચવે છે કે, દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂકંપનો આંચકો હળવો અનુભવાયો હતો, પરંતુ કોઈ મોટું નુકસાન કે જાનમાલનું નુકસાન થયું નથી. તેથી તંત્ર દ્વારા સ્થાનિક રહેવાસીઓને સતર્ક રહેવા વિનંતી કરી છે.

ઈન્ડોનેશિયા ('રિંગ ઑફ ફાયર' તરીકે ઓળખાતા ભૂકંપ અને જ્વાળામુખીની પ્રવૃત્તિના ક્ષેત્રમાં સ્થિત) વારંવાર ભૂકંપથી પ્રભાવિત થાય છે. સપ્ટેમ્બર ૨૦૧૮ માં, સુલાવેસીમાં ૭.૫ ની તીવ્રતાનો ભૂકંપ અને સુનામી આવ્યો, જેના કારણે ભારે વિનાશ થયો અને

અનુસંધાન પાના ૭ પર

# છત્તીસગઢ ટ્રેન દુર્ઘટનામાં વધુ ત્રણ મુસાફરોનાં મોત

## કુલ ૧૧ના મોત અને ૧૭ મુસાફરો સારવાર હેઠળ

**બિલાસપુર,તા.૦૫**

ગઈ કાલે મંગળવારે સાંજે છત્તીસગઢના બિલાસપુર સ્ટેશન નજીક એક MEMU (મેઈનલાઈન ઈલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ) ટ્રેન અને માલગાડી સાથે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ૧૧ મુસાફરોના મોત થયા છે અને ૨૦થી વધુ ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતના દ્રશ્યોમાં જોઈ શકાય છે કે મેમુ ટ્રેનનો એક ડબ્બો માલગાડીના ડબ્બાની ઉપર ચડી ગયો છે, જેનાથી આ અકસ્માત કેટલો ભયંકર હતો એનો અંદાજ લગાવી શકાય છે.

અહેવાલ મુજબ આ અકસ્માત સાંજે ૪ વાગ્યાના અરસામાં બન્યો હતો, MEMU પેસેન્જર ટ્રેન કોરબા જિલ્લાના ગેવરાથી બિલાસપુર જઈ રહી હતી, ત્યારે માલગાડી પાછળ અથડાઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે મેમુ પેસેન્જર ટ્રેનનો એક કોચ માલગાડીના વેગન પર ચડી ગયો હતો. મૃતકોમાં મેનુ ટ્રેનના લોકો પાયલોટનો સમાવેશ થયા છે.

અકસ્માતની જાન થતા જ રેલ્વે અધિકારીઓ, સ્થાનિક વહીવટીતંત્ર અને NDRFની રેસ્ક્યુ ટીમો ઘટનાસ્થળે આવી પહોંચી હતી. મેડિકલ ટીમો અને એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી હતી, ડોકટરોએ ઘટનાસ્થળે જ ઘાયલોની સારવાર શરુ કરી હતી અને ત્યાર બાદ ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતાં.

અકસ્માતને કારણે ઓવરહેડ ઈલેક્ટ્રિક વાયરિંગ અને સિગ્નલિંગ

અનુસંધાન પાના ૭ પર

# મહાદેવ ભારતી બાપુ ઈટવા ઘોડી જંગલમાંથી મળી આવ્યા


## જૂનાગઢ ભારતી આશ્રમના મહામંડલેશ્વરને ૮૦ કલાક બાદ ૩૦૦ જવાનોએ શોધી કાઢ્યા

**જૂનાગઢ,તા.૦૫**

૮૦ કલાક બાદ ભારતી આશ્રમના મહામંડલેશ્વર મહાદેવ ભારતી બાપુ ઇટવા ઘોડી જંગલ વિસ્તારમાંથી મળ્યા છે. મહાદેવ ભારતી બાપુને સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા છે.

અગાઉ ભારતી આશ્રમના મહામંડલેશ્વર મહાદેવ ભારતી બાપુના ગુમ થવાના મામલાએ સમગ્ર ગુજરાતમાં ચકચાર જગાવી હતી. બાપુએ લખેલી સુસાઈડ નોટ મળ્યા બાદ જૂનાગઢ પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા તેમને સહીસલામત શોધવા માટે ગીરનારના જંગલમાં એક વિશાળ સર્ચ ઑપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

આ ઑપરેશનમાં પોલીસની ૮ ટીમો તહેનાત કરવામાં આવી હતી. તેમાં કુલ ૩૦૦થી વધુ કર્મચારીઓ જોડાયા હતા, જેમાં ૨૪૦થી વધારે પોલીસ સ્ટાફ, ૪૦થી વધુ SDRFના જવાનો અને ૩૦થી વધુ વન કર્મચારીઓ હતા. જટાશંકર મંદિરના વિસ્તાર પાસેથી આ સર્ચ ઑપરેશન શરૂ કરવામાં આવ્યું હતું અને તમામ ટીમોને સંકલન જાળવવા માટે વોકીટોકી આપવામાં આવ્યા હતા.



અનુસંધાન પાના ૭ પર



# સુરતના વિવિધ પ્રોજેક્ટ નિહાળી રાજસ્થાનનું ડેલીગેશન પ્રભાવિત

## સુરત મહાનગર પાલિકાની મુલાકાત સફળ ગણાવતુ પ્રતિનિધિ મંડળ

સુરત, તા.૫

આજરોજ રાજસ્થાનના ડિપાર્ટમેન્ટ ઓફ લોકલ ગવર્મેન્ટ, ગવર્મેન્ટ ઓફ રાજસ્થાન ના જયપુર નગર નિગમના કમિશનર શ્રી ગૌરવ સૈની IAS (સમિતિ અધ્યક્ષ) સહિત ૧૧ સભ્યોનું ડેલીગેશન, સુરત મહાનગરપાલિકા ની મુલાકાતે આવેલ. જેમાં માનનીય મ્યુનિસિપલ કમિશનર શ્રીમતિ શાલિની અગ્રવાલ, IASની અધ્યક્ષતામાં સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ સહિત ICCC ખાતે સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગોનું પ્રેઝન્ટેશન સાથે મીટીંગ નું આયોજન કરવામાં આવેલ.

જેમાં માન.કમિશનરશ્રી દ્વારા ખાસ કરીને e-ગવર્નનન્સ,ટાઉન પ્લાનિંગ એન્ડ ડેવલોપમેન્ટ,રી-ડેવલોપમેન્ટ ઓફ હાઉસિંગ સ્કીમ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સોલાર પાવર, વિન્ડ પાવર, તાજેતરમાં બહાર પાડેલ મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ આઈપીઓ, અને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કરવામાં આવતી કામગીરીઓનું સદર ડેલીગેશન સાથે ખૂબ જ વિસ્તારથી ચર્ચાઓ કરવામાં આવી હતી. સુરત મહાનગરપાલિકાની આ સમગ્ર માહિતીથી ડેલીગેશનના સભ્યો ખુબજ પ્રભાવિત થવાની સાથે સાથે તેઓની આ મુલાકાતને ખૂબ સફળ ગણાવી હતી.

# દામકાના હરીજનવાસ સ્મશાન ભૂમિમાં જેસીબી ફેરવાતા બબાલ

## દાટેલા શબો બહાર નિકળી જવાની દહેશતને પગલે ઝઘડો થતા મામલો પોલીસમાં

સુરત, તા.૫

દામકા ગામ હરિજનવાસ માં રહેતા ગિરીશભાઈ અમરતભાઈ સુરતી તેમજ તેમના ધર્મપત્ની જયાબેન ગિરીશભાઈ સુરતી હાલમાં ગામ દામકા પંચાયત સભ્ય એ અગાઉ ત્રણ વર્ષ પેહલા દામકા હરિજનવાસ સ્મશાનભૂમિ ના બાવળો વેચી એમાંથી ઉપજાવ રકમ એક લાખ રૂપિયા જેવી રકમ હરિજનવાસ ની સહભાગી જમીન માંથી લાકડાના પૈસા ઉપજાવેલા હતા જેમાં બધા ની ટેલિફોનીક સહમતિ લીધી હતી કે આ લાકડાના પૈસા માંથી માપણી કરી ને તાર ફેન્સિંગ કરાવીશું પરંતુ એ વાત ને ત્રણ વર્ષ વીતી ગયાં પછી પણ એ કરેલ નહીં, તારીખ ૨/૧૧/૨૫ ના રોજ જેસીબી બોલાવી કોઈ ને પણ જાણ કર્યા વગર ત્યાં લેવલ કરવાનું કામ કરવા લાગેલ પરંતુ લેવલ કરવાથી જે પૂર્વજો દફનાવેલ હોય એ બહાર નીકળી જવાનો ભય હતો,બાજુમાં રહેતા દલપતભાઈ કેશવભાઈ સુરતી નાઓ એ એમ કરવા ના કહેલ તો ગિરીશભાઈ તેમજ તેમની પત્ની ખુબજ ઉગ્ર થયેલ કોહિતા જેવા ઘાતક હથિયાર લઈ ગાળો દઈ હુમલો કરવા તત્પર હતા પરંતુ દલપતભાઈ એ ઇચ્છાપોર પોલીસ સ્ટેશનમાં જાણ કરેલી ઈચ્છાપોર પોલિસે તાત્કાલિક ધોરણે મામલો શાંત પાડવા ગીરીશભાઈ સુરતીની અટકાયત કરી હતી.



# ભાડભૂત બેરેજ યોજનાના અસરગ્રસ્ત ખેડૂતોની દેવ દીવાળી સુધરી ગઈ

## ડૂબાણની જમીનના પણ 'સંમતિ એવોર્ડ' જાહેર કરાતા સ્થાનિક ખેડૂતો માટે ખુશી

અંકલેશ્વર, તા.૫

ભરૂચ –મંગળવાર - ખેડૂતોના હિત માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજય સરકારે ભરૂચ જિલ્લાના ભાડભૂત બેરેજના અસરગ્રસ્ત ખેડૂતો માટે ખેડૂતલક્ષી મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકાર સંપૂર્ણ કિસાન હિતલક્ષી અભિગમની નેમ રાખે છે. ત્યારે જિલ્લા વહીવટીતંત્રએ જમીન સંપાદનની પ્રક્રિયા વધુ સરળ અને પારદર્શિ બનાવી ખેડૂતોનું હીત જાળવ્યું છે.

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના ૬ ગામોની કુલ ૮૧૯ હેક્ટર જમીનના સંપાદન માટે, ખેડૂત હિત સર્વોપરી ન્યાયે સરકારે ખેડૂતોની સંમતિથી જમીન મેળવવા માટે, બજાર કિંમત કરતાં પણ વધુ' સંમતિ એવોર્ડ' ભાવો જાહેર કર્યા છે. જ્યાં અંદાજિત ૫ હજાર કરતા પણ વધુ ખેડૂતોને લાભ થશે.

ખેડૂતો પ્રત્યેની સંવેદના દાખવતાં અંકલેશ્વર તાલુકાના બોરભાઠા, બોરભાઠાબેટ, સક્કરપોર, સરફુદીન, તરીયા અને ધંતુરીયા ગામો માટે સરકારે હયાત જમીન માટે અને ડૂબાણની જમીનના પણ' સંમતિ એવોર્ડ' જાહેર કરતા સ્થાનિક ખેડૂતો માટે દેવ દીવાળી ખરા અર્થમાં સાર્થક બની છે.

જિલ્લા વહીવટીતંત્રની આગેવાનીમાં 'સંમતિએવોર્ડ' હેઠળ ઉચ્ચભાવો આપવા ઐતિહાસિક અને ઉદાર નિર્ણયના કારણે ખેડૂતોની દેવ દીવાળી સુધરી છે. તંત્રની અસરકારક કાર્યવાહીના પરિણામે, ખેડૂતોને ધારણા કરતા વધુ વળતર આપીને જમીન સંપાદન માટે સર્વોત્તમ 'સંમતિ એવોર્ડ' ભાવો જાહેર કરી ખેડૂતોના જીવનમાં સમૃદ્ધિ લાવવાનું અને સરકારની ખેડૂતલક્ષી નીતિનો સ્પષ્ટ સંદેશ સરકારે આપ્યો છે.

ભાડભૂત બેરેજ યોજના માત્ર એક પ્રોજેક્ટ નથી, નર્મદાના મીઠા પાણીને વેડફાતું અટકાવીને, ભરૂચ-અંકલેશ્વર વિસ્તારને દરિયાની ખારાશથી બચાવવા, મીઠા પાણીનો સંગ્રહ કરવા અને કૃષિ તેમજ ઉદ્યોગોને નવજીવન આપવા માટેનો સંજીવની સમાન મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ છે. ત્યારે તમામ અસરગ્રસ્ત ખેડૂતભાઈ-બહેનોને વિનંતીછે કે, તેઓ રાષ્ટ્રહિત અને પોતાના આર્થિક હિતને ધ્યાનમાં રાખીને વહેલી તકે સંમતિ કરાર કરે અને આ વિશેષ વળતર યોજનાનો વહેલી તકે લાભ લે.

### વધુ રકમ મળતા ખુશી વ્યક્ત કરતા ઠાકોર પટેલ

અંકલેશ્વર તાલુકાના નવા હરિપુરા સજોદ ગામના રહેવાસી ઠાકોરભાઈ પરસોત્તમભાઈ પટેલએ રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્રની પ્રશંસા કરતા જણાવ્યું કે, "ભાડભૂત બેરેજમાં અમારી જમીન સંપાદિત થઈ. તંત્રની સંપૂર્ણ કામગીરી પારદર્શી હતી જેથી 'સંમતિ એવોર્ડ'ના પૈસા તરત જ અમારા ખાતામાં જમા થઈ ગયા. સૌથી મહત્વની વાતએ છે કે, અમારી ધારણા કરતાં પણ વધારે રકમ મળી છે! આ માટે હું રાજ્ય સરકાર અને વહીવટીતંત્રનો હ્રદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું."


# અદાણી એન્ટરપ્રાઇઝના પ્રથમ અર્ધવાર્ષિક પરિણામો જાહેર

## એકીકૃત કર પહેલાનો નફો PBT રૂ. ૨,૨૮૧ કરોડ

સુરત, તા.૫

અદાણી ગ્રુપની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઇઝ લિ.(AEL) એ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા બીજા ત્રિમાસિક ગાળાના પરિણામો આજે જાહેર કર્યા હતા..

અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ આ પરિણામો અંગે જણાવ્યું હતું કે .આ સમય દરમિયાન AELએ મોટા પાયે વિવિધ પ્રકલ્પોના સમયસર અમલીકરણની તેની મુખ્ય શક્તિને ઉજાગર કરી છે. ગ્રીનફિલ્ડ નવી મુંબઈ એરપોર્ટને ખુલ્લું મૂકવા અને તેના ૭મા માર્ગનાપ્રકલ્પનું સંપ્પન થવું એ કંપનીના સ્કેલ અને અમલીકરણ પરના મૂળભૂત લક્ષ્યની પ્રતિતી કરાવે છે. દરેક આ નવા સીમાચિહ્નો અમારા વૈવિધ્યસભર મોડેલને પ્રચંડ તાકાતવાન બનાવે છે આંતર રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં મહત્વની માળખાકીય સુવિધાઓ પહોંચાડવાની અમારી પ્રતિબદ્ધતાની પુન:પુષ્ટી કરે છે. તેમણે કહ્યું હતું કે ઉભરતા મુખ્ય માળખાકીય વ્યવસાયોએ વાર્ષિક ધોરણે ૫% ના વધારા સાથે રૂ.૫,૪૭૦ કરોડનો અર્ધવાર્ષિક EBITDA નોંધાવ્યો છે અને હવે તે કુલ EBITDAમાં ૭૧% ફાળો આપે છે. "શિસ્તબદ્ધ અમલીકરણ અને વ્યૂહાત્મક વૈવિધ્યકરણ સાથે અદાણી એન્ટરપ્રાઇઝ લિ. ભારતની પરિવર્તનશીલ માળખાગત સવલતો અને ઊર્જા વ્યવસાયોના અગ્રણી ઈન્ક્યુબેટર તરીકે તેની સ્થિતિ અવિરત મજબૂત કરવાના માર્ગે આગળ વધી રહી છે. શ્રી ગૌતમ અદાણીએ ઉમેર્યું હતું કે નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું ઉદ્ઘાટન એ ભારતની માળખાગત સુવિધાની સાફલ્ય ગાથામાં એક નિર્ણાયક ક્ષણ બનવા સાથે રાષ્ટ્રની વિકાસ પ્રવૃત્તિના ઉત્પ્રેરક તરીકે AELની ભૂમિકાને શક્તિશાળી બનાવે છે.



# સાપુતારા ખાતે ગુજરાત સ્ટેટ દ્વારા એથલેસ્ટિક સ્પર્ધાનું આયોજન કરાયું

સુરત, તા.૫

ગુજરાત સ્ટેટ માસ્ટર ખેલકૂદ મંડળ દ્વારા સાપુતારા ખાતે એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની સ્પર્ધા નું આયોજન થયું હતું જેમાં સુરત મહાનગરપાલિકાના નિવૃત્ત કર્મચારી રામદાસ ટંડેલ ૫૦૦૦ આર. મીટરમાં વોકિંગ સ્પર્ધામાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી દ્વિતીય સ્થાન મેળવ્યું હતું દ્રિતીય વિજેતા રામદાસ ટંડેલ ને રાજ્યકક્ષાના રમત ગમતના માનનીય મંત્રી જયરામભાઈ ગામીત ના તથા એસોસિએશન ના ઉપાધ્યક્ષ ના હસ્તે પ્રમાણપત્ર અને ટ્રોફી અને કરવામાં આવ્યા.

# આજે ગુરુનાનક જન્મ જયંતિ

ગુરુ નાનક સાહેબનો જન્મ કારતક સુદ પૂનમ સંવત ૧૫૨૬ (ઇ.સ.૧૪૬૯, ૧૫ નવેમ્બર)માં હાલ પાકિસ્તાનમાં છે તે તલવંડી ગામમાં થયો હતો, આજે એ ગામ નનકાણા સાહેબ તરીકે ઓળખાય છે. પિતાનું નામ કલ્યાણદાસ ખત્રી જે બેદી કુળના હતા. માતા ત્રિપ્તાદેવી અને એક મોટી બહેન હતી નાનકી. નાનકનો જન્મ થતાં દાયણ દૌલતાં આનંદવિભોર થઇ ગઇ. મહેતા કલ્યાણદાસને વધાઇ આપતાં બોલી, 'તમારે ત્યાં કોઇ અવતારી પુરુષનો જન્મ થયો છે. હું તો તેનાં દર્શનથી જ નિહાલ થઇ ગઇ.' ચારે તરફ આનંદ છવાઇ ગયો.

**તેમનો મુખ્ય ઉપદેશ!:**

**કિરત કરોઃ** પરિશ્રમ કરી કમાઓ. ૫ વહેંચીને ખાઓ અને જરૂરિયાત વાળાને દાન કરો. ૫ નામ જપો અને પ્રભુભકિત કરો. ૫ સત્કર્મ કરો ૫ ઇશ્વર એક છે આપણે સૌ તેમનાં સંતાન છીએ. ૫ સમગ્ર જીવસૃષ્ટિ પ્રાણીમાત્ર પ્રત્યે દયાભાવ રાખો. ૫ સાદું અને પવિત્ર જીવન જીવો. ૫ તેમના શિષ્યો જ સિકખ કે શીખ કહેવાયા. તેમના પરમજયોતિમા લીન થવા વિશે એવી વાયકા છે કે ઇ.સ.૧૫૩૯ બાવીસમી સપ્ટેમ્બર, ભાદરવા વદ દસમે તેમણે સ્વેરછાએ દેહત્યાગ કર્યો. હિન્દુ-મુસ્લિમ બંને કોમના શ્રદ્ધાળુઓ ખૂબ વ્યથિત થયા. સાથે મતભેદ પેદા થયો. હિન્દુ તેમના અંતિમ સંસ્કાર કરવા માગતા હતા જયારે મુસ્લિમ તેમને દફનાવવા માગતા હતા પણ જયારે ચાદર હટાવવામાં આવી તો ચાદર નીચે માત્ર સફેદ ફૂલોનો ઢગલો હતો!

"વાહે ગુરુ કા ખાલસા"! "વાહે ગુરુ કી ફતેહ"! ( "વિજય ભગવાનનો છે."!) આ એક શીખ સૂત્ર અને શુભેચ્છા છે જે જણાવે છે કે ખાલસા (શુદ્ધ અને સાચા લોકો) અને તેમની જીત સહિત બધું જ ભગવાનનું છે! વાહે ગુરુઃ!(ભગવાનનું નામ!)ખાલસાઃ "ખાલિસ" (શુદ્ધ, સાચા) શબ્દ પરથી ઉતરી આવ્યું છે અને તેનો અર્થ "શુદ્ધ" થાય છે. તે એવા શીખોનો ઉલ્લેખ કરે છે જેમણે ગુરુ ગોવિંદ સિંહ દ્વારા શરૂ કરાયેલ પવિત્ર અમૃત સમારોહ પૂર્ણ કર્યો છે. તેનો અર્થ "સત્યના માર્ગ પર ચાલનાર" પણ થઈ શકે છે.

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો ૯૪૨૭૮ ૩૧૨૧૩**

# આગામી તા.૧૩મીએ સુરત જિલ્લામાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન

## તા.૬ નવેમ્બરના રોજથી પક્ષકારોને સમાધાન માટે હાજર રહેવા અનુરોધ

સુરત, તા.૫

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળના નિર્દેશાનુસાર રાજ્ય સહિત સુરત જિલ્લામાં આગામી તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ વર્ષ ૨૦૨૫ની આખરી રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે. જેમાં ક્રિમીનલ કંમ્પાઉન્ડબેલ, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ(કલમ ૧૩૮), બેંક નાણા વસુલાત, મોટર અકસ્માત, લેબર ડિસ્પ્યુટ, વોટર અને ઈલેક્ટ્રીસિટી બિલ(બિનસમાધાન પાત્ર સિવાયના), ક્રિમીનલ કંમ્પાઉન્ડેબલ, લગ્ન વિષયક તકરાર, લેન્ડ એક્વીઝીશન, સર્વિસ મેટર (પગાર, ભથ્થા અને નિવૃતિ લાભો સબંધિત), રેવન્યુ કેસો, અન્ય સિવીલ કેસો (રેન્ટ, ઈઝમેન્ટરી રાઈટસ, મનાઈ હુકમના દાવા, સ્પે. પર્ફોમન્સના દાવા) વિગેરે પ્રકારના કેસો મૂકવામાં આવનાર છે. ઉલ્લેખનીય છે કે, પાછલી બે લોક-અદાલતમાં સુરતને ઐતિહાસિક સફળતા મળી હતી. ૭૦ હજાર જેટલી ચેક પરતની ફરિયાદોનું સમાધાન અગાઉની લોક અદાલતોમાં કરાયું છે.

લોક-અદાલતને સફળ બનાવવા સમગ્ર જિલ્લામાં લોક-અદાલત થકી મહત્તમ કેસોમાં ખાસ કરીને ચેક રિટર્નની ફરિયાદ તથા મોટર અકસ્માત વળતરના કેસોમાં ત્વરિત સમાધાન થાય તે માટે વિગતવાર એકશન પ્લાન અમલી બનાવાયો છે, તથા અનુભવી અને નિષ્પક્ષ મધ્યસ્થીની નિમણૂંક થકી પક્ષકારો વચ્ચે લોક-અદાલત અગાઉ સમાધાનની મિટીંગ થાય તે અંગે વ્યવસ્થતા ઉભી કરાઈ છે. લોક અદાલતમાં આર્થિક દાવાનાં કેસોમાં તા.૦૬/૧૧/૨૦૨૫ના રોજથી પક્ષકારોને સમાધાન માટે હાજર રહેવા અંગેની નોટિસ ઈસ્યુ કરવામાં આવી છે. લોક અદાલતનો મહત્તમ લાભ લેવા પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જજ રાહુલ ત્રિવેદી દ્વારા અનુરોધ કરાયો છે.

# સાવરકુંડલામાં ધર્મ, સંસ્કૃતિ અને સેવાનો અનોખો ત્રિવેણી સંગમ

## તુલસી વિવાહ પ્રસંગે રેકોર્ડબ્રેક રક્તદાન અને ૮૬૫ અંગદાન સંકલ્પ પત્રો ભરાયા



સુરત, તા.૫

સાવરકુંડલા શહેરમાં કે. કે. હાઈસ્કૂલ પાસે, નદી પટાંગણમાં આવેલા તાત્કાલિક હનુમાનજી આશ્રમ ખાતે ધર્મ, સંસ્કૃતિ અને માનવસેવાના સુંદર સમન્વય સાથે ખૂબ જ ભવ્ય અને દિવ્ય તુલસી વિવાહ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો.

સાંજના ૬:૩૦ કલાકે તુલસી વિવાહના શુભ મુહૂર્ત સાથે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનો પ્રારંભ થયો હતો. કાર્યક્રમની શરૂઆત ભજન-કિર્તન, ભક્તિ ગીતો અને લોકસાહિત્યની વાતોથી ભરપૂર લોક ડાયરાથી કરવામાં આવી હતી, જેમાં ઉપસ્થિત તમામ ભાવિકો મંત્રમુગ્ધ થયા હતા. આ ધાર્મિક પ્રસંગે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા દ્વારા મેહુલભાઈ વ્યાસના સહયોગથી મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ખૂબ મોટી સંખ્યામાં નગરજનોએ રક્તદાન કર્યું હતું. આ ઉપરાંત, જીવનને પ્રજવલિત રાખવા માટેના મહાદાન સ્વરૂપ ચક્ષુદાન, દેહદાન અને અંગદાન સંકલ્પ પત્રો ભરવાની વ્યવસ્થા પણ સ્થળ પર કરવામાં આવી હતી. આ અવિસ્મરણીય પ્રસંગે રેકોર્ડ બ્રેક ૮૬૫ જેટલા સંકલ્પ પત્રો ભરાયા હતા, જે સાવરકુંડલા શહેરની સેવા ભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે.

વિવાહના આનંદ અને ઉત્સાહ સાથે, પરમ પૂજ્ય મસા પીર બાપુ, મોમાઈ માતાજી મંદિર નાના ઝીંઝુડા તરફથી સમગ્ર સાવરકુંડલા શહેરને ધુમાડાબંધ ભોજન (મહાપ્રસાદ)

**અનુસંધાન પાના ૭ પર**




# સુરત મનપા દ્વારા બાળ સુરક્ષા વલ્નરેબિલિટી મેપિંગ વર્કશોપ

## સુરત શહેરના તમામ વોર્ડમાં હોટ સ્પોટ સ્તરે કામગીરી કરાશે

સુરત, તા.૫

ગત રોજ ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર , સુરત ખાતે ચાઈલ્ડ-ફ્રેન્ડલી સિટી પહેલ હેઠળ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને UNICEF ના સંયુક્ત પ્રયાસોથી UHCRCE ધ્વારા અમલીકરણ કરવામા આવતુ બાળ સુરક્ષા વલ્નરેબિલિટી મેપિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો મુખ્ય હેતુ સુરત શહેરમાં બાળકોની સુરક્ષા અને કલ્યાણ સંબંધિત પડકારો અને જોખમોને ઓળખવા ઉપરાંત ઝોન અને સમુદાય સ્તરે હિસ્સેદારો વચ્ચે સમજૂતી અને સંકલિત દૃષ્ટિકોણ વિકસાવવાનો હતો. કાર્યક્રમમાં SMC હેલ્થ વિભાગ, ICDS વિભાગ, શહેરના એકેડેમિશ્યન નિષ્ણાતો, NGOs/CSOs તેમજ UNICEF Child Protection ટીમે સક્રીય ભાગ લઈ ચર્ચા અને દૃષ્ટિકોણ રજૂ કર્યો. સુરત મહાનગર પાલિકા કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલે આ વર્કશોપમાં જોડાયેલા તમામ હિસ્સેદારોની પ્રતિબદ્ધતા અને પ્રયત્નોની પ્રશંસા કરી. તેમણે સુરતને બાળકો માટે વધુ સુરક્ષિત, સંવેદનશીલ અને અનુકૂળ શહેર તરીકે વિકસાવવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી અને આગલા તબક્કામાં વોર્ડ અને હોટસ્પોટ સ્તરે મૅપિંગ તથા શહેર વ્યાપી કાર્ય યોજના અમલ માટે માર્ગદર્શક દિશાઓ આપી. આ પહેલની શરૂઆત ઉધના ઝોન થી કરવામાં આવી છે. વર્કશોપમાં બાળ સુરક્ષા સંબંધિત જોખમો, તેમના મૂળભૂત કારણો, તેમજ સંભવિત ઉકેલોની દિશામાં કાર્યપદ્ધતિ પર ચર્ચા કરવામાં આવી. અનુભવ મૅપિંગ, "રૂટ્સ ટુ રિઝલ્ટ્સ" (પ્રોબ્લેમ ટ્રી એનાલિસિસ) તથા ચાઇલ્ડ પ્રોટેક્શન વલ્નરેબિલિટી મેપિંગ જેવી પદ્ધતિઓનો ઉપયોગ કરીને પ્રાથમિક દિશા-નિર્ધારણ હાથ ધરવામાં આવ્યું. આ પહેલ સુરત શહેરને બાળ-કેન્દ્રિત યોજના, સુરક્ષા મકેનિઝમ અને શહેરવ્યાપી સંવેદનશીલતા મજબૂત કરતી દિશામાં એક મહત્વપૂર્ણ અને કારગર પગલું નિવડશે.

# પ્રાકૃતિક ખેતીથી મરચાં ઉગાડવાની રીત

## પર્યાવરણીય સંરક્ષણ, જમીનની ફળદ્રુપતા જાળવવા માટે પણ પ્રાકૃતિક ખેતી ખૂબ જ મહત્વપૂર્ણ

સુરત, તા.૫

પ્રાકૃતિક ખેતીથી મરચાં ઉગાડવાની એક પદ્ધતિ છે જેમાં જમીનની ફળદ્રુપતા વધારવા, રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ ટાળવા અને પ્રકૃતિ સાથે સંતુલન જાળવવા પર ભાર મૂકવામાં આવે છે. કુદરતી પદ્ધતિથી મરચાંની ખેતી સારી ઉપજ જ આપે છે એટલું જ નહીં, આ પાક સ્વાદ અને ગુણવત્તામાં પણ વધારો કરે છે. આ માટે સૌ પ્રથમ, જમીનની તૈયારી પર ધ્યાન આપવામાં આવે છે. ખેતરને ખેડવામાં આવે છે અને ગાયનાં છાણનું સારી રીતે સડેલું ખાતર, જીવાવૃત અથવા ઘનજીવામૃત જેવાં કુદરતી ખાતરોનો ઉપયોગ કરવામાં આવે છે. આ જમીનમાં હાજર સુક્ષ્મજીવોને સક્રિય કરે છે અને મરચાંના છોડને જરૂરી પોષક તત્વો સરળતાથી ઉપલબ્ધ કરાવે છે.

બીજની પસંદગીમાં શુદ્ધતા અને સ્થાનિક જાતોનું પણ ધ્યાન રાખવામાં આવે છે. બીજનું વાવેતર કરતાં પહેલાં બીજને બીજામૃતમાં પલાળીને સારવાર કરવામાં આવે છે, જે અંકુરણનો દર વધારે છે અને છોડને રોગોથી પણ બચાવે છે. રોપાઓ તૈયાર કરવા માટે નર્સરીમાં કાર્બનિક ખાતર અને મલ્ચનો ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે છોડ મજબૂત હોય છે, ત્યારે તેનું ખેતરમાં વાવેતર કરવામાં આવે છે.

મરચાંના પાકને સિંચાઈની જરૂર હોય છે, પરંતુ પ્રાકૃતિક ખેતીમાં વધુ પાણીની જરુરીયાત પડતી નથી. આમાં ટપક સિંચાઈનો ઉપયોગ ભેજ જાળવવા અને છોડનાં મૂળને મજબૂત કરવા માટે થાય છે. નીંદણ નિયંત્રણ માટે,

**અનુસંધાન પાના ૭ પર**

### ચાલો જાણીએ મેદસ્વિતા નિવારવા માટે ઉપયોગી પીણાં વિશે

ગુજરાત સરકાર દ્વારા હાલમાં 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાતઃ ફેઝ ૨' અભિયાન ચાલી રહ્યું છે. રોજીંદા ઉપયોગમાં લેવાતા દેશી પીણાંઓ ચરબી ઓછી કરવા માટે ફાયદાકારક છે. સ્થૂળતા ઘટાડવા માટે સવારમાં દેશી અને આયુર્વેદિક પીણાં પીવા જોઈએ.

**ગ્રીન ટી :** ગ્રીન ટી ચરબી ઓછી કરવા માટે ઉપયોગી છે, તેમાં ઉચ્ચ એન્ટીઓક્સિડન્ટ હોય છે. ભોજન પછી અને સવારે તેનું સેવન કરવાથી ચરબી ઓછી કરવામાં મદદ કરે છે. તેનાં એન્ટીઓક્સિડન્ટ ગુણધર્મ ચયાપચયમાં સુધારો કરે છે.

**'તજ'ની ચા :** તજની ચા પીવી, એ શરીરની ચરબી ઓછી કરવાની સરસ રીત છે. સાંજે તજની ચા પીવાથી ચયાપચયને વધારવામાં મદદ કરે છે. તેના એન્ટીબેકટેરિયલ અને એન્ટીઓક્સિડન્ટ ગુણધર્મોને કારણે શરીરમાંથી ઝેરી તત્વો દૂર થાય છે અને લીવર સ્વસ્થ રહે છે.

**અનુસંધાન પાના ૭ પર**

# અદાણી એન્ટરપ્રાઇઝ લિ.ના નાણાકીય વર્ષ ૨૬ ના પ્રથમ અર્ધવાર્ષિક પરિણામો જાહેર

## એકીકૃત EBITDA રૂ. ૭,૬૮૮ કરોડઃ એકીકૃત કર પહેલાનો નફો PBT રૂ. ૨,૨૮૧ કરોડઃ

અમદાવાદ, ૦૪ નવેમ્બર

અદાણી ગ્રુપની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈઝ લિ.(AEL) એ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા બીજા ત્રિમાસિક ગાળાના પરિણામો આજે જાહેર કર્યા હતા..

અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ આ પરિણામો અંગે જણાવ્યું હતું કે .આ સમય દરમિયાન છઈન્એ મોટા પાયે વિવિધ પ્રકલ્પોના સમયસર અમલીકરણની તેની મુખ્ય શક્તિને ઉજાગર કરી છે. ગ્રીનફિલ્ડ નવી મુંબઈ એરપોર્ટને ખુલ્લું મૂકવા અને તેના ૭મા માર્ગનાપ્રકલ્પનું સંપ્પન થવું એ કંપનીના સ્કેલ અને અમલીકરણ પરના મૂળભૂત લક્ષ્યની પ્રતિતી કરાવે છે. દરેક આ નવા સીમાચિહ્નો અમારા વૈવિધ્યસભર મોડેલને પ્રચંડ તાકાતવાન બનાવે છે આંતર રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં મહત્વની માળખાકીય સુવિધાઓ પહોંચાડવાની અમારી પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટી કરે છે. તેમણે કહ્યું હતું કે ઉભરતા મુખ્ય માળખાકીય વ્યવસાયોએ વાર્ષિક ધોરણે ૫% ના વધારા સાથે રૂ.૫,૪૭૦ કરોડનો અર્ધવાર્ષિક EBITDA નોંધાવ્યો છે અને હવે તે કુલ EBITDAમાં ૭૧% ફાળો આપે છે. "શિસ્તબદ્ધ અમલીકરણ અને વ્યૂહાત્મક વૈવિધ્યકરણ સાથે અદાણી એન્ટરપ્રાઈઝ લિ. ભારતની પરિવર્તનશીલ માળખાગત સવલતો અને ઊર્જા વ્યવસાયોના અગ્રણી ઈન્ક્યુબેટર તરીકે તેની સ્થિતિ અવિરત મજબૂત કરવાના માર્ગે આગળ વધી રહી છે. શ્રી ગૌતમ અદાણીએ ઉમેર્યું હતું કે નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું ઉદ્ઘાટન એ ભારતની માળખાગત સુવિધાની સાફલ્ય ગાથામાં એક નિર્ણાયક ક્ષણ બનવા સાથે રાષ્ટ્રની વિકાસ પ્રવૃત્તિના ઉત્પ્રેરક તરીકે છઈન્ની ભૂમિકાને શક્તિશાળી બનાવે છે. એરપોર્ટ, ડેટા સેન્ટર અને રસ્તાઓના નિર્માણના ક્ષેત્રમાં અમારી મજબૂત ભૂમિકા અમારા મુખ્ય માળખાગત પોર્ટફોલિયોની ગતિને રેખાંકિત કરે છે. ભારતના સૌથી મોટા AI ડેટા સેન્ટર માટે Google સાથેની ભાગીદારી અને અમારી ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમમાં ઝડપી પ્રગતિ સાથે છઈન્ ભારતના ટકાઉ, ટેકનોલોજી-સંચાલિત ભવિષ્ય તરફના સંક્રમણને વેગ આપી રહી છે. અમારા હિસ્સેદારો માટે કાયમી મૂલ્ય વર્ધક બનાવતા અને આત્મનિર્ભર ભારતનો પાયો મજબૂત બનાવે તેવા વ્યવસાયોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ.

નાણાકીય વર્ષ ૨૬ ના પહેલા છ માસના ગાળામાં આવક રૂ. ૪૪,૨૮૧ કરોડ જ્યારે EBITDA રૂ. ૭,૬૮૮ કરોડ નોંધાયો છે. કર અગાઉનો નફો (PBT) રૂ. ૨,૨૮૧ કરોડ નોંધાયો છે., જેમાં રૂ. ૩,૫૮૩ કરોડનો અપવાદરૂપ ફાયદો સામેલ નથી અદાણી એરપોર્ટ હોલ્ડીંગ લિ. હસ્તકના એરપોર્ટ્સનો EBITDA વાર્ષિક ધોરણે ૫૧% વધીને રૂ. ૨,૧૫૭ કરોડ થયો છે. આ સાથે એરપોર્ટ્સનો વ્યવસાય હવે રૂ. ૧,૦૦૦ કરોડથી વધુના ત્રિમાસિક રન-રેટ પર આગળ વધી રહ્યો છે. સંપત્તિમાં રોકાણના ક્ષેત્રમાં મુખ્યત્વે ગ્રીનફિલ્ડ નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખુલ્લું મૂકાયું છે. જે ચાલુ નાણા વર્ષના ત્રીજા ત્રિમાસિકથી કામગીરી શરૂ કરવા સજ્જ બનશે. નાનાસા-પીડગાંવ પ્રકલ્પ માટે PCOD મળવા સાથે છઈન્પાસે હવે ૭ કાર્યરત માર્ગોની અસ્ક્યામતો થઇ છે.

નવા રોકાણોના સંદર્ભમાં રૂ. ૧૯,૯૮૨ કરોડની કુલ ઓર્ડર બુક સાથે રસ્તાના ત્રણ અને પાણીના વ્યવસાયના બે પ્રકલ્પો માટે LoA મળેલ છે. વિશાખાપટ્ટનમમાં ભારતના સૌથી મોટા AI ડેટા સેન્ટર કેમ્પસ વિકસાવવા માટે અદાણીકોનેક્સએ Google સાથે ભાગીદારી કરી છે.

ઈન્ક્યુબેશનના આગામી તબક્કાને ટેકો આપવા તેની બેલેન્સ શીટને વધુ મજબૂત બનાવવા માટે રૂ. ૨૫,૦૦૦ કરોડના આંશિક રીતે ચૂકવેલ રાઈટ્સ ઈશ્યૂને છઈન્ના બોર્ડે મંજૂરી આપી છે. વાર્ષિક ધોરણે નાણાકીય વર્ષ-૨૫ના બીજા ત્રિમાસિકમાં વાર્ષિક ધોરણે રુ.૨૩,૧૯૬ કરોડની કુલ આવકની તુલનામાં ચાલુ નાણા વર્ષના સરખા સમયમાં આવક રુ.૨૧,૮૪૪ કરોડ થઈ છે. જે ૬%નો તફાવત દર્શાવે છે. જ્યારે આ ગાળાના અર્ધ વાર્ષિક સમય દરમિયાન નાણા વર્ષ-૨૫માં રુ. ૪૯,૨૬૩ કરોડની સરખામણીએ ચાલુ નાણા વર્ષના સમાન ગાળામાં વાર્ષિક ધોરણે આવક રુ.૪૪,૨૮૧ કરોડ થઈ છે. જે ૧૦%નો તફાવત દર્શાવે છે. જ્યારે ગત નાણા વર્ષના બીજા ત્રિમાસિકમાં EBITDA રુ.૪,૩૫૪ સામે ચાલુ વર્ષના સરખા સમયમાં ઈ઼ૈંઘ્છ રુ.૩,૯૦૨ કરોડ નોંધાયો છે જે ૧૦%નો તફાવત દર્શાવે છે. ગત નાણા વર્ષના પ્રથમ છ માસિકમાં રુ.૮૬૫૪ કરોડની તુલનાએ ચાલુ નાણા વર્ષના પ્રથમ છ માસ દરમિયાન વાર્ષિક ધોરણે EBITDA રુ.૭,૬૮૮ કરોડ નોંધાયો છે. જે ૧૧%નો તફાવત દર્શાવે છે. ચાલુ વર્ષના બીજા ત્રિમાસિકમાં અપવાદરુપ ફાયદો રુ.૩૫૮૩ કરોડથયો છે. ગત નાણા વર્ષ-૨૫ના બીજા ત્રિમાસિકના કર અગાઉના નફો રુ.૨૪૦૯ કરોડની તુલનાએ ચાલુ વર્ષના બીજા ત્રિમાસિકમાં રુ.૪,૩૯૮ કરોડ થયો છે. જે ૮૩%નો તફાવત દર્શાવે છે. જ્યારે ગત વર્ષના પ્રથમ છ માસમાં કર અગાઉનો નફો ૪,૬૪૪ કરોડની તુલનાએ વાર્ષિક ધોરણે ચાલુ નાણા વર્ષના પ્રથમ છ માસિકમાં રુ.૫,૮૪૪ કરોડ નોંધાયો છે જે ૨૬%નો તફાવત દર્શાવે છે. કર બાદનો નફો જે ગત વર્ષના બીજા ત્રિમાસિકમાં વાર્ષિક ધોરણે રુ.૧,૭૪૨ કરોડ હતો તેની તુલનાએ ચાલુ નાણા વર્ષના સરખા ગાળામાં રુ.૩૧૯૯ કરોડ નોંધાયો છે જે ૮૪%નો તફાવત દર્શાવે છે. ગત નાણા વર્ષના પ્રથમ અર્ધ વાર્ષિક સમયમાં કર બાદનો નફો રુ.૩,૧૯૬ કરોડ થયો હતો તેની સામે ચાલુ નાણા વર્ષના સમાન ગાળાદરમિયાન વાર્ષિક ધોરણે કરબાદનો નફો રુ.૩,૯૩૩ કરોડ નોંધાયો છે. જે ૨૩%નો તફાવત દર્શાવે છે.

# સર્વ પ્રકારના ડાયાબિટીસને મટાડતી શિયાળાની પાવરફુલ વનસ્પતિ

**હાથથી અને મહેનતથી બનતી વસ્તુઓ મશીનથી ઉત્પાદિત થવા લાગી. આ ઔદ્યોગિક જગત ચલાવવા શ્રમિકોની જરૂર પડી. શ્રમિકો મશીનથી ઉત્પાદીત વસ્તુઓ બનાવવા લાગ્યા. જેથી લોકોને લાગ્યું અમારું કામકાજ સરળ થઈ ગયું છે. મહેનત ઓછી અને ઉત્પાદન વધુ. આ ક્રાંતિએ લોકોનું સ્વાસ્થ્ય છીનવી લીધું. પરિવહનની વ્યવસ્થાએ લોકોનું ચાલવાનું છીનવી લીધું.**





ઓગણીસમી સદીની ઔદ્યોગિક ક્રાંતિના કાલખંડમાં ખેતી અને હસ્તશિલ્પ અર્થવ્યવસ્થાઓ ઝડપથી મશીન નિર્માણ પ્રધાન અર્થવ્યવસ્થામાં બદલાઈ ગઈ. આ મશીન નિર્માણ ક્રાંતિ દુનિયાના લગભગ બધા જ ભાગમાં ફેલાઈ ગઈ. આ આર્થિક પરિવર્તન એ કામ કરવાનો અને વસ્તુઓ ઉત્પાદનની બધી જ રીત બદલાઈ ગઈ.

હાથથી અને મહેનતથી બનતી વસ્તુઓ મશીનથી ઉત્પાદિત થવા લાગી. આ ઔદ્યોગિક જગત ચલાવવા શ્રમિકોની જરૂર પડી. શ્રમિકો મશીનથી ઉત્પાદીત વસ્તુઓ બનાવવા લાગ્યા. જેથી લોકોને લાગ્યું અમારું કામકાજ સરળ થઈ ગયું છે. મહેનત ઓછી અને ઉત્પાદન વધુ. આ ક્રાંતિએ લોકોનું સ્વાસ્થ્ય છીનવી લીધું. પરિવહનની વ્યવસ્થાએ લોકોનું ચાલવાનું છીનવી લીધું.

લોકો ગામડાઓ છોડી આર્થિક રીતે સધ્ધર થવા શહેરોમાં વસ્યા. જેના કારણે ખેતીવાડીનું સાચું કામકાજ પણ ઔદ્યોગિક રીતે થવા લાગ્યું. ખાતર પણ મશીનોથી અને કેમિકલવાળા બનવા લાગ્યા. ચિકિત્સા ક્ષેત્રે ટેકનોલોજી આવી. દવાઓ કેમિકલથી બનવા લાગી. જેના કારણે પ્રાકૃતિક ઔષધિય પ્રત્યે સુગ પેદા થઈ. આનું પરિણામ અત્યારે આપણે ભોગવી રહ્યા છે. ક્યારેક કોઈ બીમાર પડતું પણ આજે ઘરના દરેક સભ્ય લગભગ માંદા જ છે.

ઔદ્યોગિક વિકાસના કારણે લોકોનો વ્યવહાર બદલાયો. સંબંધોની અવગણના થવા લાગી. સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં પણ આની વ્યાપક અસર થઈ છે. શહેરીકરણ અને કામકાજના કારણે બાહ્ય ભોજન પણ મશીનોના આધારે બનવા લાગ્યા.

હાથથી અને મહેનતથી બનતી વસ્તુઓના કારણે લોકો શારીરિક, માનસિક અને સામાજિક રીતે ખૂબ જ મજબૂત હતા. ઔદ્યોગિક મશીનોએ આ બધું છીનવી લીધું છે. મશીનોથી કામકાજ હવે બદલી શકવાના નથી. આપણે ખાનપાનનો સુધારો અવશ્ય કરી શકીએ છીએ. હજી સુધી બજારમાં સારા ખાદ્ય પદાર્થ ઉપલબ્ધ છે. સ્વાદના ચટાકાનો વિચાર ન કરવો.

સારું સ્વાદિષ્ટ ભોજન બનાવાની પદ્ધતિ પર ધ્યાન દેવું જરૂરી છે. જેથી નાની સામાન્ય બીમારીને જો શરૂઆતથી રોકી દેવામાં આવે તો મોટી વ્યાધિથી બચી શકાય છે. શરૂઆત લગભગ શરીરમાં ગ્લુકોઝ (સાકર) વધી જવાથી થાય છે. પાચક રસોમાં ખામી ઉત્પન્ન થતાં તે ખરાબ રીતે શરીરમાં અણુઓના સ્ત્રાવણ અવરોધે છે. શરીરની તાસીર મુજબ અલગ અલગ રોગોમાં પરિણમે છે. લોકો તરત જ રિપોર્ટ કઢાવી દવાઓનો આશરો લે છે. જેના કારણે ખરાબી દબાઈ જાય છે અને થોડો સમય પછી તે વધુ વકરે છે.

હાલના સમયમાં જોઈએ તો ડાયાબિટીસ ઘણા પ્રકારે શરીરમાં ઘર કરી રહ્યું છે. નોન ઈન્સ્યુલીન ડીપેન્ટડેન્ટ ડાયાબિટીસ આ વ્યાધિમાં શારીરિક મહેનત ઓછી હોવાના કારણે સેલમાં ગ્લુકોઝનો ભરાવો થાય છે. સમય રહેતા શારીરિક મહેનત (ચાલવાનું વધારે) કરવાથી આ તકલીફમાં સુધારો જલદી થઈ જાય છે. શરીર ભારે લાગતું હોય તો જલદીથી ચાલવાનો પ્રયોગ વધારી દેવો જોઈએ.

ઈન્સ્યુલીન ડીપેન્ટડેન્ટ ડાયાબિટીસ-સામાન્ય રીતે આ ટાઈપના ડાયાબિટીસ બહુ જ નાની ઉંમરમાં આવી જાય છે. આમાં પેન્ક્રીયાઝના બીટા-સેલ ઘણાં કારણોને લીધે નકામા થઈ જાય છે. આનું કારણ છે કે નાની વયમાં (બાળકોને) જરૂરિયાત કરતા વધુ સાકરનો ખાવામાં વપરાશ. રિફાઈન્ડ તેલથી બનતી ચિપ્સ, આઈસક્રીમ, બિસ્કિટ, હેલ્થ ડ્રિંક, અન્ય બજારૂ વસ્તુઓ. જાતજાતના કોલ્ડ ડ્રિંક, સોડા નાખેલી બજારૂ કે ઘરની આઈટમો. કફની કે શરદની દવાઓના કારણે આ વ્યાધિ હવે વધુ જણાઈ રહી છે.ઈન્સ્યુલીન રજિસ્ટેન્ટ ડાયાબિટીસ- આ વ્યાધિમાં બહારથી આવેલા ઈન્સ્યુલીનનો કોઈપણ રિસ્પોન્સ નથી મળતો. હેવી ઈન્સ્યુલીન આપવાથી પણ બ્લડ સુગર વધતું જ જાય છે. ઘણાંને મેં જોયું છે કે તે ત્રીસ યુનિટ સવારના અને ત્રીસ યુનિટ સાંજના લે છે પણ બ્લડ સુગર ત્રણસોની આસપાસ જ રહે છે. ઘણીવાર પગમાં કે હાથમાં સડો થઈ જાય છે તે કાપવા પડે છે. ચામડી સ્પોંજી થઈ જાય છે.સલયુરેશન ઑફ બોડી સેલ બાય સુગર-(બોડી સેલનું સંતૃપ્તિકરણ) શરીરના કોષો સુગરને (ગ્લુકોઝ)ને ગ્રહણ કરવામાં અસ્વસ્થ છે કારણ કે શરીરમાં સુગરનો સ્ટોક પૂરતો છે. આમાં કોઈ ડાયાબિટીસ નથી પણ ઘણીવાર રક્ત શર્કરાનું પ્રમાણ સામાન્યથી અધિક હોય છે. (પ્રી-ડાયાબિટીસ) આ અવસ્થા ઉપવાસથી જલદી ઠેકાણે આવે છે. ખાનપાન રીફાઈન્ડ થયેલ વસ્તુઓનું ન હોવું જોઈએ.લેથેરેજી ઑફ બી-સેલ ટુ પ્રોડક્સ ઈન્સ્યુલીન-બી-સેલની સુસ્તીને કારણે ઈન્સ્યુલીનની પ્રતિક્રિયામાં અવરોધ. આ વ્યાધિમાં ગ્લુકોઝ કોશિકામાં નથી જતું તે લોહીમાં રહી જવાને કારણે લોહીમાં સાકરનું પ્રમાણ વધી જાય છે. જેને ટાઈપ-ટુ ડાયાબિટીસ કહેવાય છે. સુસ્તી, થકાવટ આમાં વધુ જણાય છે. આની ટકાવારી લોકોમાં વધુ છે. વજન ઘણુંય વધી જાય છે.આ તકલીફની સારવાર જો લયબદ્ધ (સારી રીતે) ન કરવામાં આવે તો લાંબે ગાળે હૃદયનો હુમલો, કિડનીનું ડાયાલિસીસ, પગ સડવા, આંખોમાં મોતીયો, કાનમાં સંભળાવાનું ઓછું (કાનમાં મશીન બેસાડવું) વગેરે જીવનભર રહે છે. ધીરે ધીરે શરીર નિષ્ક્રિય થાય પછી અલ્ઝાઈમર અને કંપવાત આવી જાય છે. કોલેસ્ટ્રોલની વ્યાધિ પણ સાથે સાથે વધે. જેના કારણે ગોઠણના ઑપરેશન થવા, પગના તળિયામાં અતિ બળતરા થવી વગેરે.બહારના ઈન્સ્યુલીન લેવાના કારણે કિડની-ડાયાબિટિસ-ડાયાબિટિસમાં બહારથી ઈન્સ્યુલીન કે મેટફોર્મિન દવાઓ લેવાના કારણે કિડનીના નેફ્રામ અકાર્યક્ષમ થાય છે. યુરિનનું ફિલ્ટરેશન થતું નથી જેના કારણે કિડની ફેલ્યોર કે ડાયાલિસીસ પર જવું પડે છે. કિડનીમાં બોમેન કેપ્સ્યુલનું નાનું સ્ટ્રકચર આવેલું છે તેનું બગડી જવું.

ચામડીના ઘણાં દર્દો પણ ઘણીવાર ડાયાબિટીસના કારણે થાય છે. ચામડી કાળી પડવી. લગભગ આ વ્યાધિ આઈસક્રીમ કે ડેઝર્ટ વધુ ખાવાથી થાય છે. આઈસક્રીમ પણ નકલી ઘી, રિફાઈન્ડ તેલ અને સોલ્વન્ટથી બને છે. તેમાં વપરાતા રંગો એ બધા હેવી કેમિકલથી બને છે.આ શિયાળાની ઋતુમાં મળતી શાકભાજીઓનો ઉપયોગ કરી આ બીમારીને જલદીથી દૂર કરી શકાય છે. લીંબુ, બીજોરાને બાફીને ખાવા (કશું નાખ્યા વગર). પાલક, તાંદળજો ભાજી, ચંદન બથુવા ભાજી, સૂવા ભાજી, ભારંગી ભાજી રસ, લીલું જીરું નાખીને લ્યો. બેબીકોર્ન સાંતળી લો. અલ્કોઝના પાન, બીટના પાન, મૂળા પાન, મેથી ભાજીનો રસનો ઉપયોગ કરવો.

# અમૃત છે ત્રિફળા

ત્રિફળા એ સંસ્કૃતના બે શબ્દોને જોડીને બનાવાયો છે 'ત્રિ' તથા 'ફલા', એટલે કે ત્રણ ફળોનું સંયોજન. વાસ્તવમાં ત્રણ ફળોથી ત્રિફળા બને છે. આ ત્રણ ફળ એટલે આંબળાં, હરડે અને બહેડાં. આ ત્રણેય ફળોને સુકાવીને પાઉડર બનાવવામાં આવે છે. હવે તો આધુનિક યુગમાં બજારમાં આ ત્રિફળા ટેબલેટ અને કાઢાના રૂપમાં મળે છે. આયુર્વેદમાં ત્રિફળાને ત્રિદોષનાશક કહેવામાં આવે છે, જે શરીરના ત્રણેય દોષ જેવા કે વાત, પિત્ત અને કફને દૂર કરે છે.

શિયાળામાં ઠંડીનો હલકો ચમકારો થાય એટલે આપણા શરીરની પ્રવૃત્તિ ધીમી પડી જાય છે. પાણી ઓછું પીવામાં આવે છે. ત્વચા સૂકી થઈ જાય છે, પાચનમાં પણ ગડબડી શરૂ થઈ જાય છે, સાંધામાં દુઃખાવો અને નિંદરને લઈને પણ તકલીફ શરૂ થાય છે. એવામાં ત્રિફળા ખૂબ કારગર નિવડે છે. ઠંડીમાં એ આપણા શરીરને અંદરથી શુદ્ધ કરે છે, સંતુલન જાળવે છે અને ઊર્જાવાન બનાવે છે.

આપણે તળેલા ખોરાક વધુ પડતાં આરોગીએ છીએ અને કારણે આપણી પાચન શક્તિ નબળી બની જાય છે. ત્વચા રૂક્ષ થઈ જાય છે અને ચહેરો પણ નિસ્તેજ દેખાય છે.

શિયાળામાં રક્તપ્રવાહ ધીમો થાય છે. એથી સાંધામાં દુઃખાવો થાય છે અને અકડાઈ જાય છે. વધારે પડતું જમવાને કારણે આપણું વજન વધવા માંડે છે. આપણે વધુ સક્રિય ન હોઈએ તો ફેટ જમા થાય છે અને કોલેસ્ટ્રોલ પણ વધે છે. ઠંડીમાં સવારે જલદી જાગવામાં આળસ આવે છે અને એથી દિવસભર આપણને થાક લાગે છે.

આ બધી તકલીફોમાં ત્રિફળા કામ આવે છે. આ ત્રિફળા માત્ર ત્રણ ફળોનું મિશ્રણ જ નથી પરંતુ અનેક ગુણોનો ખજાનો છે. આમાં આંબળાની માત્રા વધુ હોવાથી એ ઈમ્યુનિટી વધારવામાં અને શરીરને સ્ફૂર્તિવાન બનાવવામાં મદદરૂપ થાય છે.

ત્રિફળામાં બહેડાં હોવાને કારણે એ ફેફસાં અને શ્વસનતંત્રને મજબૂત બનાવે છે. સાથે જ શિયાળામાં શરદી અને કફથી આપણને બચાવે છે. પાચનશક્તિને પણ સુધારે છે. આવી રીતે ત્રણ ફળોનું મિશ્રણ અનેક ગુણોથી ભરપૂર છે. જે શરીરનાં ત્રણેય દોષને સંતુલિત રાખે છે.

પાચન અને કબજિયાતથી બચાવે – ઈમ્યુનિટી અને આંખની સ્થિતિ સુધારે – રક્ત શુદ્ધ અને ત્વચાને સાફ કરે – શરદી અને થાકથી બચાવે – ઊર્જા આપી, શરીરને સાફ કરે ત્રિફળા એક કુદરતી ક્લિઝંરનું કામ કરે છે. જે શરીરને અંદરથી સાફ રાખીને આપણી ઈમ્યુનિટીને મજબૂત બનાવે છે.

રાતે સૂતા પહેલા એક ચમચી ત્રિફળાનું ચૂર્ણ હૂંફાળા પાણીમાં લેવું અથવા તો સવારે ખાલી પેટ હલકા ગરમ પાણી સાથે લેવું. સતત બે-ત્રણ મહિના એનું સેવન કરવાથી શરીર હલકું, ત્વચામાં નિખાર અને પાચનતંત્રમાં મજબૂતીનો એહસાસ થાય છે.

શિયાળામાં ત્રિફળાનું સેવન આંતરડાની ગતિને સામાન્ય બનાવે છે. શરીરમાં જમા થયેલા કચરાને બહાર કાઢવામાં મદદ કરે છે. ત્રિફળામાં એન્ટિ-ઓક્સિડેન્ટ ગુણ હોવાથી તે શરીરમાંથી ઝેરી તત્ત્વોને બહાર કાઢે છે. એનાથી રક્ત શુદ્ધ થાય છે અને ત્વચામાં કુદરતી ચમક આવે છે.

ત્રિફળા શરીરમાંથી ઝેરીલા પદાર્થોને અને યુરિક એસિડને બહાર કાઢી સોજા અને અક્કડપણાથી બચાવે છે. ત્રિફળામાં રહેલા હરડેથી આપણને આરામદાયક નિંદર આવે છે. ત્રિફળા આપણા શરીરના મેટાબોલિઝમને સક્રિય રાખે છે. એથી વજન ઘટાડવામાં પણ મદદ થાય છે.કુલ મળીને ત્રિફળા કુદરતી અમૃત સમાન છે. ત્રિફળા જેવી સરળ અને સુલભ આયુર્વેદિક ઔષધ શરીરને ઠંડીની અનુકૂળ ઢાળવામાં મદદ કરે છે. એથી એને દવા નહી, પરંતુ દૈનિક સ્વાસ્થ્ય રક્ષાનો ઉપાય કહેવામાં આવે છે.



# અદાણી પોર્ટ્સ અને સેઝનો નાણા વર્ષ-૨૬ના બીજા ત્રિમાસિકમાં ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૨૯% વધી રુ.૩,૧૨૦ કરોડ અને આવક ૩૦% વધી રુ.૯,૧૬૭ કરોડ

**અમદાવાદ, ૪ નવેમ્બર**

એક સંકલિત પરિવહન ઉપયોગિતા કંપની અદાણી પોર્ટ્સ અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન લિ.(APSEZ) એ તા.૩૦ સપ્ટેમ્બર-૨૦૨૫ના રોજ પૂરા થયેલા બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધ વાર્ષિક સમયગાળાના પરિણામો આજે જાહેર કર્યા છે.

તદનુસાર નાણા વર્ષના બીજા ત્રિમાસિકમાંવાર્ષિક ધોરણે EBITDA ૨૭% વધી રુ.૫,૫૫૦ કરોડ રહ્યો છે. જ્યારે અર્ધ વાર્ષિકગાળામાં વાર્ષિક ધોરણu EBITDA ૨૦% વધીને રુ.૧૧,૦૪૬ કરોડ પહોંચ્યો છે. સ્થાનિક બંદરોએ નાણા વર્ષ-૨૬ના પ્રથમ અર્ધ વાર્ષિક સમયમાં અત્યારસુધીનો સૌથી વધુ EBITDA માર્જિન ૭૪.૨%એ પહોંચાડ્યો છે. સરખા સમય ગાળામાં આંતરરાષ્ટ્રીય બંદરોનું યોગદાન આવક અને EBITDAમાં અનુક્રમે રુ.૨,૦૫૦ કરોડ અને રુ.૪૬૬ કરોડના ઉચ્ચતમ સ્તર પર રહ્યું છે. ટ્રકિંગ અને આંતરરાષ્ટ્રીય ફ્રેઈટ નેટવર્ક સેવાઓમાં વધારાને કારણે નાણાકીય વર્ષ ૨૬ ના સમાન ગાળામાં લોજિસ્ટિક્સની આવક વાર્ષિક ધોરણે ૯૨%થી વધુ વધીને રુ.૨,૨૨૪ કરોડ અને ઈઝઈ વધીને ૯% થઇ છે જે નાણાકીય વર્ષ ૨૫ માં ૬% હતી. નાણાકીય વર્ષ ૨૬ ના પ્રથમ છ માસમાં જહાજ સંપાદનને કારણે દરિયાઈ આવક વાર્ષિક ધોરણે ૨૧૩%થી વધુ વધીને રુ.૧,૧૮૨ કરોડ થઇ છે.

ફિચ રેટિંગ્સે કંપનીના આઉટલુકને "નકારાત્મક" થી "સ્થિર" સુધારી "BBB-" ઉપર રેટિંગને ફરીથી પુષ્ટિ આપી છે.જીશ્ ગ્લોબલ ઝજીછ એ અદાણી પોર્ટસને વૈશ્વિક પરિવહન અને માળખાગત પરિવહન કંપનીઓની ટોચની ૫% માં માન્યતા આપી છે.

કંપનીના પૂર્ણ-સમયના ડિરેક્ટર અને સીઈઓ અશ્વની ગુપ્તાએ જણાવ્યું હતું કે અમારો મજબૂત અને સર્વાંગી નફાકારક વિકાસ દર અમારા બેનમુન સંકલિત પરિવહન ઉપયોગિતાના મૂલ્યના પ્રસ્તાવની સફળતા પર ભાર આપે છે. તેમણે જણાવ્યું હતું કે સંકલિત પરિવહન ઉપયોગિતા બનવાની અમારી દ્રષ્ટિ ઝડપી ગતિએ હકિકત બનવા જઈ રહી છે. ૧૨ લોજિસ્ટિક્સ પાર્ક અને ૩.૧ મિલિયન ચોરસ ફૂટ વેરહાઉસના વધતા નેટવર્કથી લઈને વિસ્તરતા ટ્રકિંગ ફ્લીટ અને આંતરરાષ્ટ્રીય માલવાહક અમારા બહુવિધ મોડલ ક્ષમતાઓના વ્યૂહાત્મક વિસ્તરણથી લઇ સેવાઓ સુધીના વ્યાપને દર્શાવે છે. અમારી બંદરીય ક્ષમતાઓ અને ૧૨૭-જહાજોવાળા દરિયાઈ કાફલાનું ચાલુ વિસ્તરણ, વૈશ્વિક સપ્લાય ચેઇનમાં એક વાસ્તવિક સંકલિત ખેલાડી તરીકે કંપનીને સ્થાન આપે છે. ઉત્તરોત્તર અદાણી પોર્ટસનું નાણાકીય પ્રદર્શન સંગીન ભૂમિકા અદાકરી રહ્યું છે. તેની એકીકૃત વિગતો મુજબ વાર્ષિક ધોરણે નાણા વર્ષ-૨૫ના બીજા ત્રિમાસિકની રુ.૭,૦૬૭ની આવકની તુલનાએ નાણા વર્ષ-૨૬ના સમાન સમયમાં આવક ૩૦% વધીને રુ.૯,૧૬૭ અને નાણા વર્ષ-૨૫ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં વાર્ષિક ધોરણે રુ. ૧૪,૬૨૭ સામે ચાલુ નાણાકીય વર્ષના સમાન સમયમાં ૨૫% વધીને રુ.૧૮,૨૯૪ કરોડ થઇ છે.

ઘરઆંગણાના બંદરોની આવકમાં સતત વધારો નોંધાયો છે. નાણા વર્ષ-૨૩ના બીજા ત્રિમાસિકમાં આવક રુ. ૪,૩૦૬ સામે અનુક્રમે વર્ષ-૨૪ના સરખા સમયમાં રુ. ૪,૯૦૦, નાણા વર્ષ-૨૫માં રુ. ૫,૪૭૪ અને ચાલુ વર્ષના આ સમય દરમિયાન રુ.૬,૩૫૧ કરોડ આવક થઇ છે. આંતર રાષ્ટ્રિય બંદરોની આવક આ વર્ષોના સમાનગાળામાં અનુક્રમે રુ. ૧૮૧, રુ. ૮૦૬, રુ.૭૯૮ અને રુ. ૧,૦૭૭ કરોડ નોંધાઇ છે. લોજિસ્ટિક્સમાંથી આ વર્ષોના સમાન સમયમાં અનુક્રમે રુ. ૩૬૧, રુ. ૪૮૩, રુ. ૫૮૮ અને રુ. ૧,૦૫૫ કરોડ આવક થયાનું નોંધાયું છે. દરિયાઇ આવક આ વર્ષોના સરખા ગાળામાં અનુક્રમે રુ. ૧૫૧, રુ. ૧૫૨, રુ. ૧૯૦ અને રુ. ૬૪૧ કરોડ નોંધાઇ છે. આ વર્ષોમાં સમાન ગાળામાં અન્ય આવક અનુક્રમે રુ. ૨૧૨, રુ. ૩૦૫, રુ. ૧૭ અને રુ. ૪૩ કરોડ નોંધાઇ છે. આમ આ વર્ષોના સરખા સમય દરમિયાન કુલ આવક અનુક્રમે રુ. ૫,૨૧૧, રુ. ૬,૬૪૬, રુ. ૭,૦૬૭ અને રુ. ૯,૧૬૭ કરોડ ચડતા ક્રમે નોંધાઇ છે.

## તંત્રી લેખ...-

**બુધવાર, તા. ૦૫ નવેમ્બર ૨૦૨૫**

# જીવલેણ પ્રદુષણ

દિવાળી બાદ ફરી એકવાર વાતાવરણમાં પ્રદુષણને લઇને જોરદાર ચર્ચા છેડાઇ ગઇ છે. ફટાકટા ફોડવાના કારણે પણ મોટા શહેરોમાં પ્રદુષણ વધુ છે. હવે સ્થિતી કઇ રીતે બદલે તેની દર વર્ષની જેમ ચર્ચા છે. એવુ લાગે છે કે પ્રદુષણ પર અંકુશ મેળવવાની બાબત સરકારોની દુર દુર સુધી પ્રાથમિકતામાં નથી. જો પ્રદુષણને દુર કરવાની બાબત સરકારની પ્રાથમિકતામાં રહી હોત તો આજે પ્રદુષણનુ સ્તર આ રીતે ખતરનાક સપાટી પર ન પહોંચી ગયુ હોત. દિવાળીના પ્રસંગ બાદ ઉત્તર ભારતના રાજયોમાં તો ફટાકડાના ધુમાડાના કારણે પ્રદુષણની આગમાં ઘી નાંખવાનુ કામ થઇ ગયુ છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુલને કઠોર વલણ અપનાવીને રાજયો અને કેન્દ્ર સરકાર સામે લાલ આંખ કરી છે. એનજીટી દ્વારા કેટલાક આદેશ જારી કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૦ વર્ષ જુના ડિઝલના વાહનોને દુર કરવા અને કેન્દ્ર તથા દિલ્હી સરકાર સહિત રાજસ્થાન, પંજાબ અને હરિયાણા સરકારને પ્રદુષણ પર અંકુશ મુકવા માટે તરત પગલા લેવા માટે કહ્યુ છે. એનજીટી, સુપ્રીમ કોર્ટ અને દિલ્હી હાઇકોર્ટની ફટકાર બાદ પણ સરકારો સુધરવા માટે તૈયાર દેખાઇ રહી નથી. આનો મતલબ સાફ છે કે ન્યાયાલય, ટ્રિબ્યુલ અને અન્ય કાયદાકીય સંસ્થાઓની કોઇને પડી નથી. ફટકાર પડ્યા બાદ દેખાવા પુરતી બેઠકોનો દોર ચાલે છે. ત્યારબાદ રીપોર્ટ તૈયાર કરીને મોકલી દેવામાં આવે છે. પછી ફરી આગામી વખત ફટકાર પડે તેની રાહ જોવામાં આવે છે. દેશના મોટા ભાગના મહાનગર ખતરનાક પ્રદુષણના કારણે હાલમાં પરેશાન થયેલા છે. લોકોને શ્વાસ લેવામાં તકલીફ થઇ રહી છે. પ્રદુષણના કારણે સામાન્ય લોકોને શ્વાસની તકલીફ થઇ રહી છે ત્યારે અસ્થમા રોગીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. વાહનોની સંખ્યામાં તો રેકોર્ડ ગતિથી વધારો થઇ રહ્યો છે. પરંતુ તેના પ્રદુષણને રોકવા માટેની ચિતા કોઇને દેખાઇ રહી નથી. પ્રદુષણથી બચવા માટે પગલા લેવામાં આવી રહ્યા છે. જે અપુરતા છે. આ પગલાના કારણે કોઇ ફાયદો થઇ શકે નહી. કામચલાઉ ધોરણે પ્રદુષણની સમસ્યાને હાથ ધરી શકાય નહી. પ્રદુષણથી બચવા માટે હાલમાં દિલ્હી સરકારે એક દિવસ છોડીને એક દિવસ વાહન ચલાવવા માટેની યોજના તૈયાર કરી છે. જો કે તેમાં રહેલી ખામીઓમાં પણ હવે સુધારો કરવામાં આવી રહ્યો છે. જુદી જુદી ખામીઓને સુધારીને માત્ર દિલ્હીમાં જ નહી બલ્કે સમગ્ર દેશમાં તેને લાગુ કરવાની જરૂર છે.

સરકારોની સાથે સાથે સામાન્ય નાગરિકોને પણ આ ગંભીર સમસ્યાને દુર કરવા માટે પોતાનુ યોગદાન આપવુ જોઇએ. પોતાના આરોગ્યને લઇને જ જો અમે ચિંતિત રહીશુ નહી તો બીજા પાસેથી અપેક્ષા કરવાની બાબત યોગ્ય નથી. આવી સ્થિતીમાં લોકોએ પણ ઓછામાં ઓછા પ્રદુષણ તેમના કારણે થાય તે માટે ધ્યાન આપવુ જોઇએ. હાલમાં દિલ્હીમાં તો લોકો પ્રદુષણના કારણે જાહેર માર્ગો પર આવી ગયા છે. બીજી બાજુ કેટલીક જુદી જુદી પ્રવૃતિઓને પ્રદુષણના કારણે હાલમાં ટાળી દેવામાં આવી છે. જો કે આ બાબત કોઇ ઉકેલ નથી. કેન્દ્ર સરકાર, રાજય સરકારો પોત પોતાના સ્તર પર આ જીવલેણ પ્રદુષણને અંકુશમાં લેવા માટે અસરકારક અને કાયમી ધોરણે પગલા લે તે જરૂરી છે.

# ફુડ પ્રોડક્શન મેનેજરનો પણ ક્રેઝ

આધુનિક સમયમાં સપ્તાહમાં એક અથવા તો વધુ વખત ઘરની બહાર હોટેલ અને રેસ્ટોરન્ટમાં ભોજન કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતીમાં ફુડ સાથે સંબંધિત કોર્સમાં જોડાઇને શાનદાર કેરિયર પણ બનાવી શકાય છે. આ ફુડ ક્ષેત્રે પણ અનેક લોકો તેમની કેરિયરને લોકપ્રિયતાની ચરમસીમા પર લઇ ગયા છે. સારા ફુડ પ્રોડકશન મેનેજરની પણ ભારે માંગ હવે જોવા મળી રહી છે. ફુડ પ્રોડક્શન મેનેજરની કેરિયર સ્વાદ સાથે જોડાયેલી છે. જો તમને જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં વધારે રસ છે તો આ કેરિયરમાં આગળ વધી શકાય છે. સફળ કેરિયર આમાં પણ બને છે. એક ફુડ પ્રોડક્શન મેનેજર ખાસ પ્રકારના ભોજન તૈયાર કરવાના તમામ પાસાથી સંપૂર્ણ વાકેફ હોય છે. આવી સ્થિતીમાં આ યુવાનો જેમનો રસ કેટરિંગ, ભોજન, બનાવવામાં અને ખાસ પ્રકારની ડીસ બનાવવામાં વધારે છે તે યુવાનો આ ક્ષેત્રે આગળ વધી શકે છે. ઇન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઇનીજ અને અન્ય ઇન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઇન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ઇન્ડસ્ટ્રીઝના પ્રોફેશનલોની માંગમાં તીવ્ર વધારો થયો છે. ઇન્ડિયા બ્રાન્ડ ઇક્વિટીના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારત આવનાર વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આશરે સાડા સાત ટકાનો વધારો થયો છે. મોટા શહેરો સિવાય નાના નાના શહેરોમાં પણ હોટેલ અને રેસ્ટોરન્ટ ખુલી રહ્યા છે. આવી સ્થિતીમાં પોતાના કામમાં કુશળતા ધરાવતા પ્રોફેશનલ લોકોની માંગમાં તીવ્ર વધારો થયો છે. હોટેલ ઇન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા કેટલાક ખાસ કોર્સ દેશના જુદા જુદા ભાગોમાં ચાલે છે. આમાંથી એક કોર્સ ફુડ પ્રોડક્શન માટે પણ છે. જો તમને ભોજન બનાવવામાં વધારે રસ છે તો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયરને આગળ વધારી દેવાની સારી તક રહેલી છે. જાણકાર લોકોના કહેવા મુજબ સ્વાદની દુનિયાની કલાને સિખવાડવા અને તેને વધારે સારી બનાવવા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરે છે. પ્રવેશ મેળવી લેવા માટે અભ્યાસ કરનાર દાવેદાર દસમાં અથવા તો ૧૨ ધોરણમાં પાસ થયેલી રહે તે જરૂરી છે. દસમાં ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં અને ૧૨માં ધોરણને પાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉપરાંત તેમાં પાક કલાની કુશળતા હોવી જોઇએ. ફુડ ક્રાફ્ટ, ફુડ પ્રોડક્શન, ફુડ એન્ડ બેવરેજ સર્વિસ અથવા તો બેરી કન્ફેક્શનરીમાં ડિગ્રી અથવા તો ડિપ્લોમાં સર્ટિફિકેટ મેળવી શકાય છે. આમાં ડિપ્લોમાં અથવા તો ડિગ્રી મેળવી લેવામાં આવ્યા બાદ રોજગારીની કેટલીક તકો રહે છે. હોટેલ અથવા તો રેસ્ટોરન્ટ, એર કેટરિગ, રેલવે કેટરિંગ, આર્મી કેટરિગ, ફુડ પ્રોસેસિંગ કંપનીઓ, થીમ રેસ્ટોરન્ટ, મોલ્સ, બેઝ કિચન, ક્રુઝ લાઇનર, કોર્પોરેટ કેટરિગમાં નોકરીની કેટલીક તક રહેલી છે. હોટેલ મેનેજમેન્ટના કોર્સ કરી લેવામાં આવ્યા બાદ આપને કોઇ મોટી સંસ્થા અથવા તો હોટેલ કંપનીમાં ઇન્ટર્નશીપ કરવી પડે છે. ફુડ પ્રોડક્શન મેનેજરની ટ્રેનિંગ લઇ લેવામાં આવ્યા બાદ કેટલાક સમયના અનુભવ પછી તમે ૧૮થી ૩૦ લાખ રૂપિયા સુધી વાર્ષિક પગાર મેળવી શકાય છે.

**જીવનના કોઇ લક્ષ્યની પ્રાપ્તિ માટે સીધા ઉપયોગ કરવાની બાબત ન રહે તે જરૂરી છે.**

# પ્રોપર્ટીમાં રોકાણ મદદરૂપ બની શકે

## પરંતુ આ પૈસા રોકડ જરૂરિયાતોને પૂર્ણ કરવા સાથે સંબંધિત રહે તે જરૂરી છે.

જેમ જેમ વય વધતી જાય છે તેમ તેમ રિયલ એસ્ટેટમાં મુડીરોકાણ કરવાની બાબત એક સારા વિકલ્પ તરીકે દેખાય છે. એટલે કે જ્યારે અમે કેરિયરની શરૂઆત કરીએ છીએ તેની સરખામણીમાં સેવાનિવૃતિના સમયમાં રોકાણ કરવા માટે રિયલ એસ્ટેટ અપેક્ષા કરતા વધારે આદર્શ દેખાય છે. જ્યારે નિયમિત આવકમાં સ્થિતરતા ન રહે ત્યારે સ્ટોકમાં રોકાણ કરવાની બાબત એક ખતરનાક પહેલ તરીકે રહી શકે છે. પરંતુ જો નિયમિત આવક થઇ રહી છે તો શેરબજારમાં પણ રોકાણ કરવામાં આવી શકે છે. પ્રોપર્ટી અથવા તો સંપત્તિના ભાડાની રકમ હવે ખુબ ઓછી થઇ ચુકી છે. કારણ કે જમીનની વધતી જતી કિંમતોના કારણે રોકાણની રકમ પણ વધી ગઇ છે. મકાન ભાડામાં લેવાના બદલે આટલી જ કિંમતમાં સ્ટોક અથવા તો બોન્ડથી મળનાર લાભ વધારે રહે છે. આવી સ્થિતીમાં પ્રશ્ન એ થાય છે કે પ્રોપર્ટીમાં રોકાણ શા સામે કરવામાં આવે. જ્યારે અન્ય કોઇ ક્ષેત્રે રોકાણ વધારે રહે છે તો પ્રોપર્ટીમાં રોકાણ કેમ કરવામાં આવે તે ઉપયોગી બાબત રહેલી છે. માનવામાં આવે છે કે સેવાનિવૃતિની સાથે જ નિયમિત આવક ઘટી જાય છે અથવા તો બંધ થઇ જાય છે. આવી સ્થિતીમાં લોકો સ્ટોક માર્કેટ જેવા ભારે ઉતારચઢાવ ધરાવતા જોખમવાળા રોકાણથી દુર જવા લાગી જાય છે. ત્યારબાદ રોકાણ માટે સૌથી ઉપયોગી બાબત નિયમિત રીતે માસિક આવક બની જાય છે. માસિક આવકવાળી જમા રકમ ખુબ ઉપયોગી બને છે. બેંક જમાથી સ્થાયી આવક તો થાય છે પરંતુ તેના સીધા સંબંધ ફુગાવાની સાથે જોડાયેલા રહે છે. જ્યારે ભાડામાં વધારાની સાથે સાથે આવકમાં ઓછામાં ઓછી આંશિક વધારો તો થાય છે. અલબત્ત વર્તમાન દોરમાં રોકાણના હસ્તાંતરણ થવાની બાબત ઉપયોગી રહે છે. આનો અર્થ એ થયો કે ભૌતિક સંપત્તિની જગ્યાએ નાણાંકીય સંપત્તિ હાથમાં હોવાની બાબત વધારે શાનદાર ગણવામાં આવે છે. એવુ બની શકે છે કે કેટલીક નોકરી એવી હોય છે જેમાં વારંવાર બદલી કરવામાં આવે છે. આવી સ્થિતીમાં સેવાનિવૃતિના સમયમાં રોકાણ ટ્રાન્સફર માટેની



બાબત કોઇ મોટી સમસ્યા તરીકે રહેતી નથી.બીજી બાજુ સેવા નિવૃતિના સમય પર એક મોટી સંપત્તિના બદલે બે નાની નાની સંપત્તિ ખરીદવામાં આવે છે તો વધારે ફાયદો રહે છે. આના કારણે ભાડાના કારણે થનાર આવકમાં પણ વધારો થાય છે. જો કે સારી બાબત એ છે કે પ્રોપર્ટી એવી ખરીદવી જોઇએ જેના કારણે ચારેબાજુ બાઉન્ડ્રી બનાવી શકાય. સાથે સાથે પ્રોપર્ટીને લોક કરી શકાય તે પ્રકારની રહે તે જરૂરી છે. સંપત્તિ એવી લેવી જોઇએ જેના પર કોઇ અતિક્રમણ થઇ શકે નહીં. આ તમામ બાબતોનો અર્થ એ બિલકુલ નથી કે નોકરીમાં રહેતી વેળા પ્રોપર્ટીમાં રોકાણ કરવુ જોઇએ નહીં. નોકીરના ગાળા દરમિયાન નિયમિત ભાડા અને આવક આવકની સરખામણમાં મુલ્યમાં વધારો કરનાર પ્રોપર્ટીમાં રોકાણ કરવાની બાબત આદર્શ રહે છે. રોકાણ એવા જગ્યાએ કરવાની હોય છે જ્યાંથી નિયમિત આવક મળી શકે. સાથે સાથે તેમાં વધારો પણ થઇ શકે. જાણકાર લોકો કહે છે કે રિયલ એસ્ટેટમાં જમીનમાં કરવામાં આવેલા રોકાણને આગળ ચાલીને સંતાનના લગ્ન વેળા કામ લાગે છે.

પરંતુ આ પૈસા રોકડ જરૂરિયાતોને પૂર્ણ કરવા સાથે સંબંધિત રહે તે જરૂરી છે. જીવનના કોઇ લક્ષ્યની પ્રાપ્તિ માટે સીધા ઉપયોગ કરવાની બાબત ન રહે તે જરૂરી છે. કારણ કે એવુ બની શકે કે જરૂરના સમય પર કોઇ રોકાણને રોકડ રકમમાં ફેરવી નાંખવામાં સફળતા ન મળે કારણ કે તમામ લોકો સારી રીતે જાણે છે કે જમીન અને મકાન એવી ચીજો છે અને સંપત્તિ છે જેમાં તરત નાણાં મળી જતા નથી. સવાલ એ થાય છે કે શુ કેરિયરની શરૂઆતમાં પોતાનુ મકાન લઇ લેવુ જોઇએ.આનો સીધો સંબંધ ભાવનાત્મક જરૂરિયાતો સાથે છે. આનો ફાયદો એ છે કે તમે તમારા મકાનમાં આનંદથી રહી શકો છો. બાબત એ છે કે તમે તમારી ભાવિ મુડીને નાણાંમાં ફેરવી રહ્યા છો. કારણ કે વર્તમાનમાં મકાન ખરીદવા માટે ભવિષ્યની આવક પર લોન લેવામાં આવે. આજકાલમાં યુવાનો ભાડાના મકાનમાં રહેવાનુ પસંદ કરે છે અને પોતાની જમા મુડીનો ઉપયોગ અનુભવ એકત્રિત કરવા પર કરવામાં આવે છે.

**વૈશ્વિક ખતરો : પ્લાસ્ટિકના કારણે જળ અને જમીન બંને પર ખતરો**

# પ્લાસ્ટિકના લીધે જીવન સામે ખતરો

- ટકા સુધી કચરાને ઘટાડી દેવા માટે ઇચ્છુક છે. આ બાબત પણ ચોંકાવનારી રહેલી છે કે ૪૦ ટકા કરતા વધારે પેકેજિંગમાં આજે દુનિયામાં પ્લાસ્ટિકની ચીજોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

દુનિયામાં દર વર્ષે ૩૦ કરોડ ટન પ્લાસ્ટિકના કચરાના જથ્થો ઉભો થઇ રહ્યો છે. પ્લાસ્ટિકના કચરાના કારણે કોઇ દેશ ઇંટો બનાવે છે તો કોઇ દેશ હસ્તશિલ્પનુ નિર્માણ કરી રહ્યા છે. આ તમામ કારણોસર પ્લાસ્ટિકને હમેંશા માટે વિદાય આપવાની બાબત સરળ નથી. આના માટે વિશ્વના તમામ દેશો મજબુત ઇચ્છાશક્તિ સાથે મેદાનમાં આવે તે જરૂરી છે. ગંભીરતાપૂર્વક પગલા લેવાની જરૂર પણ દેખાઇ રહી છે. દર વર્ષે ૮૦ લાખ ટન પ્લાસ્ટિક કચરાનો જથ્થો દરિયામાં પહોંચી રહ્યો છે. પ્લાસ્ટિક કચરાના અયોગ્ય સંચાલનના કારણે જળ અને જમીન બંને પર જીવન માટે ગંભીર ખતરો બની રહ્યો છે. પ્લાસ્ટિકની સામે અભિયાનથી ગ્લોબલ પ્લાસ્ટિક એક્શન પાર્ટનરશીપ(જીડીપી)ની શરૂઆત થઇ ચુકી છે. તેમાં સામેલ રહેલા મોટા ભાગના દેશોએ તેમની સામે અવાજ બુલંદ કર્યો છે. રિસાયકલિંગ અને અન્ય તરીકાથી પ્લાસ્ટિકના ખતરાને ઓછો કરવામાં આવી શકે છે. કેટલાક નિષ્ણાંત લોકો દ્વારા જુદા જુદા અભિપ્રાય આ સંબંધમાં આપવામાં આવ્યા છે. વૈજ્ઞાનિકો અને પર્યાવરણ સાથે જોડાયેલા નિષ્ણાંત લોકો કહે છે કે પ્લાસ્ટિક પર પ્રભાવી રીતે નિયંત્રણ મુકી



શકાય છે. નિષ્ણાંતો કહે છે કે જો દુનિયામાં પ્લાસ્ટિક પર પ્રભાવી રીતે નિયંત્રણ લાગુ કરવામાં નહીં આવે તો વર્ષ ૨૦૫૦ સુધીમાં દરિયામાં માછળીઓની જેટલી સંખ્યા છે તેના કરતા પ્લાસ્ટિકનો જથ્થો વધી જશે. આ તમામ બાબતો ખુબ ગંભીર સંદેશો આપી રહી છે. વર્ષ ૨૦૧૮માં વિશ્વ આર્થિક મંચના સંમેલનમાં દુનિયાના નેતાઓએ આ વિષય પર ચિંતા વ્યક્ત કરી હતી. જો કે કેટલાક દેશો આ સંબંધમાં ગંભીરતાપૂર્વક કામમાં લાગી ગયા છે. પ્લાસ્ટિકના કચરા અને પ્રદુષણને હાથ ધરવા માટે દુનિયાભરમાં કામ શરૂ કરવામાં આવ્યુ છે. આફ્રિકી દેશો તો નવા વિકલ્પ પણ કામ કરી રહ્યા છે. આફ્રિકી દેશ તરીકે રહેલા આઇવરી કોસ્ટ ની એક ફેક્ટરી પ્લાસ્ટિકના કચરાથી ઇંટોનુ નિર્માણ કરીને સ્કુલોનુ નિર્માણ કરી રહી છે. જ્યારે સોલોમન દ્વિપની મહિલાઓના એક ગ્રુપે પ્લાસ્ટિક કચરાને હસ્તશિલ્પ તરીકે રૂપ આપી દેવામાં સફળતા મેળવી છે. પ્લાસ્ટિકથી થતા પ્રદુષણના કારણે પર્યાવરણ માટે સૌથી મોટો ખતરો ઉભો થઇ ગયો છે. દુનિયાની કેટલીક કંપનીઓએ આનો સામનો કરવા અને તેનો નિકાલ લાવવા માટે પ્રયાસો હાથ ધરી દીધા છે. કેટલીક મોટી પીણા કંપનીઓએ તો વર્ષ ૨૦૨૫ સુધી ૧૦૦ ટકા રિસાયકલિંગ પેકેજિંગ માટેનો દાવો કર્યો છે. એક કોસ્ટેમિક કંપનીએ પણ પ્લાસ્ટિકના લિકેજને ૫૪ ટકા સુધી ઘટાડી દેવા માટે વ્યવસ્થા ગોઠવી દીધી છે. ઓનલાઇન કંપનીઓ પણ પેકેજિંગમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકને બંધ કરવાની દિશામાં આગળ વધી રહી છે. ઇન્ડોનેશિયા દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે તે ૨૦૨૫ સુધી ૭૦ ટકા સુધી કચરાને ઘટાડી દેવા માટે ઇચ્છુક છે. આ બાબત પણ ચોંકાવનારી રહેલી છે કે ૪૦ ટકા કરતા વધારે પેકેજિંગમાં આજે દુનિયામાં પ્લાસ્ટિકની ચીજોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેના કારણે ખતરો તો સ્વાભાવિક છે. માર્ચ મહિનામાં એક વૈશ્વનિક સમજુતી પર હસ્તાક્ષર કરનાર ઇન્ડોનેશિયા એવા પ્રથમ દેશ તરીકે છે જે દેશે પ્લાસ્ટિકના ઉપયોગ પર બ્રેક મુકવાની દિશામાં ઐતિહાસિક પહેલ કરી છે. મહાસાગરોમાં પ્લાસ્ટિક કચરા અથવા તો પ્રદુષણ ફેલાવી દેવાના મામલે ઇન્ડોનેશિયા બીજા સ્થાન પર છે. અહીંની સરકાર ૨૦૨૫ સુધીમાં પ્લાસ્ટિકના કચરાને ૭૦ ટકા સુધી ઘટાડી દેવાની યોજના ધરાવે છે. ઘાના અને વિયેતનામે પણ પ્લાસ્ટિકનો ઉકેલ લાવવા માટે મોટી કાર્યયોજના તૈયાર કરી લીધી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે ઘાનામાં પ્લાસ્ટિક ઉત્પાદન તેના અર્થતંત્રના મોટા હિસ્સા તરીકે છે. પ્લાસ્ટિક ઉત્પાદન, ઉપયોગ અને રિસાયકલિંગને લઇને યોગ્ય વ્યવસ્થા સ્થાપિત કરવાની તાકીદની જરૂર છે. જેમ કે પેકેજિંગમાં કુલ પ્લાસ્ટિક પૈકી ૪૦ ટકા પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવે છે. ૧૬ કરપોડ ટન સિંગલ યુઝ પ્લાસ્ટિક સામગ્રીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ તમામ સામગ્રીને અમે દરિયામાં અથવા તો લેન્ડફિલમાં જવાથી રોકી શકીએ છીએ. આના માટે પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડીને રિસાયકલિંગ માટેના પ્લાન્ટને વધારી દેવા પડશે. પ્લાસ્ટિકની સામે જોરદાર ઝુંબેશ શરૂ થઇ ચુકી છે. તમામ દેશો ગંભીરતાની સાથે આગળ વધે તે જરૂરી છે. પ્લાસ્ટિકના કારણે પરેશાની હવે માનવીને વધી રહી છે.

**મેલેરિયાને નાબૂદ કરવાના તમામ પ્રયાસો કરાય છે**

# હજુ પણ ઘણા દેશોમાં મેલેરિયા જીવલેણ છે

## પરંતુ વાસ્તવિકતા એ છે કે વધુ લાખો લોકો મૃત્યુ પામે છે કારણ કે ઘણા દર્દીઓ હોસ્પિટલને બદલે ઘરે જ મૃત્યુ પામે છે

એકસો ત્રીસ વર્ષથી વધુ સમયથી મેડિકલ સાયન્સ જાણીતું હોવા છતાં, મેલેરિયા પર કાબુ મેળવી શક્યું નથી. આજે પણ, મેલેરિયા સમગ્ર વિશ્વમાં મોટા પાયે માનવ જીવન માટે ખતરો છે. આજે પણ મલેરિયાના કારણે દર વર્ષે ૫ થી ૬ લાખ લોકો મૃત્યુ પામે છે, તેથી મચ્છરના કરડવાથી ફેલાતા આ રોગને રોકવા માટે, વિશ્વભરના નિષ્ણાત તબીબો ૨૫મી એપ્રિલના રોજ તેમના જ્ઞાન અને અનુભવો શેર કરી રહ્યા છે તેને અન્ય લોકો સાથે શેર કરો જેથી તેનો સામનો કરી શકાય.

ચાર્લ્સ લુઇસ આલ્ફોન્સ લેવેરન નામના વ્યક્તિએ ૧૮૮૯માં મેલેરિયા પરોપજીવીની શોધ કરી હતી. જેના માટે તેમને ૧૯૦૭માં નોબેલ પુરસ્કાર પણ મળ્યો હતો.જો કે, આ પહેલા ૧૯૮૦માં જાણવા મળ્યું હતું કે મેલેરિયા પરોપજીવી યકૃતમાં છુપાયેલા સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે. આ પછી, રહસ્ય ઉકેલાયું કે વર્ષો પહેલા મેલેરિયામાંથી સાજા થયેલા દર્દીઓ અચાનક આ જ રોગથી પીડાય છે.જો કે, મેલેરિયા સામાન્ય રીતે ખૂબ જ નાના લક્ષણો સાથે શરૂ થાય છે. ઉદાહરણ તરીકે, સતત માથાનો દુખાવો રહે છે. વ્યક્તિ નર્વસ થઈ જાય છે, ઉબકા આવે છે, ક્યારેક અચાનક ખૂબ જ તાવ આવે છે. કેટલીકવાર વ્યક્તિને ખૂબ ઠંડી લાગે છે. ક્યારેક સતત ઉલ્ટી થાય છે. પેટમાં ભયંકર દુખાવો, વધુ પડતો પરસેવો અને શરીરમાં અચાનક લોહીની ઉણપ જણાય છે. આ તમામ લક્ષણો મેલેરિયાના છે અને માનવી લગભગ ૨૦૦ વર્ષથી આ લક્ષણો સાથે આ જીવલેણ રોગ વિશે જાણે છે.એવું નથી કે મેલેરિયા પર સંશોધન નથી થઈ રહ્યું અને તેનું નિવારણ શોધવા માટે રોકાણ નથી થઈ રહ્યું, તેમ છતાં મેલેરિયા એ વિશ્વના કેટલાક રોગોમાંનો એક છે, જેને આજ સુધી માનવી કાબુમાં કરી શક્યો નથી અને જે સામાન્ય લક્ષણોથી શરૂ થાય છે અને થોડા જ સમયમાં જીવલેણ બની જાય છે.મેલેરિયાની રસી સાર ૨૧/ મેટ્રીક્સ એમની માનવ પર અજમાયશ બે વર્ષ પહેલાં વિશ્વ આરોગ્ય સંસ્થા હુ'ના નેતૃત્વ હેઠળ શરૂ થઈ હતી અનેહુ' મુજબ, તે પ્રાથમિક પરીક્ષણોમાં ૭૭ ટકા સુધી અસરકારક હોવાનું જણાયું છે.લંડનની ઓક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા ઉત્પાદિત આ રસીનો પ્રથમ વખત આફ્રિકન દેશ ઘાનામાં મનુષ્યો પર પ્રયોગ કરવામાં આવ્યો છે. ઘાનાની ફૂડ એન્ડ ડ્રગ ઓથોરિટીએ ૫ થી ૩૬ મહિનાની વયના શિશુઓ અને કિશોરોમાં આ રસીનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે.વિશ્વભરના વૈજ્ઞાનિકો અને ડોકટરોને આશા છે કે આ રસી પછી મેલેરિયાથી મૃત્યુ પામનારા લોકોની સંખ્યામાં ઘટાડો થશે. કારણ કે દર વર્ષે તે લગભગ ૨૫ કરોડ લોકોને ચેપ લગાડે છે અને આ ૨૫ કરોડ લોકોમાંથી ૬ લાખથી વધુ લોકો મૃત્યુ પામે છે.ભારત વિશ્વના એવા ૧૫ દેશોમાં સામેલ છે જે મેલેરિયાથી સૌથી વધુ પ્રભાવિત છે અને જો આપણે ભારતમાં મેલેરિયાથી સૌથી વધુ પ્રભાવિત વિસ્તારોની વાત કરીએ તો તેમાં ઓરિસ્સા, છત્તીસગઢ, ઝારખંડ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ત્રિપુરા, મેઘાલય અને ઉત્તર-પૂર્વનો સમાવેશ થાય છે. અન્ય રાજ્યોમાં પણ મેલેરિયા એક અત્યંત ચેપી રોગ છે.

જેમ આપણે જાણીએ છીએ કે મેલેરિયા પ્રોટોઝોઆ અથવા પરોપજીવી દ્વારા ફેલાય છે અને તેનો સૌથી ખતરનાક પ્રકાર ફાલ્સીપેરોન પરોપજીવી છે. વાસ્તવમાં, આ પરોપજીવી માણસના લાલ રક્તકણોને નુકસાન પહોંચાડે છે, તેના કારણે લાલ રક્ત વાહિનીઓ બંધ થઈ જાય છે અને પરિણામે, આપણા મગજ, કિડની અને ફેફસાંને ભારે નુકસાન થાય છે.મેલેરિયા પણ ગરીબી સંબંધિત રોગ છે. આ જ કારણ છે કે આફ્રિકાના ઘણા દેશો તેનાથી ખૂબ પ્રભાવિત છે. આફ્રિકા માટે, મેલેરિયા માત્ર માનવીઓ માટે જીવલેણ નથી પરંતુ અહીંની અર્થવ્યવસ્થા માટે પણ જોખમી છે.

દર વર્ષે આફ્રિકામાં મેલેરિયાના વ્યાપક પ્રસારને કારણે લાખો પ્રવાસીઓ જેઓ અહીં પ્રવાસન માટે આવી શક્યા હોત તેઓ આવતા નથી. આના પરથી સમજી શકાય છે કે આફ્રિકાને ૧૨ થી ૧૫ મિલિયન ડોલરનું નુકસાન થયું છે.

જો કે, મેલેરિયાથી થતા મૃત્યુનો નોંધાયેલ આંકડો વાર્ષિક આશરે ૬ લાખ ૩૦ હજાર છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે વધુ લાખો લોકો મૃત્યુ પામે છે કારણ કે ઘણા દર્દીઓ હોસ્પિટલને બદલે ઘરે જ મૃત્યુ પામે છે અને તેઓ નોંધાયેલા નથી. તેથી, ડબ્લ્યુએચઓ 'હુ' માને છે કે આના કારણે વાર્ષિક ૭ થી ૨૭ લાખ લોકો મૃત્યુ પામી શકે છે અને દુઃખદ પાસું એ છે કે આના કારણે મૃત્યુ પામનારાઓમાં ૭૫ ટકા આફ્રિકાના ગરીબ બાળકો અને ગર્ભવતી મહિલાઓ છે.

વિશ્વમાં આ રોગના કારણે સૌથી વધુ મૃત્યુ નાઈજીરિયામાં થાય છે. પરંતુ ભારતમાં પણ દર વર્ષે બે લાખથી વધુ લોકો મેલેરિયાના કારણે મૃત્યુ પામે છે.દર વર્ષે, વિશ્વભરના ડોકટરો અને નિષ્ણાતો મેલેરિયા સામેની લડાઈ માટે એક થીમ પસંદ કરે છે. આ વર્ષની થીમ છે 'હેલ્થ ઇકોલોજી, જેન્ડર એન્ડ હ્યુમન રાઇટ્સ'. ગયા વર્ષે, એટલે કે વર્ષ ૨૦૨૩ની થીમ શૂન્ય મેલેરિયા સુધી પહોંચવાનો સમય, રોકાણ, નવીનતા, અમલીકરણ હતી.વાસ્તવમાં, દર વર્ષે નવી થીમ પસંદ કરવાનું આયોજન કરવાનો હેતુ સમગ્ર વર્ષ માટે મેલેરિયા સંબંધિત તે ચોક્કસ વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. આ પરિપ્રેક્ષ્યમાં, સમગ્ર વિશ્વમાં ડોકટરો, સંશોધકો અને વૈજ્ઞાનિકો મેલેરિયા સામે દાંત અને નખની લડાઈ લડી રહ્યા છે. તેમ છતાં, પ્રખ્યાત અભિનેતા નાના પાટેકરે તેમની એક ફિલ્મમાં કહ્યું હતું કે, એક નાનો મચ્છર આખી દુનિયાને અપંગ કરી શકે છે.તેથી જ મેલેરિયા તેની શોધના ૧૩૦ વર્ષ પછી પણ મનુષ્યો માટે એટલો જ ડરામણો છે. અને અત્યારે પણ મચ્છરો આપણને વારંવાર મુશ્કેલી આપી રહ્યા છે.



# આલિયા ભટ્ટ અને શર્વરીની ‘આલ્ફા’ ક્રિસમસ પર આવશે

આલિયા ભટ્ટ અને શર્વરી વાઘની સ્પાય એક્શન ફિલ્મ ‘આલ્ફા’ પહેલાં ક્રિસમસ ૨૦૨૫ પર રિલીઝ થવાની હતી. યશરાજ સ્પાય યુનિવર્સની ફિલ્મ ‘વૉર ૨’માં છેલ્લે ‘આલ્ફા’નું ટીઝર પણ બતાવાયું હતું, ત્યારથી આ ફિલ્મ અંગે ચર્ચા અને ઉત્સુકતા પણ હતા. ત્યારથી આ ફિલ્મ ક્રિસમસ પર રિલીઝ થાય એની રાહ જોવાતી હતી. પરંતુ યશરાજ સ્પાય યુનિવર્સની બહુચર્ચિત ફિલ્મ પાસે ઘણી અપેક્ષાઓ હોવા છતાં નિષ્ફળ જતાં મેકર્સ ‘આલ્ફા’ અંગે વધુ ચિંતિત થઈ ગયા હોવાના પણ અહેવાલો હતા. પરંતુ હવે દર્શકોએ આ ફિલ્મ માટે થોડી વધુ રાહ જોવી પડશે.

યશરાજ ફિલ્મ્સના પ્રવક્તાઓના જણાવ્યા અનુસાર આ સ્પાય એક્શન ફિલ્મ પાછી ઠેલાઈ છે કારણ કે તેમાં વિઝ્યુઅલ ઈફેક્ટ્સનું કામ હજુ બાકી છે. તેથી મેકર્સ હવે ૧૭ એપ્રિલ, ૨૦૨૬ના દિવસે રિલીઝ કરવાનું આયોજન કરી રહ્યાં છે. પ્રવક્તાએ આ અંગે આગળ જણાવ્યું, અમારી ટીમ માટે આલ્ફા એક ઘણી ખાસ ફિલ્મ છે. તેઓ આ ફિલ્મને સૌથી વધુ સિનેમેટિક બનાવવા માગે છે. તેમણે ધાર્યું હતું તેના કરતાં તેના વીએફએક્સમાં વધુ સમય લાગી રહ્યો છે. તેથી તેઓ નથી ઈચ્છતા કે આ ફિલ્મ દર્શકો માટે એક યાદગાર અનુભવ બની રહે તેમાં કોઈ પણ કમી રહી જાય. તેથી હવે ફિલ્મ મોડી રિલીઝ થશે. તેમના મતે વીએફએક્સ ટીમ અસાધારણ મોડું થયું હોવાથી ઘણાં દબાણ હેઠળ કામ કરી રહી છે. તેના કારણ તેમના માટે સમયસર કામને પહોંચી વળવું મુશ્કેલ બની ગયું છે. ખાસ તો ટીમનું માનવું છે કે આ વિલંબ માત્ર વિઝ્યુઅલ ઈફેક્ટ્સના બાકી કામના કારણે જ છે, અવતાર સહીતની ફિલ્મ ડિસેમ્બર અંતથી જાન્યુઆરી સુધી ઘણી ફિલ્મ રિલીઝ થવાની હોવાથી સ્પર્ધાના કારણે તેઓ પાછળ હટી રહ્યાં નથી. ટીમ એપ્રિલ પહેલાં ફિલ્મ રિલીઝ કરી શકવાની સ્થિતિમાં જ નથી.યશરાજના સ્પાય યુનિવર્સની સાતમી ફિલ્મ છે. શિવ રવૈલે ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં આલિયા ભટ્ટ અને શર્વરી વાઘ બે એજન્ટના રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં બોબી દેઓલ અને અનિલ કપૂર પણ મહત્વના રોલમાં જોવા મળશે. ‘વૉર ૨’ના પોસ્ટ ક્રેડિટ સીન પરથી ખ્યાલ આવે છે કે ‘આલ્ફા’માં બોબી દેઓલ એક વિલના રોલમાં જોવા મળશે.

## ‘સ્ત્રી ૨’અને કાર્તિક આર્યનને દાદા સાહેબ ફાળકે એવોર્ડ વિજેતાઓમાં વિદ્યા, ક્રિતિ અને સોનાક્ષીનો પણ સમાવેશ

નેશનલ એવોર્ડ જેટલાં જ મહત્વના દાદા સાહેબ ફાળકે એવોર્ડ છે. મુંબઈમાં ગુરુવારે એક કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ઘણા સેલેબ્રિટી હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્ઝ ૨૦૨૫ની જાહેરાત કરવામાં આવી છે. આ વિજેતાઓની યાદીમાં કાર્તિક આર્યન, વિદ્યા બાલન, ક્રિતિ સેનન અને સોનાક્ષી સિંહાનો સમાવેશ થાય છે.




૨૦૧૨માં દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલનો વિચાર કરવામાં આવ્યો હતો અને ૨૦૧૬માં તેની શરૂઆત કરવામાં આવી હતી. ભારતીય સિનેમાના પિતા ગણાતા દાદા સાહેબ ફાળકેના વારસાને સન્માનિત કરવા માટે આ ફેસ્ટિવલની શરૂઆત કરવામાં આવી હતી.

આ ભારતનો એક માત્ર સ્વતંત્ર ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ છે. તેમાં દુનિયાભરનાં આગળ વધી રહેલાં, સ્વતંત્ર અને પ્રોફેશનલ ફિલ્મ મેકર્સને પ્રોત્સાહન આપવામાં આવે છે. વિવિધ ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદાન આપી રહેલાં સર્જકો, જે ફિલ્મ મેકિંગ અને દુનિયાભરના દર્શકોનો એક અવાજ છે, તેમને મંચ પુરો પાડીને અને તેમના કામની નોંધ લઈ દાદા સાહેબ ફાળકેના જીવનભરનાં સિનેમાનાં પ્રદાનને સન્માન આપવામાં આવે છે.

# ધર્મા પ્રોડક્શન્સ ભાગ્યે જ નુકસાન કરે છે, ‘જિગરા’ની નિષ્ફળતાથી ફરક પડ્યો નહીં

ધર્મા પ્રો ડક્શન્સની તાજેતરમાં આવેલી ત્રણ ફિલ્મો ‘હોમબાઉન્ડ’, ‘જિગરા’ અને ‘ધડક ૨’ અલગ અલગ પ્રકારની ફિલ્મ છે, પરંતુ આ ત્રણે ફિલ્મમાં જે સર્વ સામાન્ય વાત એ છે કે આ ત્રણમાંથી એક પણ ફિલ્મ બોક્સ ઓફિસ પર ચાલી નથી.



ત્યારે ઘણા લોકો એવું માનતા થયા છે કે ધર્મા પ્રોડક્શનને આ ફિલ્મ નહી ચાલવાથી ઘણું નુકસાન થયું છે. પરંતુ ધર્મા પ્રોડક્શન્સના ક્રિએટિવ હેડ સોમેન મિશ્રાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું છે કે ધર્મા ક્યારેય નુકસાન કરતું નથી. તેમણે જણાવ્યું, “આ બંને ફિલ્મ ઓછા બજેટમાં બની હોવાથી અમે આંકડાઓ મામલે સુરક્ષિત રહેવા માગતા હતા. હોમબાઉન્ડ માટે લેખકો, દરેક વિભાગના હેડથી લઈને જાહન્વી સુધી બધાએ ફીમાં કામ કર્યું હતું. મેં દરેક લેખકને કહ્યું કે આગળની ફિલ્મથી તેઓ માગે એ રકમ આપીશ અને તેમણે સ્વીકાર્યું પણ ખરું. આ રીતે અમે સસ્તામાં ફિલ્મ બનાવી હતી. તેથી આ બે ફિલ્મ માટે અમને ક્યારેય બોક્સ ઓફિસની ચિંતા નહોતી. આપણે કમર્શીયલ ફિલ્મ બનાવતા હોઈએ તો બોક્સ ઓફિસ પર ઘણું ધ્યાન આપવું જ પડે છે. પરંતુ ધર્મામાં હું શીખ્યો છું કે ફિલ્મમાં અમે ભાગ્યે જ નુકસાન ભોગવીએ છીએ.”આની પાછળનું કારણ જણાવતા સોમેન મિશ્રાએ જણાવ્યું, “અમને રેવન્યુમાંથી ઘણી આવક મળે છે. કારણ કે મોટા ભાગે અમારું સંગીત ઘણું લોકપ્રિય થાય છે, તેનાથી અમને સારી રકમ મળી રહે છે, આ પરાંત ફિલ્મ અને સંગીતના ડિજિટલ અને સેટેલાઈટ અધિકારોમાંથી પણ ઘણી આવક થાય છે, તેથી અમને ભાગ્યે જ કોઈ નુકસાન થતું હોય છે. આ એક ખોટી માન્યતા છે. જો ફિલ્મનું બજેટ ૧૦૦ કરોડ હોય, તો અમે ગણતરી કરીએ છીએ કે અમે થિએટર રિલીઝ સિવાય ડિજીટલ અધિકારોમાંથી કમ સે કમ ૮૦ કરોડ મેળવી શકીએ તેમ છીએ કે નહી, આ રીતે અમારું જોખમ માત્ર ૨૦ ટકા જ હોય છે. તેથી મોટાભાગે એ ખર્ચ રીકવર થઈ જતો હોય છે.”

સાથે સોમેન મિશ્રાએ એમ પણ સ્વીકાર્યું કે, “હોમબાઉન્ડ કમાવવા માટે બની જ નહોતી, તેથી તેમાં બોક્સઓફિસ પર ચાલવાની કોઈ આશા જ નહોતી. અમારો મુદ્દો એ હતો કે એને કેન્સ કે ટોરન્ટો ફેસ્ટિવલમાં કઈ રીતે લઈ જવી. જો ત્યાં ન પહોંચી હોત તો પ્રોબ્લેમ ગણી શકાય. ફિલ્મ નિષ્ફળ જાય ત્યારે કરણ પણ હમેશા મન શાંત રાખે છે. બસ તેનાથી શીખીને આગળ વધવાનું હોય છે. જિગરા ચાલી હોત તો સ્થિતિ કંઈક અલગ હોત, પણ ન ચાલી તો પણ કોઈ વાંધો નહી.”

ધડક ૨નું બજેટ ૫૦-૬૦ કરોડ હતું. તેમાં તૃપ્તિ ડિમરી અને સિદ્ધાંત ચતુર્વેદી લીડ રોલમાં હતા. આ ફિલ્મે વર્લ્ડ વાઈડ ૩૧.૫ કરોડની કમાણી કરી. જ્યારે હોમબાઉન્ડ ૨૫ કરોડના બજેટમાં બની હતી અને તેને ૨.૬૫ કરોડની જ આવક થઈ. જ્યારે જિગરા ૮૦ કરોડમાં બની હતી, ૫૫ કરોડની કમાણી કરી.

# અનીત પડ્ડાનો ‘થામા’માં પોતાનું નામ અને ટીઝર જોઈને ખુશ થતો વીડિયો વાયરલ



અનીત પડ્ડા મોહિત સુરીની ફિલ્મ ‘સૈયારા’થી રોતારાત સ્ટાર બની ગઈ છે. તાજેતરમાં જ તે મેડોકની ‘શક્તિ શાલિની’માં લીડ રોલ કરતી હોવાની જાહેરાત થઈ છે. મેડોકના હોરર કોમેડી યુનિવર્સનું આગામી મોટું પ્રકરણ શક્તિ શાલિની છે. ત્યારે અનીત પડ્ડાના આ પાત્રની ઝલક ‘થામા’માં છેલ્લે પોસ્ટ ક્રેડિટમાં આપવામાં આવી છે.

૨૧ ઓક્ટોબરે દિવાળી નિમિત્તે ‘થામા’ રિલીઝ કરવામાં આવી છે. ત્યારે હવે અનીત પડ્ડાનો એક વીડિયો વાયરલ થયો છે, તે થિએટરમાં બેસીને ‘થામા’માં તેનું ‘શક્તિ શાલિની’નું ટીઝર જોઈ રહી છે. આ વીડિયોમાં તે એટલી ઉત્સાહીત અને ખુશ છે કે તેની ખુશી સમાતી નથી.

અનીત પડ્ડાનો થામાના પોસ્ટ ક્રેડિટમાં શક્તિ શાલીનીના ટીઝરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, તે આ જોતાં ખડખડાટ હસે છે. આ વીડિયો જોઈને તેના ફેન્સ પણ ખુબ ખુશ થઈ ગયા છે અને તેના વીડિયો પર અનેક કમેન્ટ્સ આવી છે.

‘શક્તિ શાલિની’ ૨૪ ડિસેમ્બર, ૨૦૨૬ના દિવસે થિએટરમાં રિલીઝ થવાની છે. ‘થામા’માં જોવા મળતી ઝલક પરથી અંદાજ આવે છે કે ‘શક્તિ શાલિની’નું પાત્ર “સર્જક, વિનાશક અને બધાની માતા”. થામાનો આ પોસ્ટ ક્રેડિટ સીન વાયરલ થયો ત્યારથી જ અનીત પડ્ડા આ રોલ કરવાની હોવાની ચર્ચા ચાલી હતી. આ ઝલકમાં એક મહિલા ગાઢ જંગલમાં હવામાં ઉડી રહી છે પાછળથી કેમેરા તેને ફોલો કરી રહ્યો છે.

# એક્ટર સતીશ શાહ એક્ટિંગના શાહસાહેબ

## ‘કોઈ ઍંગલથી એક્ટર જેવો નથી લાગતો’ એવી આકરી ટીકા સાંભળ્યા પછી અભિનયની આવડતથી અનેરી ઊંચાઈ હાંસલ કરી એમણે

શાહરુખ સાથેની પહેલી ફિલ્મ ‘કભી હાં કભી ના’ અને ‘ભૂતનાથ’માં અમિતાભ બચ્ચન સાથે ‘ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાનો ડિપ્લોમા મેળવી હું ચિત્રપટ સૃષ્ટિમાં કામ મેળવવા આવ્યો એ સમયે એક્ટરોને અલગ અલગ ચોકઠામાં ફિટ કરવાનો રિવાજ હતો અને આશ્ર્ચર્યની વાત એ હતી કે હું એકમાં પણ બંધબેસતો નહોતો. મારી ઊંચાઈ સારી હતી અને શારીરિક બાંધો મજબૂત હતો એટલે કોમેડિયન તરીકે હું યોગ્ય નહોતો. મારા ચહેરામાં કુમાશ હતી એટલે વિલન તરીકે પણ ફિટ નહોતો અને હીરોના લુક્સ પણ નથી એવું મને રોકડું પરખાવી દેવામાં આવ્યું.’

ટૂંકમાં સતીશ શાહ એક્ટરની કોઈ પણ વ્યાખ્યામાં ફિટ નહોતો બેસતો. વ્યથાકથા આગળ વધારી શાહસાહેબ જણાવે છે કે ‘હું જ્યારે પણ લોકોને મળવા જતો ત્યારે હું સિનેમેટોગ્રાફર કે એડિટર અથવા ડિરેક્ટર તરીકે કરિયર બનાવવા માગતો હોઈશ એવું લોકો ધારી બેસતા. ટૂંકમાં મારો દેખાવ-મારા લુક્સ મારા માટે અડચણ હતા.’

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની આ જ તો વિચિત્રતા છે. ભારતભૂષણથી લઈ મહિપાલ અને રાહુલ રોય તેમ જ વિવેક મુશ્રન જેવા નબળા અભિનેતા ટોપ એક્ટર બની જાય છે અને અફલાતૂન એક્ટરની વ્યાખ્યાને ઉજળી બનાવતા સતીશ શાહને ગુણી અભિનેતાનું સર્ટિફિકેટ હોવા છતાં કામ મેળવવા સંઘર્ષ કરવો પડે. ફિલ્મ હોય કે ટીવી સિરિયલ હોય કે નાટક હોય, સતીશ શાહએ સાકાર કરેલાં પાત્રો દર્શકોના સ્મૃતિપટ પર કાયમ અંકિત રહેશે.

શાહ સાહેબની એ કમાલ છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કિંગ ખાન શાહરુખ ખાનને સતીશ શાહ માટે ‘કભી હાં કભી ના’ વખતથી લાગણી અને આદર હતા. કેટલાક વર્ષ પહેલા એક ઈન્ટરવ્યૂમાં સાથી કલાકારોના અભિનયના ઉલ્લેખ દરમિયાન શાહરુખે સતીશ ભાઈનો ઉલ્લેખ ‘હમારે શાહસાહબ’ એવી રીતે કર્યો હતો. બોલચાલમાં શાહ સાહેબ એ આદર વ્યક્ત કરતું સંબોધન છે. મોભો અને આવડતની ઊંચાઈનું પ્રમાણપત્ર છે. સતીશ શાહ નિ:શંક એ હરોળના કલાકાર રહ્યા..સતીશ શાહે ત્રીસેક વર્ષની કારકિર્દીમાં ઘણી ફિલ્મો કરી, પણ મુખ્યત્વે એમની નામના કોમેડિયન તરીકે રહી. એક એવા કોમેડિયન જેનો સહજ અભિનય રમૂજ પેદા કરે, તેમણે ભજવેલું પાત્ર સ્મરણમાં રહી જાય. એક્ટર નહી પણ એનું પાત્ર પ્રભાવ પાડી જાય એ કલાકારની સિદ્ધિ કહેવાય. સતીશ





શાહની કરિયરમાં ‘જાને ભી દો યારો’ તેમ જ ટીવી સિરિયલ ‘યે જો હૈ જિંદગી’ અને ‘સારાભાઈ વર્સીસ સારાભાઈ’ સીમાચિન્હ ગણાય છે. અહીં આપણે અમિતાભ બચ્ચન અને શાહરુખ ખાન સાથેની ફિલ્મોમાં પણ એ કેવા સ્મરણમાં રહ્યા એ જાણીએ.અમિતાભ બચ્ચન સાથેની બે ફિલ્મનો વિશેષ ઉલ્લેખ કરવો જોઈએ. પહેલી છે શરૂઆતના દોરની રમેશ સિપ્પીની ‘શક્તિ’. ‘અરવિંદ દેસાઈ કી અજીબ દાસ્તાન’, ‘અલબર્ટ પિન્ટો કો ગુસ્સા ક્યોં આતા હૈ’, ‘ઉમરાવ જાન’ વગેરે ફિલ્મોમાં ચમકેલા અભિનેતાની હજી કોઈ ઈમેજ નહોતી બની. જોકે, ‘શક્તિ’માં એક ટ્રેનના સીનમાં સ્મિતા પાટીલની છેડતી કરતા મવાલી ટાઈપ યુવાનના રોલમાં જોયા પછી આ એક્ટર વિલન તરીકે કાઠું કાઢી શકશે એમ માનવાનું સહેજે મન થાય. જોકે, અમિતજીએ એક્ટરને શ્રદ્ધાંજલિ આપતી વખતે જેનો ઉલ્લેખ કર્યો છે એ ‘ભૂતનાથ’માં માત્ર ચહેરાના હાવભાવથી મૂંઝાયેલા અને હાસ્યાસ્પદ સાબિત થયેલા સ્કૂલ પ્રિન્સિપાલને જે ખૂબીથી પેશ કર્યા છે એ જોવા જેવું છે. સીનમાં અમિતજીની હાજરી હોવા છતાં સતીશ શાહ વધુ દાદ મેળવીને યાદ રહી જાય છે. રસપ્રદ વાત એ છે કે બીજી નવેમ્બરે આયુષ્યના ૬૦ વર્ષ પૂર્ણ કરનારા કિંગ ખાનની કેટલીક ફિલ્મો આજથી દર્શાવવામાં આવી રહી છે અને એમાંથી ત્રણ ફિલ્મમાં સતીશ શાહના અભિનયની આભા ફરી એકવાર સિને રસિકોને માણવા મળશે. શાહરુખ ખાનની પ્રારંભિક દોરની ફિલ્મ ‘કભી હાં કભી ના’માં પહેલી વાર બંને કલાકાર સાથે જોવા મળ્યા હતા. કુશળ અભિનેતા એ કહેવાય કે જે રોલની લંબાઈ સામે જોયા વિના અભિનયનું ઊંડાણ દર્શકો સમક્ષ રજૂ કરે. દર્શકો જ્યારે કિંગ ખાનની ફિલ્મો ફરી જોશે ત્યારે શાહરુખનું સ્ટારડમ તો એન્જોય કરશે જ, પણ સાથે સાથે જે સહજતાથી રમૂજ પડદા પર સાકાર કરવાની હથોટી ધરાવતા સતીશ શાહની કમાલનો પણ આનંદ લેશે. ‘કભી હાં કભી ના’માં શાહ સાહેબ એના નામની યુવતી (સુચિત્રા કૃષ્ણમુર્તિ)ના પિતા સાયમન ગોન્ઝાલ્વિસના પાત્રમાં જોવા મળે છે. મિસ્ટર ગોન્ઝાલ્વિસ એક બેકરીના માલિક છે અને ગળ્યું ખાવાના બેહદ શોખીન હોવાથી બેકરીની ઘણી આઈટમ પોતે જ ખાઈ જતા હોય છે. ડાયાબિટીસથી પીડાતા અને લોકોનું ધ્યાન ખેંચવા સતત કોશિશ કરતા ગોન્ઝાલ્વિસના તરફડિયાં કે પછી દીકરી એના પાસેથી કેકનો ટુકડો માગતા પરવશ પિતાશ્રી તરીકે સતીશ શાહનું સામર્થ્ય દેખાય છે. રમૂજી પાત્ર ભજવતી વખતે કોમિક ટાઈમિંગનું ખાસ્સું મહત્ત્વ હોય છે અને સતીશ શાહની એમાં માસ્ટરી રહી છે. ફરાહ ખાનની ‘મૈં હૂં ના’ ફિલ્મમાં કામ કરવાની પોતાની ઈચ્છા નહોતી એવું સતીશ શાહે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું. જોકે, જૂના સંબંધો અને શાહરુખના આગ્રહને માન આપી તેમણે પ્રોફેસર માધવ રસઈનો રોલ કરવા માટે હા પાડી હતી. બોલતી વખતે મોંમાંથી થૂંક ઊડતા પ્રોફેસરના નાના અમથા રોલમાં પણ સતીશ શાહ ધ્યાન ખેંચવામાં સફળ રહ્યા હતા. ‘ઓમ શાંતિ ઓમ’ ફિલ્મમાં સુધ્ધાં શાહસાહેબનો નાનકડો જ રોલ છે, પણ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ગોલ્ડન એરાની ઠેકડી ઉડાવતા સીનમાં સતીશ શાહ મોજ કરાવે છે. એમાંય જ્યારે પોતાના યુનિટના સભ્યોને ‘બિમલ રોય એન્ગલ’ કે પછી ‘ગુરુ દત્ત એન્ગલ’ અને ‘સત્યજિત રાય’ એન્ગલ શૂટ કરવા ફરમાન આપે છે ત્યારે સમજ્યા વિના મહારથીઓનું અનુકરણ કરવાની ઘેલછા અભિનેતાએ આબાદ ઉપસાવી છે.

# વિશ્વવિજેતા મહિલા ટીમ દિલ્હીમાં

## એરપોર્ટ-હોટલ પર ઢોલ-ટ્રમ્પેટથી સ્વાગત



દિલ્હીની એક હોટલમાં પહોંચ્યા પછી, વિશ્વની ડિફેન્ડિંગ મહિલા ટીમનું ઢોલ અને ટ્રમ્પેટ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. આ દરમિયાન, ભારતીય ખેલાડીઓ અને મુખ્ય કોચ અમોલ મઝુમદારે કેક કાપીને વિજયની ઉજવણી કરી.

નોંધનીય છે કે, મહિલા ટીમે વર્લ્ડ કપના ૫૨ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર ચેમ્પિયન બની છે. આ પહેલા, તેઓ ૨૦૦૫ અને ૨૦૧૭ માં વર્લ્ડ કપ ફાઈનલમાં રમી હતી, પરંતુ ટીમ જીતવામાં નિષ્ફળ રહી હતી.


ભારતીય મહિલા ટીમ મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે દિલ્હી પહોંચી હતી. આ ઐતિહાસિક જીત સાથે, હરમનપ્રીત કૌર વર્લ્ડ કપ જીતનાર ચોથી ભારતીય કેપ્ટન બની ગઈ છે. કપિલ દેવ, એમએસ ધોની અને રોહિત શર્માએ અગાઉ ભારતને વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સ્થાન અપાવ્યું છે.

આનો અર્થ એ થયો કે, મહિલા કેપ્ટન હરમનપ્રીત પણ હવે આ પ્રતિષ્ઠિત યાદીમાં પોતાનું સ્થાન મેળવી ચૂકી છે. આ ભારતનું પહેલું વર્લ્ડ કપ ટાઇટલ છે, જેણે તેમને ૨૦૦૫ અને ૨૦૧૭ ની ફાઈનલ હારના દુઃખને ભૂલવામાં મદદ કરી.

# વિરાટ કોહલીનો ૩૭મો જન્મદિવસ

## સોશિયલ મીડિયા પર ચાહકોનો શુભેચ્છાઓનો ધોધ

### કેટલાકે તેને ચેઝ માસ્ટર તો કેટલાકે GOAT કહી સંબોધિ શુભકામના આપી



**નવી દિલ્હીઃ તા.૫**

વિરાટ કોહલી... હવે તે ફક્ત એક નામ નથી રહ્યું, તે બ્રાન્ડ બની ગયું છે. વિરાટે તેની કારકિર્દીમાં અપાર સફળતા મેળવી છે, અને તેના કારણે તેને તેના ચાહકો તરફથી અપાર પ્રેમ મળ્યો છે.

૫ નવેમ્બરના રોજ, વિરાટ કોહલી ૩૭ વર્ષનો થયો. આજે તેનો જન્મદિવસ છે. આજે તેમના જન્મદિવસ પર તેમના ચાહકોએ ભરપૂર સોશિયલ મીડિયા પર શુભકામના પાઠવી છે.

કેટલાકે તેને ચેઝ માસ્ટર તો કેટલાકે GOAT કહી સંબોધિયા છે. સાથે ક્રિકેટ જગતના દિગ્ગજો એ પણ વિરાટ કોહલીને જન્મદિવસની શુભકામના પાઠવી હતી.

X પર એક યુઝરે લખ્યું, 'ક્રિકેટના રાજા વિરાટ કોહલીને જન્મદિવસની શુભકામનાઓ.' તો બીજા યુઝરે લખ્યું, "ચેઝ માસ્ટર વિરાટ કોહલીને જન્મદિવસની શુભકામનાઓ."

ત્યારબાદ યુઝરે તેને કિંગ કહીને બોલાવ્યો. કેટલાકે 'ક્રિકેટના દિગ્ગજ તો કેટલાકે રમતના તમામ ફોર્મેટમાં રમનાર અત્યાર સુધીના મહાન અને એકમાત્ર બેટ્સમેન ગણાવ્યા.

એક યુઝરે લખ્યું, 'સર્વકાલીન મહાન વ્હાઇટ બોલ ક્રિકેટરને જન્મદિવસની શુભકામનાઓ.' તો એકે, 'નિડર ક્રિકેટના ચહેરો ગણાવ્યો.

# ભારતની વર્લ્ડ કપ જીતથી પાકિસ્તાન નાખુશ, મહિલા ટીમના કોચ વસીમને બરતરફ કર્યા



પાકિસ્તાન ૨૦૨૫ મહિલા વર્લ્ડ કપમાં ભારતની ઐતિહાસિક જીતથી નાખુશ હોવાની શક્યતા છે, અને તેણે તેની મહિલા ટીમ સામે કાર્યવાહી શરૂ કરી દીધી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડએ મહિલા ટીમના કોચ મોહમ્મદ વસીમને બરતરફ કર્યા છે.

ભારત અને શ્રીલંકા દ્વારા આયોજિત મહિલા વર્લ્ડ કપમાં પાકિસ્તાનનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. ટીમ એક પણ મેચ જીતી શકી ન હતી અને છેલ્લા સ્થાને રહી હતી.

આ વર્ષે એપ્રિલમાં લાહોરમાં યોજાયેલી ક્વોલિફાયરમાં ટોચનું સ્થાન મેળવીને પાકિસ્તાને મહિલા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું હતું. જોકે, ફાતિમા સનાની આગેવાની હેઠળની ટીમ ટુર્નામેન્ટમાં સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહી.

કોલંબોમાં રમાયેલી સાત મેચમાં ટીમ એક પણ મેચ જીતી શકી ન હતી અને છેલ્લા સ્થાને રહી હતી. સાત મેચમાંથી, પાકિસ્તાન ચાર મેચ હારી ગયું હતું, જ્યારે ત્રણ મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી.

પીસીબીએ જણાવ્યું હતું કે વસીમનો કરાર વર્લ્ડ કપ સાથે સમાપ્ત થઈ ગયો હતો અને બોર્ડે તેને લંબાવવાનો નહી અને તેના બદલે નવા મુખ્ય કોચની નિમણૂક કરવાનો નિર્ણય લીધો હતો. ભૂતપૂર્વ ટેસ્ટ ખેલાડી અને પુરુષ ટીમના મુખ્ય પસંદગીકાર તરીકે પણ સેવા આપી ચૂકેલા વસીમને ગયા વર્ષે મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

તેમના કાર્યકાળ દરમિયાન, પાકિસ્તાન એશિયા કપ સેમિફાઈનલ હારી ગયું હતું અને પછી આ વર્ષની શરૂઆતમાં ઝ૨૦ વર્લ્ડ કપના લીગ તબક્કામાં બહાર થઈ ગયું હતું.




# ઘૂંટણની ઈજાને કારણે અશ્વિન ઓસ્ટ્રેલિયન T20 લીગ ગુમાવશે

## ચેન્નઈમાં ટ્રેનિંગ દરમિયાન ઈજાગ્રસ્ત, કહ્યું- બિગ બેશ લીગમાં રમવા માગતો હતો

ચેન્નઈમાં ટ્રેનિંગ દરમિયાન ઘૂંટણની ઈજાને કારણે ભારતના ભૂતપૂર્વ ઑફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન ઓસ્ટ્રેલિયન T૨૦ લીગ બિગ બેશ લીગ ગુમાવશે.

અશ્વિને તેના ઓસ્ટ્રેલિયન ચાહકોને લખ્યું, "સિડની થંડર ટીમનો ભાગ બનવા માટે હું ખૂબ જ ઉત્સાહિત હતો. પરંતુ હવે મારું ધ્યાન રિહેબ અને કમબેક કરવા પર રહેશે. ક્લબ અને ચાહકો તરફથી મને મળેલા પ્રેમ અને સમર્થન બદલ આભાર. જો ડોક્ટરો મંજૂરી આપશે, તો હું સીઝન પછી ચોક્કસપણે ટીમની મુલાકાત લઈશ."

અશ્વિને મંગળવારે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે ઘૂંટણની સર્જરીને કારણે તે લીગની પહેલી સીઝન ગુમાવશે. BBLની નવી સીઝન ૧૪ ડિસેમ્બરથી શરૂ થવાની છે.

૩૯ વર્ષીય અશ્વિને ડિસેમ્બર ૨૦૨૪માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી અને ઓગસ્ટ ૨૦૨૫માં IPLમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. આ સીઝનમાં તે સિડની થંડર તરફથી રમવાનો હતો, જે તેની પહેલી બિગ બેશ મેચ હોવાનું માનવામાં આવતું હતું.

અશ્વિને કહ્યું કે તે હવે સંપૂર્ણપણે ફિટ છે અને મેદાનમાં પાછા ફરવા માટે ઉત્સુક છે. તેણે BBLમાં મેન્સ અને વુમન્સ બંને ટીમ માટે શુભકામનાઓ પણ પાઠવી.

રવિચંદ્રન અશ્વિન ભારતનો બીજા ક્રમનો સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. તેણે ત્રણેય ફોર્મેટમાં ૨૮૭ મેચ રમી છે અને ૭૬૫ વિકેટ લીધી છે. તેના પછી ફક્ત અનિલ કુંબલે જ છે, જેણે ૯૫૩ વિકેટ લીધી છે. અશ્વિને ગયા વર્ષે ડિસેમ્બરમાં ગાબા ટેસ્ટના અંતે નિવૃત્તિની જાહેરાત કરી હતી.



# ICC આચારસંહિતાનો ભંગ કરવા બદલ સૂર્યને દંડ, રઉફ પર મેચ પ્રતિબંધ

ભારતના T20 કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને પાકિસ્તાનના ઝડપી બોલર હરિસ રૌફને યુએઈમાં એશિયા કપ દરમિયાન ICC આચારસંહિતાનો ભંગ કરવા બદલ દોષી ઠેરવવામાં આવ્યા હતા.

મંગળવારે બંનેને સજા ફટકારવામાં આવી હતી. ભારત સામેની બે અલગ-અલગ ઘટનાઓ માટે રૌફને ૩૦-૩૦ ટકાનો અલગ-અલગ દંડ ફટકારવામાં આવ્યો હતો. દક્ષિણ આફ્રિકા સામેની આગામી ODI શ્રેણીમાં તેના પર બે મેચનો પ્રતિબંધ પણ મૂકવામાં આવશે.

રમતને બદનામ કરવા બદલ સૂર્યાને તેની મેચ ફીના ૩૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો હતો. તેણે પહેલગામ આતંકવાદી હુમલાના પીડિતો સાથે એકતા અને ભારતીય સશસ્ત્ર દળોને સમર્થન વ્યક્ત કર્યું હતું. જસપ્રીત બુમરાહને પણ એક ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો હતો, જ્યારે અર્શદીપ સિંહ અને સાહિબજાદા ફરહાનને સજા કરવામાં આવી ન હતી.

ઈન્ડિયન પ્રીમિયર લીગ IPL ટીમ લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) એ મંગળવારે T20 લીગની આગામી સીઝન માટે ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર ટોમ મૂડીને ગ્લોબલ ક્રિકેટ ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા.

IPLનો બહોળો અનુભવ ધરાવતા ૬૦ વર્ષીય મૂડી બે વાર સનરાઈઝર્સ હૈદરાબાદના મુખ્ય કોચ તરીકે સેવા આપી ચૂક્યા છે. ૨૦૧૨ માં જ્યારે બ્રાયન લારા મુખ્ય કોચ બન્યા ત્યારે તેમણે ફ્રેન્ચાઈઝી છોડી દીધી હતી.

# રાહુલ દ્રવિડના દીકરાને મોટી તક, દેશની મોટી ટુર્નામિન્ટમાં ક્રિકેટ રમતો જોવા મળશે



ભારતીય ક્રિકેટ દિગ્ગજ રાહુલ દ્રવિડ ટીમ ઈન્ડિયાના સૌથી સફળ ખેલાડીઓમાંથી એક છે. આ ઉપરાંત તેમણે કોચ તરીકે ભારતને ઝઝ ટ્રોફી જીતાડી હતી. તેમના બંને દિકરાઓ પણ ક્રિકેટ રમે છે. દ્રવિડનો નાનો પુત્ર અન્વય દ્રવિડ છેલ્લા કેટલાક સમયથી સમાચારમાં છે. હાલમાં જ કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશન દ્વારા વાર્ષિક પુરસ્કાર સમારોહમાં તેનું સન્માન કરવામાં આવ્યું હતું. ગયા મહિને વિનુ માંકડ ટ્રોફીમાં તેણે કર્ણાટકનું નેતૃત્વ કર્યું હતું. હવે તેને એક મોટી ટુર્નામેન્ટ માટે ભારતની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

આગામી બુધવારથી હૈદરાબાદમાં શરૂ થનારી મેન્સ અંડર-૧૯ વન ડે ચેલેન્જર ટ્રોફી માટે રાહુલ દ્રવિડના પુત્ર અન્વય દ્રવિડની પસંદગી કરવામાં આવી છે. આ ટુર્નામેન્ટ દર વર્ષે યોજાય છે અને યુવા ખેલાડીઓને તેમની પ્રતિભા દર્શાવવાની તક પૂરી આપવામાં આવે છે. અન્વયને ચાર ટીમોની ટીમ ઝમાં સામેલ કરવામાં આવ્યો છે. ટોપ-ઓર્ડર બેટર અને વિકેટકીપરની ભૂમિકા નીભાવનાર અન્વય તેની આક્રમક બેટિંગ માટે જાણીતો છે. આ ટુર્નામેન્ટ ૫ થી ૧૧ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન હૈદરાબાદમાં રમાશે.

ટીમ ઝ નું નેતૃત્વ એરોન જ્યોર્જ સંભાળશે, જેમાં આર્યન યાદવ વાઈસ કપ્તાન હશે. ટીમનો પહેલો મુકાબલો શુક્રવારે વેદાંત ત્રિવેદીના નેતૃત્વ હેઠળની ટીમ ᠆ સામે થશે. આ મેચમાં અન્વય દ્રવિડ રમતા જોવા મળશે. અન્વય દ્રવિડ માટે આ એક મોટી તક હશે, જ્યાં તે પોતાની છાપ છોડવા માંગશે. ઉલ્લેખનીય છે કે, રાહુલ દ્રવિડનો મોટો પુત્ર સમિત દ્રવિડ પણ એક બેટર છે. સમિતે હાલમાં જ મહારાજા T20 KSCA ટ્રોફીમાં ટોપ-ઓર્ડર બેટર તરીકે કેટલીક મેચ રમી હતી.

ટીમ છઃ વિહાન મલ્હોત્રા (કેપ્ટન), અભિજ્ઞાન કુંડુ (વાઈસ-કેપ્ટન અને વિકેટકીપર), વંશ આચાર્ય, બાલાજી રાવ (વિકેટકીપર), લક્ષ્ય રાયચંદાની, વિનીત વી.કે., માર્કંડેય પંચાલ, સાત્વિક દેસવાલ, વી યશવીર, હેમચુડેસન જે, આર એસ અંબ્રીશ, હની પ્રતાપ સિંહ, વાયુ દેવાની, યુધાજીત ગુહા, ઈશાન સૂદ.

# હાર્દિક-માહિકાનો બીચ રોમાન્સ જોરદાર વાઇરલ

## વેકેશનમાં પંડ્યા લેમ્બોર્ગિની ધોતાં-ધોતાં રોમેન્ટિક થયો, માહિકાએ કિસ કરી; દીકરાને ન ભૂલી પિતાની ફરજ પણ નિભાવી

ઈન્ડિયન ટીમનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા પોતાના જીવનના એક નવા અને ખુશખુશાલ તબક્કામાં નજરે પડી રહ્યો છે. વર્ષ ૨૦૨૪માં નતાશા સ્ટેનકોવિકથી ડિવોર્સ પછી, ક્રિકેટરને મોડેલ અને અભિનેત્રી માહિકા શર્મા સાથે ક્વોલિટી ટાઇમ વિતાવતા જોવામાં આવ્યો છે.

મંગળવારે હાર્દિકે ઇન્સ્ટાગ્રામ પર કેટલીક કેન્ડિડ તસવીરો શેર કરી જે તરત જ ઇન્ટરનેટ પર ઝડપથી વાઇરલ થઈ રહી છે. એક વીડિયોએ સૌથી વધુ ધ્યાન ખેંચ્યું. તેમાં તે માહિકા સાથે લેમ્બોર્ગિની ધોતા નજરે પડી રહ્યો છે, આ પછી માહિકાએ હાર્દિકને કિસ કરી.



હાર્દિકે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં શેર કરેલી તસવીરોની આ સિરીઝમાં તેમની રજાઓની પણ પળો સામેલ હતી, જ્યાં હાર્દિક પોતાના દીકરા અગસ્ત્ય સાથે સમય વિતાવતા જોવા મળ્યો. હાર્દિક છેલ્લા ઘણા સમયથી ખૂબ જ પરેશાન રહ્યો છે. તે પર્સનલ અને પ્રોફેશનલ લાઈફ બંનેમાં મુશ્કેલીમાં હતો. એક તરફ પત્ની નતાશાથી તેના ડિવોર્સની વાતોએ ચર્ચા જગાવી હતી. તો બીજી તરફ મુંબઈ ઈન્ડિયન્સમાં આવ્યા પછી તેની સતત આલોચના થઈ રહી હતી. અહી સુધી કે વાનખેડે સ્ટેડિયમમાં તેને હૂટિંગ (તેનો હુરિયો બોલાવ્યો)નો સામનો કરવો પડ્યો હતો. જોકે તેના પછી તરત જ સ્ટાર ઓલરાઉન્ડરે T20 વર્લ્ડ કપની જીતમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપીને બધાનું દિલ ફરીથી જીતી લીધું. આ ઉપરાંત તે પર્સનલ લાઈફમાં પણ હવે ઘણો આગળ વધી ચૂક્યો છે.

હાર્દિક પંડ્યાએ ૧૧ ઓક્ટોબરના રોજ પોતાનો ૩૨મો જન્મદિવસ મનાવ્યો, જે તેણે માલદીવ્સમાં પોતાની ૨૪ વર્ષીય ગર્લફ્રેન્ડ માહિકા શર્મા સાથે ખાસ અંદાજમાં સેલિબ્રેટ કર્યો હતો. માહિકાએ આ અવસરે હાર્દિકની તસવીર શેર કરતાં કેક, તાજના ઇમોજી સાથે જન્મદિવસની શુભેચ્છાઓ આપી. પોતાની સ્ટોરીમાં તેણે 'ડેડીઝ હોમ' સોંગ પણ લગાડ્યું. અન્ય એક પોસ્ટમાં માહિકાએ એક બાથટબની તસવીર શેર કરી, જેમાં 'હેપી બર્થ-ડે' લખ્યું અને સાથે પિંક હાર્ટ ઇમોજી પણ હતું. આ સિવાય તેણે એક સુંદર બીચની તસવીર પણ શેર કરી છે, જેમાં બંને સમુદ્રકિનારે સમય વિતાવતાં નજર આવે છે.

# ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ, જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી

## રાજ્ય સરકાર દ્વારા તા. ૭થી ૧૩ નવેમ્બર સુધી અંબાજીથી એકતાનગર અને ઉમરગામથી એકતાનગર સુધી કુલ ૧,૩૭૮ કિ.મી.ની 'જનજાતિય ગૌરવ રથ યાત્રા'નું વિશેષ આયોજન

**ગાંધીનગર,તા.૦૫**

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે તા.૧ થી ૧૫મી નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન 'જનજાતીય ગૌરવ વર્ષ મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા તા.૭ થી ૧૩ નવેમ્બર સુધી રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં જનજાતિય ગૌરવ રથ યાત્રા કરશે જેમાં રૂટ નં-૧ ઉમરગામથી એકતાનગર સુધી ૬૬૫ કિમી અને રૂટ નં-૨ અંબાજીથી એકતાનગર સુધી ૭૧૩ કિમી એમ કુલ ૧,૩૭૮ કિ.મી.માં આદિજાતિ વિસ્તારને આવરી લઈ 'જનજાતિય ગૌરવ રથ યાત્રા'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રનિર્માણમાં જનજાતિય સમાજના ગૌરવપૂર્ણ યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૨૧માં બિરસા મુંડાના જન્મદિવસ તા. ૧૫મી નવેમ્બરને 'જન જનજાતીય ગૌરવ દિવસ' તરીકે સમગ્ર દેશમાં ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે અન્વયે ચાલુ વર્ષે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ વર્ષ રાજ્યમાં 'જનજાતીય ગૌરવ વર્ષ' તરીકે ખૂબ ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે.

રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઇ પટેલ અને રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડાના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર દ્વારા 'જનજાતીય ગૌરવ રથયાત્રા'નું રાજ્યના ૧૪ જિલ્લાઓના ૮૮ જેટલા ગામોમાં વિવિધ રૂટ વાઇઝ આયોજન કરવામાં આવ્યું છે. આ રથયાત્રાના રૂટ ઉપર તેમજ ખાસ કરીને રાત્રિ રોકાણ દરમિયાન ભગવાન બિરસા મુંડાના જીવન સાથે જોડાયેલી ગાથાઓ તેમજ આદિજાતિ વિકાસ યોજનાઓની માહિતીને નાટક, સભાઓ, સંવાદ, વકતૃત્વ સ્પર્ધાઓ જેવા વિવિધ માધ્યમો દ્વારા નાગરિકો સમક્ષ રજૂ કરવામાં આવશે.

### 'જનજાતીય ગૌરવ રથયાત્રા'

**રૂટ નં. ૧**

**દિવસ-૧ (તા. ૦૭/૧૧/૨૦૨૫)**

રથયાત્રા વલસાડ જિલ્લાના ઉમરગામથી પ્રસ્થાન કરી સંજાણ, ભીલાડ, વાપી, પારડી, નાનાપોંઢા અને ધરમપૂર આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઇ ચૌધરી, ધારાસભ્ય સર્વે શ્રી જીતુભાઈ ચૌધરી, શ્રી અરવિંદભાઇ પટેલ અને શ્રી રમણભાઈ પાટકર સહભાગી થશે.

**દિવસ-૨ (તા. ૦૮/૧૧/૨૦૨૫)**

રથયાત્રા વલસાડના ધરમપુરથી પ્રસ્થાન કરી નવસારીના ખેરગામ, રૂમલા, રાનકુવા, સુરતના અનાવલ, ઉનાઇના ભીનાર અને નવસારીના વાંસદા આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઇ ચૌધરી, ધારાસભ્ય સર્વે શ્રી મોહનભાઇ ઢોડિયા અને શ્રી અરવિંદભાઇ પટેલ સહભાગી થશે.

**દિવસ-૩ (તા. ૦૯/૧૧/૨૦૨૫)**

રથયાત્રા નવસારીના વાંસદાથી પ્રસ્થાન કરી ડાંગના વઘઇ, ઝાવડા, તાપીના ડોલવણ, જેસીંગપુરા અને વ્યારા આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઇ ચૌધરી, ધારાસભ્ય સર્વે શ્રી મોહનભાઇ ઢોડિયા, શ્રી મોહનભાઇ કોંકણી અને શ્રી વિજયભાઇ પટેલ સહભાગી થશે.

**દિવસ-૪ (તા. ૧૦/૧૧/૨૦૨૫)**

રથયાત્રા તાપીના વ્યારાથી પ્રસ્થાન કરી સોનગઢ, ભંડભુજા, ઉચ્છલ, નારણપુર, રૂમકીતળાવ, વેલદા ટાંકી અને નિઝર આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઇ ચૌધરી, ધારાસભ્ય શ્રી કુંવરજીભાઈ હળપતિ, અધ્યક્ષ તાપી શ્રી સુરજભાઈ વસાવા, જિ.પં. પ્રમુખ શ્રી જાલમસિંહ વસાવા સહભાગી થશે.

**દિવસ-૫ (તા. ૧૧/૧૧/૨૦૨૫)**

રથયાત્રા તાપીના કુંકરમુંડાથી પ્રસ્થાન કરી નર્મદાના જાવલી, સાગબારા, ચીકદા, સુરતના ઉમરપાડા, માલધાફાટા, સઠવાવ અને માંડવી આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી મનસુખભાઇ વસાવા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઇ ચૌધરી, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, ધારાસભ્ય સર્વે શ્રી દર્શનાબેન દેશમુખ અને શ્રી કુંવરજીભાઈ હળપતિ સહભાગી થશે.

**દિવસ-૬ (તા. ૧૨/૧૧/૨૦૨૫)**

રથયાત્રા સુરતના માંડવીથી પ્રસ્થાન કરી અરેઠ, તડકેશ્વર, નાની નરોલી, માગરોળની મોસાલી, વાંકલ, ઝંખવાવ, વાડી, વાલીયાની ડેઈલી, વાલીયા, તલોદ્રા અને ઝઘડીયા આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી મનસુખભાઇ વસાવા, મંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલ, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઇ ચૌધરી, ધારાસભ્ય સર્વે શ્રી ગણપતસિંહ વસાવા, શ્રી કુંવરજીભાઈ હળપતિ અને રિતેશભાઈ વસાવા સહભાગી થશે.

**દિવસ-૭ (તા. ૧૩/૧૧/૨૦૨૫)**

રથયાત્રા ભરૂચના નેત્રંગથી પ્રસ્થાન કરી નર્મદાના મોવી, રાજપીપળા અને એકતાનગર-કેવડીયા આવીને પૂર્ણાહૂતિ થશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી મનસુખભાઇ વસાવા, મંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલ, સાંસદ શ્રી પરભુભાઈ વસાવા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઇ ચૌધરી, ધારાસભ્ય સર્વે શ્રી ગણપતસિંહ વસાવા, શ્રી કુંવરજીભાઈ હળપતિ અને રિતેશભાઈ વસાવા સહભાગી થશે.

**રૂટ નં. ૨**

**દિવસ-૧ (તા. ૦૭/૧૧/૨૦૨૫)**

રથયાત્રા બનાસકાંઠા જિલ્લાના અંબાજીથી પ્રસ્થાન કરી પોસીના, ખેરોજ, ખેડબ્રહ્મા આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઇ કટારા, પૂર્વ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ શ્રીમતી રમિલાબેન બારા અને પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઇ ચૌધરી સહભાગી થશે.

**દિવસ-૨ (તા. ૦૮/૧૧/૨૦૨૫)**

રથયાત્રા સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માથી પ્રસ્થાન કરી નાકા, અંદ્રોખા, વિજયનગર, પાલ, ચિઠોડા, અરવલ્લીના ભીલોડા અને શામળાજી આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઇ કટારા, પૂર્વ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ શ્રીમતી રમિલાબેન બારા અને પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઇ ચૌધરી સહભાગી થશે.

**દિવસ-૩ (તા. ૦૯/૧૧/૨૦૨૫)**

રથયાત્રા સાબરકાંઠાના શામળાજીથી પ્રસ્થાન કરીને અરવલ્લીના મેઘરજ, માલપુર, બાબલીયા, ડીડવાસ, કડાણા અને સંત્રામપુર આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઇ કટારા, પૂર્વ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ સર્વે શ્રી જશવંતસિંહ ભાભોર અને શ્રીમતી રમિલાબેન બારા અને પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઇ ચૌધરી સહભાગી થશે.

**દિવસ-૪ (તા. ૧૦/૧૧/૨૦૨૫)**

રથયાત્રા સંત્રામપુરાથી પ્રસ્થાન કરીને સુખસર, ઝાલોદ, દાહોદના કોબોંઇ ધામ, દાહોદ, ગરબાડા, ધાનપુર, લીમખેડા આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઇ કટારા, પૂર્વ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર, ધારાસભ્ય સર્વે શ્રી મહેશભાઇ ભૂરિયા અને શ્રી કનૈયાલાલ કિશોરી તેમજ પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઇ ચૌધરી સહભાગી થશે.

**દિવસ-૫ (તા. ૧૧/૧૧/૨૦૨૫)**

રથયાત્રા દાહોદ જિલ્લાના લીમખેડાથી પ્રસ્થાન કરીને બાડીબાર, મોરા, મોરવાહડપ, સંત્રોળ, ભંમૈયાપૂર્વ, સિમેલ્યા, ઘોઘંબા, પાવાગઢ આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઇ કટારા, પૂર્વ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ સર્વે શ્રી જશવંતસિંહ ભાભોર અને શ્રી, જશુભાઇ રાઠવા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઇ ચૌધરી અને ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથાર સહભાગી થશે.

**દિવસ-૬ (તા. ૧૨/૧૧/૨૦૨૫)**

રથયાત્રા પંચમહાલ જિલ્લાના પાવાગઢથી પ્રસ્થાન કરીને નારૂકોટ, પંચમહાલના જાંબુઘોડા, બોડેલી, જેતપુર પાવી, તેજગઢ, છોટાઉદેપુર આવીને રાત્રિ રોકાણ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઇ કટારા, પૂર્વ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ સર્વે શ્રી જશવંતસિંહ ભાભોર અને શ્રી, જશુભાઇ રાઠવા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઇ ચૌધરી અને ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથાર સહભાગી થશે.

**દિવસ-૭ (તા. ૧૩/૧૧/૨૦૨૫)**

રથયાત્રા ક્વાંટથી પ્રસ્થાન કરીને નસવાડી, એકતાનગર-કેવડીયા આવીને પૂર્ણાહુતિ કરશે. આ રથયાત્રામાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા, મંત્રી શ્રી રમેશભાઇ કટારા, રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામીત, પૂર્વ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર, સાંસદ સર્વે શ્રી મનસુખભાઇ વસાવા, શ્રી જસવંતસિંહ ભાભોર, શ્રી જશુભાઇ રાઠવા, શ્રી ધવલભાઈ પટેલ, શ્રી પરભુભાઈ વસાવા, શ્રીમતી રમિલાબેન બારા, પ્રદેશ અધ્યક્ષ શ્રી અર્જુનભાઇ ચૌધરી, પૂર્વ મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ, દંડક શ્રી વિજયભાઇ પટેલ, તમામ ધારાસભ્યશ્રીઓ, જિલ્લા સંગઠનના અધ્યક્ષશ્રી, પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, જિલ્લા પંચાયતના અધ્યક્ષશ્રીઓ, અને તાલુકા પંચાયતના અધ્યક્ષશ્રીઓ સહભાગી થશે.



**ઉકાઈ ડેમમાંથી તાપી નદીમાં સત પાણી છોડવામાં આવી રહ્યું છે. વરસાદની વિદાય બાદ પણ નવેમ્બર મહિનામાં વિયર કમ કોઝવે છ મીટરની ઉપરથી વધી રહ્યો છે. કોઝવે ઉપરથી પાણી વહેતુ હોવાનું તસ્વીરમાં નજરે પડે છે.**

## અદાણી પોર્ટ્સ અને સેઝનો બીજા ત્રિમાસિકમાં ચોખ્ખો નફો ૨૯ ટકા વધ્યો

### આવક 30% વધીને રુ.૯,૧૬૭ કરોડની થઈ

સુરત, તા.૫

એક સંકલિત પરિવહન ઉપયોગિતા કંપની અદાણી પોર્ટ્સ અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન લિ.(APSEZ) એ તા.૩૦ સપ્ટેમ્બર-૨૦૨૫ના રોજ પૂરા થયેલા બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધ વાર્ષિક સમયગાળાના પરિણામો આજે જાહેર કર્યા છે.

તદનુસાર નાણા વર્ષના બીજા ત્રિમાસિકમાંવાર્ષિક ધોરણે EBITDA ૨૭% વધી રુ.૫,૫૫૦ કરોડ રહ્યો છે. જ્યારે અર્ધ વાર્ષિકગાળામાં વાર્ષિક ધોરણે EBITDA ૨૦% વધીને રુ.૧૧,૦૪૬ કરોડ પહોંચ્યો છે. સ્થાનિક બંદરોએ નાણા વર્ષ-૨૬ના પ્રથમ અર્ધ વાર્ષિક સમયમાં અત્યારસુધીનો સૌથી વધુ EBITDA માર્જિન ૭૪.૨%એ પહોંચાડ્યો છે. સરખા સમય ગાળામાં આંતરરાષ્ટ્રીય બંદરોનું યોગદાન આવક અને EBITDAમાં અનુક્રમે રુ.૨,૦૫૦ કરોડ અને રુ.૪૬૬ કરોડના ઉચ્ચતમ સ્તર પર રહ્યું છે. ટ્રકિંગ અને આંતરરાષ્ટ્રીય ફ્રેઈટ નેટવર્ક સેવાઓમાં વધારાને કારણે નાણાકીય વર્ષ ૨૬ ના સમાન ગાળામાં લોજિસ્ટિક્સની આવક વાર્ષિક ધોરણે ૯૨%થી વધુ વધીને રુ.૨,૨૨૪ કરોડ અને RoCE વધીને ૯% થઈ છે જે નાણાકીય વર્ષ ૨૫ માં ૬% હતી. નાણાકીય વર્ષ ૨૬ ના પ્રથમ છ માસમાં જહાજ સંપાદનને કારણે દરિયાઈ આવક વાર્ષિક ધોરણે ૨૧૩%થી વધુ વધીને રુ.૧,૧૮૨ કરોડ થઈ છે.

## હિન્દૂ, શીખ અને જૈન સહિત વિવિધ ધર્મોનો ત્રિવેણી સંગમ એટલે કાર્તિક પૂર્ણિમા

અત્રે સુરત મુકામે ભાગળ સ્થિત જૂના અંબાજી રોડ ખાતે આવેલ પ્રાચીન શ્રી અંબાજી માતા મંદિરનાં સોલ ટ્રસ્ટી અને ૧૭ માં ગાદીપતિશ્રી મહર્ષિ વિપુલ અંબાજીવાળા(મહંત)એ સર્વે ભક્તજનોને પવિત્ર કાર્તિક પૂર્ણિમા નિમિતે સર્વ ધર્મ સમ ભાવ અને વિવિધતામાં એકતા દાખવીને હિન્દૂ, શીખ અને જૈન સહિત વિવિધ ધર્મોનો ત્રિવેણી સંગમ એટલે કાર્તિક પૂર્ણિમા પર હાર્દિક શુભકામનાસહ જણાવ્યું છે તેમ કાર્તિકપૂર્ણિમા તે એક હિન્દુ, શીખ અને જૈન સાંસ્કૃતિક તહેવાર છે જે કાર્તિક મહિનાના ૧૫મા દિવસે પૂર્ણિમા ઉજવવામાં આવે છે. તે ગ્રેગોરિયન કેલેન્ડરના નવેમ્બર અથવા ડિસેમ્બરમાં આવે છે અને તેને ત્રિપુરારી પૂર્ણિમા અથવા દેવ-દીપાવલી, દેવતાઓના પ્રકાશનો તહેવાર તરીકે પણ ઓળખવામાં આવે છે. કાર્તિક દીપમ એ દક્ષિણ ભારત અને શ્રીલંકામાં અલગ અલગ તારીખે ઉજવવામાં આવતો એક સંબંધિત તહેવાર છે. તે દિવાળીના લગભગ ૧૫ દિવસ પછી આવે છે.

**હિન્દૂ ધર્મ!**

કાર્તિક પૂર્ણિમાની પ્રબોધિની એકાદશી એ કાર્તિક મહિનાના ચાતુર્માસનો અંત છે, જ્યારે ભગવાન વિષ્ણુ શયન કરે છે. પ્રબોધિની એકાદશી ભગવાનના જાગરણનું પ્રતીક છે. ઘણા મેળાઓ પ્રબોધિની એકાદશીથી શરૂ થશે. કાર્તિક પૂર્ણિમા સમાપ્ત થઈ ગઈ હતી, સામાન્ય રીતે કાર્તિક પૂર્ણિમા દરમિયાન મેળો સૌથી મહત્વપૂર્ણ દિવસ હતો. આ દિવસે પંઢરપુરમાં પ્રબોધિની એકાદશી ઉજવણી અને પુષ્કર મેળા સાથે ઉજવવામાં આવશે. કાર્તિક પૂર્ણિમા તુલસી લગ્ન સમારોહનો છેલ્લો દિવસ પણ છે, જે પ્રબોધિની એકાદશીથી જાણી શકાય છે. વધુમાં, તે પણ માને છે કે આ દિવસે, ભગવાન વિષ્ણુ રાજા મહાબલી તમારી સાથે તમારા પ્રવાસને પૂર્ણ કર્યા પછી તમારા નિવાસ સ્થાન પર સ્થિત છે, તે જ એક અને કારણ કે આ દિવસે દેવ-દિવાળી તરીકે જવાનું છે!

**જૈન ધર્મ!**

કાર્તિક પૂર્ણિમા જૈનો માટે એક મહત્વપૂર્ણ ધાર્મિક દિવસ છે, જેઓ પાલીતાણાના જૈન તીર્થસ્થળની મુલાકાત લઈને તેની ઉજવણી કરે છે. કાર્તિક પૂર્ણિમા પર હજારો જૈન યાત્રાળુઓ પાલીતાણા તાલુકાના શત્રુંજય પર્વતોની તળેટીમાં શુભ યાત્રા કરવા માટે જાય છે. શ્રી શત્રુંજય તીર્થ યાત્રા તરીકે પણ ઓળખાતી, આ પગપાળા યાત્રા જૈન ભક્તના જીવનમાં એક મહત્વપૂર્ણ ધાર્મિક ઘટના છે, જે ટેકરીની ટોચ પર આવેલા આદિનાથ મંદિરમાં પૂજા કરવા માટે ૨૧૬ કિલોમીટરના કઠોર પર્વતીય પ્રદેશને પગપાળા કાપીને જાય છે. કાર્તિક પૂર્ણિમાનું જૈન ધર્મમાં ખૂબ મહત્વ છે. જૈનો માને છે કે પ્રથમ તીર્થંકર, આદિનાથ, તેમનો પહેલો ઉપદેશ આપવા માટે ટેકરીઓ પર ગયા હતા, તેમને પવિત્ર કર્યા હતા. જૈન ગ્રંથો અનુસાર, લાખો સાધુઓ અને સાધ્વીઓએ આ ટેકરીઓ પર મોક્ષ પ્રાપ્ત કર્યો છે!

**શીખ ધર્મ!**

જોકે, આજકાલ, કાર્તિક પૂર્ણિમાને પ્રથમ ગુરુ, ગુરુ નાનકના ગુરુ પર્વ અથવા પ્રકાશ પર્વ તરીકે ઉજવવામાં આવે છે. તે ઉજવવામાં આવે છે, છતાં કેટલાક શીખ વિદ્વાનો અનુસાર તે સંપૂર્ણપણે સાચું અને ઐતિહાસિક છે!સમકાલીન શીખ સ્ત્રોતોમાં વૈશાખ (મધ્ય એપ્રિલ) ને ગુરુ નાનકનાં જન્મ મહિના તરીકે ઉલ્લેખ છે. તમે કહ્યું છે કે મહારાજા રણજીત સિંહના સમયે, ભાઈ સંત સિંહની વિનંતી પર, ગુરુ નાનકની જન્મજયંતિનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્તિક મહિનામાં ફેરફાર થયો હતો!અમૃતસરમાં હિન્દુ તીર્થ સ્થળ રામ તીર્થ મંદિરમાં યોજાતા કાર્તિક પૂર્ણિમાના મેળામાં શીખોનો પણ સમાવેશ થાય છે!

ખેર, અંતે પવિત્ર કાર્તિક પૂર્ણિમા નિમિતે સર્વે માઈભક્તોને હાર્દિક શુભેચ્છા!જગતજનનીનાં આશીર્વાદ કાયમ જ સર્વેને ફળે તેવી પ્રાર્થનાસહ મહર્ષિ અંબાજીવાળા મહારાજ (૭૯૯૦૮૧૦૧૨૪)એ યાદીમાં જણાવ્યું છે!જયમાતાજી!

**(મહર્ષિ વિપુલ અંબાજીવાળા - શ્રી અંબાજી માતા મંદિર, ૯/૧૧૩૨,અંબાજી રોડ, સુરત ૭૯૯૦૮૧૦૧૨૪)**

**સુરત**

**પહેલા પાનાનું ચાલુ**

**જીએસટી**

સ્વીકાર્યું છે. ૨૧ ટકા લોકોએ સંપૂર્ણ કાયદો મળી રહ્યાનો દાવો કર્યો છે.

ઈલેકટ્રોનીકસ ચીજવસ્તુઓમાં હાલત અમુક અંશે સારી છે. ૩૩ ટકા ગ્રાહકોએ જીએસટી ઘટાડાનો પૂર્ણ લાભ મળ્યાનું સ્વીકાર્યુ છે. ૩૩ ટકા લોકોએ કિંમતમાં આંશિક ઘટાડો થયાનુ કહ્યુ હતું. ૨૮ ટકા લોકોએ કિંમત નહીં ઘટયાનો બળાપો ઠાલવ્યો હતો.

કાર ખરીદીમાં ૪૭ ટકા ગ્રાહકોએ જીએસટી ઘટાડાનો લાભ મળ્યાનુ કહ્યુ હતું. ૩૪ ટકા લોકોએ આંશિક લાભ મળ્યાનો અને ૧૪ ટકાએ કોઈ ફાયદો ન થયાનો દાવો કર્યો હતો.

વેપારી વર્તુળોએ એમ કહ્યું કે, પેકેજડ ફુડ જેવી અનેક પ્રોડકટમાં કંપનીઓએ ભાવવધારો કરી દીધો હોવાથી ગ્રાહકોને ટેકસ ઘટાડાનો લાભ મળ્યો નથી. આવી કંપનીઓ પર સરકાર કોઈ અંકુશ લગાવી શકી નથી.

**ટ્રમ્પને ઝટકો**

નવેમ્બરના રોજ યોજાયેલી ચૂંટણીના થોડા કલાકો પહેલા જ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ધમકી આપી હતી કે જો લોકો મમદાનીને ન્યુયોર્કના મેયર તરીકે ચૂંટશે, તો તેઓ ન્યુ યોર્કને મળતા ફેડરલ ફંડમાં કાપ મુકશે. તેમણે એમ પણ કહ્યું હતુંકે ન્યુ યોર્ક આર્થીક અનેસામાજિક રીતે બરબાદ થઈ જશે. બિલિયોનેર ઉધ્યોગપતિ ઈલોન મસ્કે પણ ન્યુયોકના લોકોને મમદાની વિરુદ્ધ મતદાન કરવા કહ્યું હતું, પરનું ન્યુયોકના લોકોએ મમદાની પર વિશ્વાસ દાખવ્યો છે અને તમને જંગી મતથી જીતાડ્યા છે.

ઝોહરાન મમદાની તેમના ચૂંટણી પ્રચાર અભિયાન દરમિયાન સતત ન્યુ યોર્કમાં જીવનનિર્વાહનો ખર્ચ ઘટાડવાનું વચન આપતા રહ્યા, જેને કારણે તેઓ ન્યૂ યોર્કવાસીઓમાં લોક પ્રિય બનાયા હતાં.

**અમેરિકામાં**

૭૩૦,૦૦૦ લોકો પગાર વિના કામ કરી રહ્યા છે. આના કારણે આશરે ૧.૪ મિલિયન લોકો પોતાના ઘરનું ગુજરાન ચલાવવા માટે દેવા પર આધાર રાખે છે.

CBO અનુસાર રજા પર ઉતારેલા કર્મચારીઓને દરરોજ આશરે $૪૦૦ મિલિયન (૩,૩૦૦ કરોડ) પગારનું નુકસાન થઈ રહ્યું છે.

CBOના ડિરેક્ટર ફિલિપ સ્વેગેલે જણાવ્યું હતું કે શટડાઉનને કારણે સરકારી ખર્ચમાં વિલંબ થયો છે અને અર્થતંત્ર પર નકારાત્મક અસર પડી છે, તેમણે ઉમેર્યું હતું કે આ અસર કંઈક અંશે ઓછી થશે, પરંતુ સંપૂર્ણપણે નહીં.

યુનાઈટેડ સ્ટેટ્સમાં સરકારી શટડાઉનને કારણે હવાઈ ટ્રાફિક પર ભારે અસર પડી છે. દેશભરના ઘણા એરપોર્ટ પર ફ્લાઈટ્સ મોડી પડી રહી છે અથવા રદ થઈ રહી છે.

પરિવહન વિભાગે ચેતવણી આપી છે કે ૧૧,૦૦૦ એર ટ્રાફિક કંટ્રોલર્સને તેમના પગાર મળ્યા નથી અને જો આ પરિસ્થિતિ ચાલુ રહેશે તો હવાઈ ટ્રાફિકને ગંભીર અસર થશે.

**આવતીકાલે બિહારમાં**

વિધાનસભા ચૂંટણીઓમાં પ્રથમ તબકકાના તા.૬ ગુરુવારે યોજાનારા મતદાન માટે આજે પ્રચારના પડઘા શાંત થઈ ગયા છે.રાજયમાં કુલ ૨૪૩ વિધાનસભા બેઠકમાં આજે પ્રથમ તબકકામાં ૧૮ જીલ્લાની ૧૨૧ બેઠકો માટે મતદાન યોજાશે. જયારે બીજા તબકકા માટે ૧૧ નવે.ના મતદાન થશે. રાજયમાં અત્યંત તિવ્ર અને આક્ષેપભર્યા ચૂંટણી પ્રચારના અંતે ગુરુવારે ૧૨૧ બેઠકો પર એનડીએ મહાગઠબંધન અને જનસુરાજ પાર્ટી સહિતના છે. ૧૩૧૧ ઉમેદવારોના ભાવી સીલ થશે. બન્ને તબકકાના મતદાન બાદ તા.૧૪ નવેમ્બરે મતગણતરી યોજાશે.રાજયમાં પ્રથમ તબકકાની ૧૦૨ સભાની ૧૯ અનુસૂચીત જાતી માટે અનામત બેઠકો માટે મતદાન થનાર છે અને ૩.૭૫ કરોડ મતદારો તેમાં ભાગ લેશે.

**આઠમા વેતન**

(આરબીઆઈને બાદ કરતા)ના સભ્ય સુપ્રીમકોર્ટ અને કેન્દ્રશાસીત પ્રદેશોના હાઈકોર્ટના અધિકારી અને કર્મચારીનો સમાવેશ થાય છે.

**ઈન્ડોનેશિયામાં**

હજારો લોકોના મોત નિપજ્યા હતા.

એજન્સીએ અધિકારીઓને કહ્યું કે, તે ભૂકંપના કેન્દ્ર અને તેના પ્રભાવ પર નજર રાખી રહ્યા છે. સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન એજન્સીઓ પણ પરિસ્થિતિ પર નજર રાખી રહી છે અને કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે તૈયાર છે. અત્યાર સુધી કોઈ જાનહાનિ કે મિલકતના નુકસાનની પુષ્ટિ થઈ નથી.

**છત્તીસગઢમાં**

સિસ્ટમને નુકસાન પહોંચતા સમગ્ર રૂટ પર રેલ ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. અકસ્માતનું કારણ જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે, પ્રાથમિક અહેવાલો સિગ્નલ આપવામાં ભૂલ અથવા અન્ય માનવ ભૂલને કારણે આ સ્કાસ્માત થયો હોઈ શકે.

અકસ્માતમાં બચી ગયેલા એક મુસાફરે એક ન્યુઝ એજન્સીને જણાવ્યું કે અકસ્માત પહેલા તે પોતાનો ફોન સ્ક્રોલ કરી રહ્યો હતો, જ્યારે કેટલાક મુસાફરો વાતો કરી રહ્યા હતાં અને અન્ય લોકો સૂઈ રહ્યા હતા. અને અચાનક બારીઓ તૂટવા લાગી, ધાતુના ટુકડા થઈ ગયા અને કોચમાં બુમાબુમ થઈ ગઈ.

અન્યું એક મુસાફરે જણાવ્યું કે અચાનક એક જોરદાર ઝટકો લાગ્યો અને તે ફ્લોર પર પટકાયો હતો, તેનો ફોન પણ ઊછળીને દુર પડ્યો. ત્યાર બાદ તેણે જોયું એક કોચ માલગાડીના વેગન પર ચડી ગયો છે.

**મહાદેવ ભારતી**

મહાદેવ ભારતી બાપુએ સુસાઈડ નોટમાં જણાવ્યું હતું કે, તેઓ ગિરનારના સાનિધ્યમાં પોતાનું જીવન પૂર્ણ કરવા જઈ રહ્યા છે, જેને પગલે ભવનાથ પોલીસ સ્ટેશન દ્વારા તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પોલીસ અને વન વિભાગ દ્વારા બાપુને શોધવા માટે એક મોટું અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. પોલીસની તમામ ટીમોને જંગલના જુદા જુદા વિસ્તારોમાં વહેંચી દેવામાં આવી હતી

-------------

**સાવરકુંડલામાં**

**પેજ-૨ પાનાનું ચાલુ**

નિમંત્રણ પાઠવવામાં આવેલ. સાંજે ૭:૩૦ કલાકે શરૂ થયેલા આ મહાપ્રસાદમાં અંદાજે ૩૫,૦૦૦ જેટલા ભાવિકોએ ભોજન પ્રસાદ ગ્રહણ કર્યું હતું. શહેરના ઈતિહાસમાં આટલી વિશાળ સંખ્યામાં ભાવિકોએ એક જ પ્રસંગે મહાપ્રસાદ ગ્રહણ કર્યો હોય તેવો આ કદાચ પ્રથમ પ્રસંગ છે, જે ખરેખર નોંધનીય ઘટના છે. ભોજન પ્રસાદની સેવામાં મુરલીધર કેટરર્સના ઘનશ્યામભાઈ લાંબડીયા અને તેમની ટીમે સતત ખડે પગે સેવા આપી હતી.

આ કાર્યક્રમનો મુખ્ય અને સૌથી મહત્વનો પ્રસંગ માતા તુલસીજી અને ઠાકોરજી (શાલિગ્રામ)ના દિવ્ય વિવાહની માંગલિક વિધિ રાત્રે ૮:૦૦ કલાકે સંપન્ન થઈ હતી. ઢોલ અને શરણાઈના સૂર તેમજ લગ્ન ગીતોની રમઝટ સાથે જાનૈયા અને માંડવિયાની ઉપસ્થિતિમાં આ વિધિ પૂર્ણ શ્રદ્ધા અને આસ્થા સાથે સંપન્ન થઈ હતી.

સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સંપન્ન થયો હતો. આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા માટે ગોપી મહિલા મંડળ તેમજ સમસ્ત કેવડા પરા વિસ્તારના ભાવિકો તેમજ અન્ય મંડળોના સ્વયંસેવકો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. અંતમાં, ગોપી મહિલા મંડળ તેમજ શ્રી તાત્કાલિક હનુમાનજી આશ્રમ પરિવારે ભોજન પ્રસાદના દાતા શ્રી મસાપીર બાપુ, સેવા આપનાર તમામ સ્વયંસેવકો, પધારેલ મહેમાનો અને સમગ્ર નગરજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો

**પ્રાકૃતિક ખેતીથી**

**પેજ-૨ પાનાનું ચાલુ**

રાસાયણિક દવાઓને બદલે હાથથી નીંદણ અને મલ્ચિંગનો ઉપયોગ કરવામાં આવે છે. ખેતરમાં સૂકા પાંદડા, મલ્ચ અથવા પાકનાં અવશેષો નાખવાથી ભેજ જાળવી રાખવામાં આવે છે એટલું જ નહીં, પણ નીંદણ પણ નિયંત્રણમાં રહે છે.

જીવાત અને રોગોથી બચવા માટે લીમડાનું અર્ક, ગૌમૂત્ર, દશપર્ણીનો અર્ક અથવા છાશનો છંટકાવ કરીને પ્રાકૃતિક ખેતી કરવામાં આવે છે. આ પગલાં છોડને તાકાત આપે છે અને જંતુઓને દૂર રાખે છે. આમ, રાસાયણિક જંતુનાશકોની જરૂર પડતી નથી.

મરચાનાં છોડની સંભાળ લેતી વખતે, ખેતરમાં વિવિધતા જાળવવામાં આવે તેની પણ કાળજી લેવામાં આવે છે. તેની સાથે કોથમીર, મેથી અથવા તલ જેવાં અન્ય પાકોનું વાવેતર કરવાથી મરચાંની વૃદ્ધિમાં સુધારો થાય છે અને જંતુના નિયંત્રણમાં પણ મદદ મળે છે. કુદરતી ખેતીમાંથી ઉગાડવામાં આવતાં મરચાંની લણણી પણ સમયસર કરવામાં આવે છે. પાકેલાં મરચાંને કાળજીપૂર્વક તોડીને બજારમાં મોકલવામાં આવે છે.

આ રીતે પ્રાકૃતિક ખેતીથી મરચાંની ખેતી ખેડૂતને આર્થિક લાભ તો આપે જ છે સાથે સાથે ગ્રાહકોને આરોગ્યપ્રદ અને સલામત ખોરાક પણ મળે છે. પર્યાવરણીય સંરક્ષણ, જમીનની ફળદ્રુપતા જાળવવા અને ટકાઉ ખેતી માટે પણ પ્રાકૃતિક ખેતી ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

**ચાલો જાણીએ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

**છાશ :** જો વજન ઘટાડવા માટે કેટલાક સ્વાદિષ્ટ અને સ્વસ્થ વિકલ્પોની શોધમાં છો, તો છાશ એ શ્રેષ્ઠ વિકલ્પ છે. છાશને એક શ્રેષ્ઠ પીણાં તરીકે માનવામાં આવે છે, જે પેટની ચરબી ઘટાડે છે. છાશમાં પ્રોબાયોટિક્સ હોય છે, જે પાચનમાં સુધારો કરે છે, વિટામિન બી-૧૨ અને પોષક તત્વોમાં વધારો કરે છે

**જીરાનું પાણી :** જીરામાં થાઈમોસિનોન નામનું તત્વ હોય છે, જે વજન ઘટાડવામાં મદદરૂપ થાય છે. ઉપરાંત, જીરામાં એન્ટીઓક્સિડન્ટ ગુણધર્મ છે, જે પાચન અને ચયાપચયમાં વધારો કરે છે. સારી બાબત એ છે કે, તે બનાવવું પણ સરળ છે. એક ગ્લાસ પાણીમાં એક ચમચી જીરું અથવા જીરા પાઉડર ઉમેરી તેને હલાવીને પીવાનું હોય છે.

**મધ અને લીંબુનું ગરમ પાણી :** જ્યારે પેટની ચરબી ઘટાડવાની વાત આવે ત્યારે લીંબુને ગરમ પાણી સાથે પીવું, એ શ્રેષ્ઠ ઉપાય માનવામાં આવે છે. લીંબુ શરીરને સાફ કરે છે, ચયાપચયમાં વધારો કરે છે અને ચરબીને ઓગાળવામાં મદદરૂપ થાય છે. તેનો સ્વાદ વધારવા માટે, તેમાં થોડું મધ ઉમેરી શકાય છે. મધ વજન ઘટાડવામાં પણ મદદરૂપ બને છે. એક કપ ગરમ પાણીમાં અર્ધી ચમચી મધ અને એક ચમચી લીંબુનો રસ મિક્સ કરીને તેને સવારે પીવાથી વજન નિયંત્રિત રહે છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
બુધવાર, તા.૦૫ નવેમ્બર ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

## કોસંબામાં ટ્રોલી બેગમાંથી મળેલી મહિલાની લાશનો ભેદ ઉકેલાયો

# લિવ ઈન રિલેશનશીપમાં રહેતા પ્રેમીએ યુવતીની હત્યા કરી હતી

### એલસીબી પોલીસે આરોપી રવિ શર્માની ધરપકડ કરી, સીસીટીવીના ફુટેજથી બેગ ખરીદીનું પગેરૂ મેળવી પોલીસે ગુનો ડિટેક્ટ કર્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૫

કોસંબા ખાતે સોમવારે ૨ બાય ૧.૫ ફૂટની સુટકેસમાંથી ૫.૨ ફૂટની મહિલાનો મૃતદેહ મળવા મામલે એલસીબીએ આરોપીની દિલ્હી નજીક ફિરોઝાબાદથી ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું છે. આ દરમિયાન આરોપી બેગ લઈને જતો હોય તેવા સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતા.

આરોપીનું નામ રવિ શર્મા છે, જે મૂળ બિહારના મુઝફ્ફરપુરનો રહેવાસી છે. મૃતક મહિલા સાથે તેને પ્રેમ સંબંધ હતો અને મહિલા ઘણા સમયથી રવિ સાથે રહેતી હતી. પરંતુ, લગ્ન માટે દબાણ કરતાં, રવિએ તેની હત્યા કરી અને મૃતદેહને સૂટકેસમાં ભરીને ફેંકીને ફરાર થઈ ગયો હતો. શરૂઆતમાં લોકોને લાગી રહ્યું હતું કે મહિલા જે પુરુષ સાથે રહે તે તેનો પતિ છે. પરંતુ આખરે જાણવા મળ્યું કે તે તેનો પ્રેમી હતો.



આરોપી મૃતદેહના નિકાલ માટે ઉપયોગમાં લેવાયેલી બેગ ક્યાંથી ખરીદવામાં આવી હતી, તેની તપાસ કરાઈ હતી. હત્યારા રવિએ બેગ ખરીદતી વખતે દુકાનમાં UPI દ્વારા પેમેન્ટ કર્યું હતું, જેના પુરાવાઓ પોલીસને મળ્યા છે.

બેગમાંથી મહિલાનો મૃતદેહ મળ્યા બાદ અજાણી મહિલા હોવાથી તેનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ સુરત સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું. ફોરેન્સિક પોસ્ટ મોર્ટમના પ્રાથમિક રિપોર્ટમાં મહિલાનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી. આ સાથે જ હત્યા સમયે પ્રતિકાર કરવાના કારણે તેના શરીર પર પાંચ થી છ જેટલા ઉઝરડાના નિશાન પણ હતા.

સોમવારની સવારે સુરત જિલ્લાના કોસંબા રેલવે ઓવરબ્રિજ નજીક કટારિયા શોરૂમની સામે પાલિકાએ પાણીની પાઇપલાઇન માટે ખોદેલા ખાડામાંથી વહેલી સવારે મરૂન રંગની ટ્રોલીબેગ મળી હતી. આ ટ્રોલીબેગની ચેઈન ખુલ્લી હોવાથી મહિલાના વાળ દેખાતા હતા, મૃતદેહ હોવાની શંકાના આધારે પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યાર બાદ સુરત જિલ્લા પોલીસ દ્વારા એક મોટી ટીમ બનાવવામાં આવી હતી. જેમાં LCB (લોકલ ક્રાઈમ બ્રાંચ), SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) અને કોસંબા પોલીસ સહિત ૨૫ જેટલા અધિકારી અને કર્મચારીઓ તપાસમાં જોડાયા છે. પોલીસે આસપાસના વિસ્તારોમાં લાગેલા તમામ CCTV ફૂટેજ ચેક કરવાનું શરૂ કર્યું હતું. આ તપાસ દરમિયાન આરોપી રવિ શર્મા તેના ઘરેથી બેગ લઈને જતો હોય એવું CCTVમાં જોવા મળ્યું હતું. આ CCTVને આધાર બનાવી પોલીસ આરોપી સુધી પહોંચી હતી.



આજે કારતક સુદ પૂનમ દેવ દિવાળી સાથે ગુરુનાનક દેવજી સાહેબ જન્મ દિવસની ઉજવણી પણ કરવામાં આવી રહી છે. સુરત શહેરના ભટાર ખાતે ાવેલા ગુરુ દ્વારામાં ગુરુનાનક જયંતિ પ્રસંગે ભવ્ય રોશની કરવામાં આવી છે દરમિયાન આજે સવારે ગુરુગ્રંથ સાહેબની ભવ્ય શોભાયાત્રા પણ નિકળી હતી.

# જમાઈએ કાકા સસરાને બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી બ્લેકમેલ કર્યો

### રૂા.૫ લાખ પડાવી ૧૦ કરોડની માંગણી કરાઈ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૫

અડાજણ વિસ્તારમાં ખાનગી ઓફીસ ધરાવતા એક ઉંમર લાયક વેપારીની ઓફીસમાં પ્રવેશી જઈ ત્યાં કામ કરતી એક યુવતી અને વેપારીનાં ન્યુડ ફોટા વાયરલ કરી સમાજમાં બદનામ કરવાની તેમજ બળાત્કારના કેસમાં વેપારીને ફસાવી દેવાની ધમકી આપી બળજબરીથી રૂ.૫ લાખ કઢાવી લેવાયા હોવાની ફરીયાદ ગઈકાલે અડાજણ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

અડાજણ પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર અડાજણ ભુલકાભવન પાસે આવેલા એક કોમ્પલેક્ષમાં ઓફીસ ધરાવતા વેપારી અને ત્યાં કામ કરતી યુવતીના ન્યુડ ફોટા વાયરલ કરવાની ધમકી આપનાર જય ડાંગર, પ્રશાંત પટેલ, સહિત ત્રણ જણા સામે બળજબરીથી રૂપીયા પડાવી લેવા બાબતે ગુનો નોંધાયો છે.

ફરીયાદ નોંધાવનાર યુવતીએ ફરીયાદમાં જણાવ્યું હતું કે અડાજણ સ્થિત પ્રાઈવેટ ઓફીસમાં પ્રવેશી ગયેલા જય ડાંગર સહિત ત્રણેય બદમાશોએ યુવતીને તેમજ વેપારીને માર મારી તેમના ન્યુડ ફોટા વાયરલ કરી સમાજમાં બદનામ કરવાની ધમકી આપી હતી. વેપારીને માર મારી બળાત્કારના કેસમાં ફસાવનું કહી બળજબરીથી રૂ.૫ લાખ પડાવી લેવાયા હતા.

અત્રે નોંધવું છે કે, પીઆઈ વી.એ. જોગરાણાએ જણાવ્યું હતું કે, ભોગ બનનાર વરજાંગ કાકા વ્યવસાયે બિલ્ડર છે. વરજાંગ કાકાને ત્યાં ફરિયાદી યુવતી નોકરી કરતી હતી. એક દિવસ ફરિયાદી યુવતી વરજાંગ કાકાની ઓફિસે પગાલ લેવા માટે આવી હતી તે વખતના વરજાંગ કાકા અને યુવતીના ફોટા એડીટિંગ કરી તેને બિભત્સ ફોટા તરીકે બનાવીને આરોપી જય ડાંગર અને તેની સાથેના અન્ય બે મિત્રોએ આ ફોટા વાયરલ કરવાની ધમકી આપી વરજાંગ કાકા પાસેથી રૂા.૫ લાખ પડાવ્યા હતા અને ત્યારબાદ વધુ ૧૦ કરોડની માંગણી પણ કરતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. વધુમાં આરોપી જય ડાંગર વરજાંગ કાકાનો સગો ભત્રીજા જમાઈ થાય છે. પીઆઈ જોગરાણાએ જણાવ્યું હતું કે, જય ડાંગર સહિત ત્રણેય આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

# આજે દેવદિવાળીના શુભ દિવસે શિવાલયોમાં ભક્તોનું ઘોડાપુર

### સુરતના મહાદેવ મંદિરોમાં વિશેષ પુજા સહિતનાં કાર્યક્રમો યોજાયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૫

હિન્દુ ધર્મમાં દેવ દિવાળીનું વિશેષ મહત્વ છે. હિન્દુ ધર્મમાં પ્રકાશના મહાપર્વ દિવાળીના બરાબર ૧૫ દિવસ પછી દેવ દિવાળી અથવા 'દેવ દીપાવલી' નો તહેવાર ઉજવવામાં આવે છે. આ દિવસે દેવી-દેવતાઓ પૃથ્વી પર ઉતરીને દિવાળીની ઉજવણી કરે છે તેવી ધાર્મિક માન્યતા છે. દિવાળી પછી, દેવ દિવાળી કારતક મહિનાની પૂર્ણિમાની તારીખે ઉજવવામાં આવે છે. એવું કહેવાય છે કે આ દિવસે ભગવાન શિવે ત્રિપુરાસુર નામના રાક્ષસના આતંકમાંથી દેવતાઓને મુક્ત કર્યા હતા, જેની ખુશીમાં દેવતાઓએ વૈકુંઠ લોકમાં દીવા પ્રગટાવીને ઉજવણી કરી હતી. તેથી જ દર વર્ષે આ તહેવાર દેવ દિવાળી તરીકે ઉજવવામાં આવે છે. આજે દેવ દિવાળીના શુભ દિવસે સુરત શહેરના મહાદેવ મંદિરોમાં ભક્તોની ભીડ ઉમટી પડી હતી. વહેલી સવારથી ભમ ભમ ભોલેનાથના નાદથી મંદિરોના પટાંગણનો ગુંજી ઉઠ્યા હતા. સુરતના કતારગામ વિસ્તારમાં આવેલ કાંતેશ્વર મહાદેવ મંદિર સહિત નાં મહાદેવ મંદિરોમાં દેવ દિવાળીની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે.

આજે કારતક પૂર્ણિમા અને દેવ દિવાળી નિમિત્તે ભટાર ખાતે આવેલા રામ મંદિરથી શ્રી રામજીની શોભા યાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. દર વર્ષે દેવ દિવાળીના દિવસો ભગવાન રામજીની શોભાયાત્રા કાઢવામાં આવે છે. ભજન-કીર્તન સાથે નિકળતી શોભા યાત્રામાં શ્રી રામ મંદિર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ સહિતના હોદ્દેદારો સભ્યો પણ હાજર રહ્યા હતા.

# મગદલ્લાના રૂંઢનાથ મહાદેવ મંદિરને નિશાન બનાવતા તસ્કરો

### દાનપેટીમાંથી રોકડા ચોરી ગયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૫

મગદલ્લા ગામ પાસે આવેલા રૂંઢનાથ મહાદેવ મંદિરમાં મોડી રાત્રિના સમયે મુખ્ય દરવાજાનું તાળુ મશીનથી કાપી નાંખી અંદર પ્રવેશી ગયેલા બે તસ્કરો મંદીરની દાનપેટીમાંથી રૂ.૬૦ હજાર તફડાવી ગયા હતા. સીસીટીવી ફુટેજમાં દેખાયેલા બે તસ્કરો સીસીટીવીના વાયરો પણ કાપી ગયા હતા. મંદીરના પુજારીને આ અંગે જાણ થતા ગઈકાલે રાત્રે ઉમરા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરીયાદ નોંધાવી હતી.

અડાજણ ગામ ખાતે રહેતા ધર્મેશ ભારતી અશોક ભારતી ગૌસ્વામી ઉ.વ.પર મગદલ્લા ગામ રૂઢનાથ મહાદેવ મંદિરના પુજારી છે. મગદલ્લાગામ ખાતે આવેલા આ પ્રસિદ્ધ મંદિરમાં સવાર સાંજ ભક્તોની અવર-જવર રહેતી હોય છે. દરમિયાન મોડી રાત્રિના સમયે બે તસ્કરો મંદીરના મુખ્ય દરવાજાનું તાળુ કાપીને મંદીરમાં પ્રવેશી ગયા હતા. ગણપતિ તેમજ રાધાક્રિષ્નની મુર્તિની સામેની બે દાનપેટીમાંથી તસ્કરો રોકડા રૂ.૬૦ હજાર ચોરી કરી ગયા હતા. ચોરીની ઘટના મંદિરના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. વધુમાં સીસીટીવીના કેબલો પણ તસ્કરોએ કાપી લીધા હતા. આ મામલે ઉમરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# વલસાડમાં ડીઆરઆઈ ટીમના દરોડા, પ્રતિબંધિત કેમીકલનો જથ્થો જપ્ત

### નેઈલ પોલિસ ફેક્ટરીમાંથી ચાર જણાંની ધરપકડ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૫

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)ની ટીમે વલસાડ તાલુકાના પીઠા ગામ ખાતે એક કોમ્પ્લેક્સમાં દરોડા પાડી પ્રતિબંધિત કેમિકલનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કેમિકલનો ઉપયોગ નેઈલપોલિશ બનાવવા માટે થતો હતો. આ મામલે ચાર વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.

બાતમીના આધારે DRIની ટીમે ખેરગામ-વલસાડ રોડ પર આવેલા પીઠા ગામના એક કોમ્પ્લેક્સમાં કાર્યવાહી કરી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે કોમ્પ્લેક્સના પહેલા માળે ત્રણ દુકાનો ભાડે રાખીને તેમાં નેઈલપોલિશમાં વપરાતા પ્રતિબંધિત કેમિકલનું પ્રોસેસિંગ યુનિટ ચલાવવામાં આવતું હતું.

DRIની ટીમે સ્થળ પરથી પ્રતિબંધિત કેમિકલનો જથ્થો કબજે કર્યો છે. આ ફેક્ટરીમાં કામ કરતા ચાર વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. આ દુકાનો નેઈલપોલિશ બનાવવાનું પ્રોસેસ સેન્ટર હોવાનું જણાવીને ભાડે લેવામાં આવી હતી.

વલસાડ રૂરલ પોલીસની મદદથી કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું કે કોમ્પ્લેક્સના સંચાલકે સ્થાનિક પોલીસની મંજૂરી (NOC) લીધા વિના દુકાનો ભાડે આપી હતી. દુકાન ભાડે લેનાર વ્યક્તિના ઓળખ પુરાવા કે અન્ય કાનૂની દસ્તાવેજો પણ લેવામાં આવ્યા ન હતા.

### યુવકનું અપહરણ કરી રૂા.૧.૯૫ લાખની માંગણી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૫

જામનગરનો વતની અને હાલ વરાછા યોગીચોક ખાતે ગોદાવરી પાર્ક સોસાયટીમાં રહેતો સુનિલ નાગજીભાઈ ફુલમારીયા ઉ.વ.૧૯ એસી રીપેરીંગનું કામ કરે છે. સુનિલે દીપ ડોબરીયા નામના યુવક પાસેથી કાર ભાડે લીધી હતી. દરમિયાન કારને અકસ્માત નડતા દીપ ડોબરીયાએ સુનિલ પાસેથી ૨૭ હજાર વસુલી લીધા હતા અને બીજા રૂ.૧.૯૫ લાખની માંગણી કરી હતી. આ રકમ નહીં ચુકવતા દીપ ડોબરીયાએ તેના મળતીયા ગોપાલ ભરવાડ, બાલો પટેલ અને શ્યામ સાથે મળી ગઈકાલે સાંજના સમયે સુનીલનું કારમાં અપહરણ કરી જઈ તેને માર મારી એક વકીલની ઓફીસમાં લઈ ગયા હતા. મોડી સાંજે સરથાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો.

# વેસુની ઓમલાઈન સિટી મોલની લિફ્ટમાં આગ

### રીંગરોડ જીવનદીપ કોમ્પલેક્ષમાં આગ લાગતા ભાગદોડ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૫

વેસુ ખાતે આવેલા ઓમલાઈન સિટી મોલની લિફ્ટમાં આગ લાગતા ભાગદોડ મચી જવા પામી હતી. ફાયર બ્રિગેડની ટીમે ઘટના સ્થળે પહોંચી આગ પુર રીતે કાબુમા લીધી હતી. વેસુ ખાતે રિલાયન્સ ફાઉન્ડેશન સ્કૂલની સામે ઓનલાઈન સિટી મોલ આવેલું છે. આજે સવારે લિફ્ટના કેબલ ટ્રેન્ચમાં શોર્ટ સર્કિટ તેમજ ઓવરહિટિંગના કારણે આગ લાગી હતી. જેથી ત્યાં હાજર લોકોમાં ભાગદોડ મચી હતી. ફાયરને જાણ કરવામાં આવી હતી. જેથી ફાયર ઓફિસર સહિતનો કાફલો ઘટનાસ્થળે ત્યાં દોડી ગયો હતો. જ્યાં ફાયર વિભાગે આગ ઉપર કાબૂ મેળવી લીધો હતો. ગઈ કાલે રાત્રે નવી સિવિલ હોસ્પિટલ ચાર રસ્તા પાસે નિર્મલ હોસ્પિટલ ની બાજુમાં જીવનદીપ કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ પર આવેલી બેન્કિંગ ફોર લિમિટેડ કંપનીમા આગ લાગી હતી જેના કારણે કંપનીના કર્મચારીઓમાં ભાગદોડ મચી હતી. આ કંપનીની બાજુમાં જ હોસ્પિટલ હોય ફાયર વિભાગએ ગંભીરતાથી આ કોલ લઈ મજૂરા, નવસારી ભાર અને માનદરવાજાની ટીમને ઘટના સ્થળે મોકલી હતી ફાયર વિભાગે આગ ઉપર તાત્કાલિક સંપૂર્ણ રીતે કાબુ મેળવી લેતા હાશકારો અનુભવ્યો હતો

# ઈચ્છાપોર પોલીસે ગાંજા સાથે એક મહિલાની ધરપકડ કરી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૫

પોલીસ કમિશનર ધ્વારા સુરત શહેર માંથી નાકોટીક્સની પ્રવુતીને સંપુર્ણ રીતે નાબુદ કરાવવા માટે શહેરમાં ચોરી છુપીથી નાકોટીક્સ ડ્રગ્સ લાવી વેચાણ કરતા ઈસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા ખાસ ઝુંબેશ ચલાવાઈ રહી છે. જે અંતર્ગત ઈચ્છાપોર પોલીસ ઈન્સ્પેક્ટર એ.સી.ગોહીલ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ ઈચ્છાપોર પોલીસ સ્ટેશન વિસ્તારમા ચોરી છુપીથી નાર્કોટીક્સ ડ્રગ્સ લાવી વેચાણ કરતા ઈસમોને પકડવાનુ જણાવેલ હોય જે અનુસંધાને સર્વેલન્સ સ્ટાફના પો.સ.ઈ કે, પી.જાડેજા નાઓએ ઈચ્છાપોર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના માણસોની અલગ-અલગ ટીમો બનાવેલ હોય જેમા અ.પો.કો ચેતનસિંહ ભરતસિંહ બ.નં.૨૬૨૦ તથા અ.પો.કો ચોથાભાઈમાંગાભાઈ બ.નં.૩૫૭૦ નાઓને મળેલ બાતમી હકકીતના આધારે ઈચ્છાપોર ગામ ગાયત્રી નગર સોસાયટીના બીજા માળે ઘર નં.એ/૩/૯૦ માંથી આરોપી પાર્વતીબેન મનોજભાઈ શર્માની દિકરી તથા સતીષ સુરેન્દ્ર શર્માની પત્ની નાઓને માદક પદાર્થ ગાંજો જેનુ વજન-૧.૭૬૨ કી.ગ્રામ કિં.રૂ.૮૮,૧૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૧ કિં.રૂા. ૫૦૦૦/- મળી કુલ્લે રૂા.૯૩,૧૦૦/- ની મત્તા સાથે આરોપીને તેના ઘરેથી પકડી પાડી યુક્તી પ્રયુક્તિથી પુછપરછ કરતા માદક પદાર્થ ગાંજો પપ્પુ જેના પુરા નામ સરનામાં ખબર નથી તે આરોપીને વેચાણ કરવા સારૂ આપી ગયેલ હોય જેથી આરોપી પાર્વતીબેન તે મનોજભાઈ શર્માની દિકરી તથા સતીષ સુરેન્દ્ર શર્માની પત્ની ઉ.વ.૩૪ ધંધો-ઘરકામ રહે,ઘર નં.એ/૩/૯૦, ગાયત્રીનગર સોસાયટી, ઈચ્છાપોર ગામ તા-ચોર્યાસી જી-સુરત મળ રહે, બલીયા ઉતરપ્રદેશ નાઓને પકડી પાડવામાં આવ્યો હતો.



ભરીમાતા રોડ સીંગણપોર ખાતે આવેલા શ્રી ભરીપુરી માતાજીનો આજરોજ દેવ દિવાળીએ સાલગીરી મહોત્સવ ઉજવાયો હતો. ભરી માતા યુવક મંડળ તથા ગ્રામજનો દ્વારા શ્રી ભરીપુરી માતાજીના સાલગીરી ઉત્સવ નિમિત્તે અનેક કાર્યક્રમોના આયોજનો કરવામાં આવ્યા છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત નવેમ્બર - ૨૦૨૫ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

નવેમ્બર -૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ (ઉપલબ્ધિ મુજબ) | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration " મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.